અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 25 સપ્ટેમ્બર 2026 શુક્રવાર | વર્ષ : 18 | તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -14 | અંક : 86 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

શી જિનપિંગ 11 વર્ષે અમેરિકા પહોંચ્યા, ટ્રમ્પ રિસીવ કરવા ગયા: વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનર

4

SIR મુદ્દે ચૂંટણી પંચ સામે વિપક્ષના સવાલો

6

સંપત્તિમાં રૂ.2500 કરોડનો કડાકો છતાં શાહરુખ ભારતનો સૌથી અમીર એક્ટર

7

100% ઈથેનોલ પર ચાલશે ટોયોટા ઈનોવા: ઓક્ટોબરમાં લોન્ચની તૈયારી, ગડકરીએ કહ્યું- ઈથેનોલથી ખેડૂતોને....

NEWS BRIEF

કિશનગઢ એરપોર્ટ પર ટ્રેઈની પ્લેનનું ક્રેશ લેન્ડિંગ:હવામાં ટાયર નીકળી ગયું

3 કલાક સુધી ચક્કર લગાવતું રહ્યું, ઈંધણ ઓછું થતાં રનવે પર ઉતાર્યું

અજમેરના કિશનગઢ એરપોર્ટ પર ગુરુવારે ટ્રેઈની પ્લેનનું ક્રેશ લેન્ડિંગ થયું. ટ્રેનિંગ ઉડાન દરમિયાન હવામાં વિમાનનું એક ટાયર નીકળી ગયું હતું. ત્યારબાદ લગભગ 3 કલાક સુધી વિમાન હવામાં ચક્કર લગાવતું રહ્યું.



કટોકટી જાહેર કરીને NDRF-SDRFની સાથે જ વહીવટીતંત્રને જાણ કરવામાં આવી. વિમાનમાં ઈંધણ ઓછું થાય તેની રાહ જોવામાં આવી અને ત્યારબાદ ક્રેશ લેન્ડિંગ કરાવવામાં આવ્યું. અકસ્માતમાં ટ્રેનર અને ટ્રેની પાઈલટ સંપૂર્ણપણે સુરક્ષિત છે. મળતી માહિતી અનુસાર, ટ્રેની વિમાને 5 કલાકના ફ્લાઈટ ટાઈમ જેટલું ઈંધણ લઈને સવારે 9:30 વાગ્યે ઉડાન ભરી હતી અને બપોરે 2 વાગ્યા સુધી હવામાં ચક્કર લગાવતું રહ્યું. ઈંધણ ઓછું થતાં વિમાનનું ક્રેશ લેન્ડિંગ કરાવવામાં આવ્યું. મળતી માહિતી મુજબ, અવન્યા એવિએશનના વિમાને તાલીમ માટે કિશનગઢ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. લગભગ 1.30 કલાકની તાલીમ ઉડાન બાદ ટ્રેનર અને ટ્રેઈની પાઈલટને વિમાનનું ડાબું ટાયર ન હોવાનું જાણવા મળ્યું. સ્થિતિની માહિતી તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલને આપવામાં આવી. માહિતી મળતાં જ એરપોર્ટ પ્રશાસને સંભવિત કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તૈયારીઓ શરૂ કરી દીધી.

IIT બોમ્બે આત્મહત્યા કેસ, રાહુલ ગાંધીએ માતા-પિતા સાથે વાત કરી

સાહિલે મોત પહેલાં મિત્રને ફોન કર્યો હતો, કહ્યું- મારાથી ભૂલ થઈ ગઈ

રાહુલ ગાંધીએ IIT બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના માતા-પિતા રવીન્દ્ર અને સોનાલી સાથે વીડિયો કોલ પર વાત કરી. તેમણે બંનેને મદદનો ભરોસો આપ્યો. ન્યૂઝ એજન્સી PTIના સૂત્રોએ ગુરુવારે આ માહિતી આપી.

બીજી તરફ, મૃત્યુના થોડા કલાકો પહેલાં સાહિલે ફોન પર પોતાની નજીકની મિત્ર સાથે વાત કરી હતી. મીડિયા અહેવાલો અનુસાર, તેણે થર્મોડાયનેમિક્સનું પેપર ખરાબ ગયું હોવાનું કહ્યું હતું અને કહ્યું હતું- મારી ભૂલ થઈ ગઈ.

ત્યારબાદ સાહિલે મિત્રના ફોનનો જવાબ આપ્યો નહોતો. અહેવાલ અનુસાર, આ વાતચીતમાં તેણે જાતિ સંબંધિત કોઈ ઘટના કે ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો નહોતો. જોકે, સાહિલના માતા-પિતાએ દાવો કર્યો હતો કે તેણે તેમને જાતિસૂચક ગાળો અને ભેદભાવ વિશે જણાવ્યું હતું.

22 વર્ષના સાહિલે 18 સપ્ટેમ્બરે IIT બોમ્બેના પવઈ કેમ્પસ સ્થિત હોસ્ટેલમાં આત્મહત્યા કરી હતી. તે એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં BTech સેકન્ડ યરના વિદ્યાર્થી હતો. આરોપ છે કે પરીક્ષા દરમિયાન તેણે મોબાઈલથી ChatGPTનો ઉપયોગ કર્યો હતો. બુધવારે તેનો CCTV વીડિયો પણ સામે આવ્યો હતો.

આત્મહત્યા કરનાર આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીના માતા-પિતાએ આરોપ લગાવ્યો કે બુધવારની વહેલી સવારે તેમને તેમની ઈચ્છા વિરુદ્ધ ખાનગી કારમાં મુંબઈની બહાર લઈ જવામાં આવ્યા. પરિવારના જણાવ્યા મુજબ, તેમને મુંબઈથી આશરે 555 કિલોમીટર દૂર આવેલા વાશિમ જિલ્લામાં લઈ જવામાં આવ્યા. પરિવારે જણાવ્યું કે તેઓ મુંબઈમાં રહીને આઈઆઈટી બોમ્બેના પવઈ પરિસરની બહાર ભૂખ હડતાળ શરૂ કરવા માગતા હતા.

કેટલાક મુસાફરોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો

યમુના એક્સપ્રેસવે પર દોડતી બસમાં ભીષણ આગ, 9 નાં મોત

આ અકસ્માત યમુના એક્સપ્રેસવે પર જેવર વિસ્તારમાં દયાનતપુર ગામ નજીક થયો હતો : બસ ગ્રેટર નોઈડાથી આગ્રા તરફ જઈ રહી હતી

ગ્રેટર નોઈડા, તા.24

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં જેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસવે પર મોટો અકસ્માત થયો છે. અહીં દોડતી સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ લાગી હતી. બસમાં આશરે ૪૦થી ૫૦ મુસાફરો સવાર હતા. જીવ બચાવવા માટે કેટલાક મુસાફરોએ બસમાંથી કૂદકો માર્યો હતો. આ દુર્ઘટનામાં ૯ લોકોનાં મોત થયા છે. નોઈડા પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે. આ અકસ્માત યમુના એક્સપ્રેસવે પર જેવર વિસ્તારમાં દયાનતપુર ગામ નજીક થયો હતો. બસ ગ્રેટર નોઈડાથી આગ્રા તરફ જઈ રહી હતી. આ દરમિયાન બસમાં અચાનક આગ લાગી હતી. થોડી જ વારમાં આગે આખી બસને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. પ્રારંભિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે આગની જાણ થતાં જ ડ્રાઈવરે બસને રસ્તાની બાજુમાં ઊભી રાખી હતી અને ઘણા મુસાફરો બહાર નીકળી ગયા હતા. પોલીસના પ્રાથમિક અહેવાલમાં પણ મુસાફરોએ

બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હોવાની માહિતી આપવામાં આવી હતી. જોકે, નોઈડા પોલીસ પાસેથી મળેલી તાજી માહિતી અનુસાર આ અગ્નિકાંડમાં ૯ મુસાફરોનાં મોત થયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગ્રેટર નોઈડામાં થયેલા માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. ઝસ્રએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવારની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનો સાથે વાત કરી અને તેમને શક્ય તમામ મદદ ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

બસમાં આગ ઝડપથી ફેલાઈ જતાં કેટલાક મુસાફરો અંદર જ ફસાઈ ગયા હતા અને તેમને બહાર નીકળવાની તક મળી નહોતી. મૃતકોમાં વૃદ્ધ મહિલા અને દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘાયલોને કૈલાશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસ દિલ્હીથી મહોબા જઈ રહી હતી. બસનો નંબર BR 32 PA 8647 હોવાનું જણાવવામાં આવ્યું છે. આ બસ રાજ કલ્પના ટ્રાવેલ્સની હોવાનું કહેવાય છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર બસમાં આગ લાગ્યા બાદ ધુમાડો અને ઊંચી જ્વાળાઓ જોવા મળતાં મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. ડ્રાઈવરે ઝડપથી એક્સપ્રેસવેની બાજુમાં બસ રોકી હતી, ત્યારબાદ કેટલાક મુસાફરોએ કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. બીજી તરફ, કેટલાક લોકોએ બસમાંથી ફટાકડા ફૂટવા જેવા અવાજો સંભળાયા હોવાનો દાવો કર્યો છે. ટોલ કર્મચારીઓના જણાવ્યા અનુસાર ડબલ ડેકર બસ જોતજોતામાં ધૂ-ધૂ કરીને સળગી ઉઠી હતી. એક્સપ્રેસવેની ખાનગી સુરક્ષા ટીમ અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બસમાં આગ લાગવાના કારણે જેવર ટોલ અને ફલૈદા કટ પાસે અડધા કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક રોકી દેવામાં આવ્યો હતો. આગ પર કાબૂ મેળવ્યા બાદ ટ્રાફિક ફરી શરૂ કરવામાં આવ્યો હતો. બસમાં આગ ક્યા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. ચારથી પાંચ ફાયર બ્રિગેડની ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

વળતરની પણ કરાઈ જાહેરાત

નોઈડા બસ અગ્નિકાંડ: PM મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શોક વ્યક્ત કર્યો

રાષ્ટ્રપતિએ લખ્યું કે યમુના એક્સપ્રેસવે પર બસમાં આગ લાગવાથી થયેલા મૃત્યુના સમાચાર અત્યંત પીડાદાયક છે

નોઈડા, તા.24

ગ્રેટર નોઈડામાં યમુના એક્સપ્રેસવે પર બુધવારની મોડી રાત્રે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. યમુના એક્સપ્રેસવે પર દિલ્હીથી મહોબા જઈ રહેલી પ્રાઈવેટ સ્લીપર બસમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ભયાનક દુર્ઘટનામાં નવ મુસાફરો જીવતા બળીને ભડથું થઈ ગયા હતા. જ્યારે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે મોટાભાગના મુસાફરો સૂતા હતા. ધુમાડો અને આગ એટલી ઝડપથી ફેલાઈ કે બસમાં અફરા-તફરી મચી ગઈ હતી. કેટલાકે બારીમાંથી કૂદીને જીવ બચાવ્યો હતો, જ્યારે નવ લોકો અંદર જ ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે. આ દુર્ઘટના પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લખ્યું કે યમુના એક્સપ્રેસવે પર બસમાં આગ લાગવાથી થયેલા મૃત્યુના સમાચાર અત્યંત પીડાદાયક છે. તેમણે શોકસંતપ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દાઝી ગયેલા મુસાફરો જલદી સ્વસ્થ થાય તેવી કામના કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના છે અને ઈજાગ્રસ્તો જલદી સાજા થાય તેવી પ્રાર્થના છે. પીએમએનઆરએફમાંથી મૃતકોના પરિજનોને બે-બે લાખ અને ઘાયલોને પચાસ હજાર રૂપિયા આપવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ સહાયની જાહેરાત કરી છે અને પીડિતોને પૂરતી મદદની અધિકારીઓને સૂચના આપી છે. આ બસ દિલ્હીથી નીકળીને મહોબા જઈ રહી હતી. જેવર એરપોર્ટ પાસે યમુના એક્સપ્રેસવે પર રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે બસમાં આગ ભભૂકી ઉઠી હતી. બસમાં આશરે ૩૦થી ૩૫ મુસાફરો હતા. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની આઠ-દસ ગાડીઓ પહોંચી હતી અને મુસાફરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી અને તમામને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

કોકરોચ પાર્ટીનું અલ્ટીમેટમ- મુખ્ય ચૂંટણી કમિશનર 48 કલાકમાં રાજીનામું આપે

■ નહીં તો દેશભરમાં આંદોલન કરીશું, તેઓ દેશદ્રોહી, SIRમાં 13 કરોડ નામ કાપી નાખ્યાં

નવી દિલ્હી, તા.24

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને 48 કલાકમાં રાજીનામું આપવાનું અલ્ટિમેટમ આપ્યું. પાર્ટીએ કહ્યું કે જો તેમણે રાજીનામું નહીં આપ્યું તો દેશભરમાં આંદોલન કરવામાં આવશે અને ત્યારબાદ દિલ્હીમાં પ્રદર્શન કરવામાં આવશે. CJPના સ્થાપક અભિજીત દીપકેએ દિલ્હીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું- જ્ઞાનેશ કુમાર આ દેશના સૌથી મોટા ગદ્દાર છે. તેમણે SIR દ્વારા દેશમાં 13 કરોડથી વધુ મત ડિલીટ કર્યા છે. લોકો પાસેથી મત આપવાનો અધિકાર છીનવાઈ રહ્યો છે. દીપકેએ કહ્યું- લોકશાહીનો અર્થ એ છે કે જનતા પોતાની સરકાર પસંદ કરે. પરંતુ જ્યારથી જ્ઞાનેશ કુમાર મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા છે, ત્યારથી સરકાર એ નક્કી કરી રહી છે કે કોણ મત આપશે અને કોણ નહીં.

બુધવારે ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ SIRને લઈને છેલ્લા 10 મહિનામાં કમિશનના નિર્ણયો અને આદેશો સામે ઓછામાં ઓછા 14 વખત વાંધો નોંધાવ્યો, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. ગત લોકસભા ચૂંટણીમાં જ્યારે ભાજપ 240 બેઠકો પર સીમિત થઈ ગયો, ત્યારે તેમને લાગ્યું કે દેશનો મૂડ બદલાઈ રહ્યો છે. પ્રાદેશિક પક્ષો ખૂબ મજબૂત બનીને સામે આવ્યા હતા. એક પછી એક કરીને તેમને હરાવવામાં આવ્યા. મમતા બેનર્જીની બેઠક પર 50 હજાર મત ડિલીટ કરવામાં આવે છે.

ગુજરાતથી હરિયાણા સુધી ચૂંટણીનો ઉલ્લેખ, વોટ ચોરીના દાવા સાથે રાહુલ ગાંધીનો PM, ગૃહમંત્રી અને CEC જ્ઞાનેશ કુમાર પર આરોપ

નવી દિલ્હી, તા.24

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કેન્દ્ર સરકાર, ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પંચ પર અત્યંત આકરા પ્રહારો કર્યા હતા. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની નિમણૂક, પંચની કાર્યપ્રણાલી, નિર્ણયો અને મતદાર યાદી સુધારણામાં કરવામાં આવેલી કથિત અનિયમિતતાઓ સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે દેશમાં મતાધિકારને નષ્ટ કરીને કાયદા અને બંધારણીય સંસ્થાઓને ખતમ કરવામાં આવી રહી છે, જે દરેક ભારતીય નાગરિકની લોકતાંત્રિક અભિવ્યક્તિ અને બંધારણીય માળખા પર સીધો હુમલો છે.

રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ શરૂ કરતા પહેલાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ મૂકીને જણાવ્યું કે, 'બંધારણના દુશ્મનોનો પર્દાફાશ થઈ ગયો છે અને હવે ન્યાય ચોક્કસપણે મળશે, હું આ મામલે સાંજે 4 વાગ્યે પ્રેસ કોન્ફરન્સ

સંબોધીશ.'

પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં રાહુલ ગાંધીએ પોતાના રાજકીય અનુભવ અને એન્ટી-ઈન્કમ્બન્સી અંગે વાત કરતા જણાવ્યું કે, 'હું એક રાજકીય પરિવારમાંથી આવું છું અને મેં મારી જિંદગીના 50 વર્ષથી વધુ સમય આ રાજકીય માહોલમાં વિતાવ્યા છે, ભારતમાં એન્ટી-ઈન્કમ્બન્સી એક પાયાનું રાજકીય બળ છે જે કોઈપણ સરકાર સામે બહુ ઝડપથી વિરોધમાં ઊભું થઈ જાય છે અને તેનાથી કોઈ પણ બચી શકતું નથી.' ભૂતકાળના રાજકીય પ્રવાહો યાદ અપાવતા રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાનનો સંદર્ભ આપતા જણાવ્યું કે, 'ઈન્દિરા ગાંધીએ બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ જીત્યું ત્યારે તેઓ પોતાની લોકપ્રિયતાના સર્વોચ્ચ શિખરે હતા, તેમ છતાં માત્ર બેથી ત્રણ વર્ષના ગાળામાં જ તેમને પ્રચંડ સત્તા વિરોધી લહેર અને ભારે રાજકીય દબાણનો સામનો કરવો પડ્યો હતો, જે કોંગ્રેસના અન્ય નેતાઓ તથા પ્રાદેશિક પક્ષો સાથે પણ બનતું રહ્યું છે.' વડાપ્રધાન અને ગૃહમંત્રીનો વીડિયો દર્શાવ્યા બાદ સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'મને એ સમજાતું નથી કે નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભાજપના કિસ્સામાં આવું કેમ નથી થતું, કોઈ વ્યક્તિ કે સરકારની લોકપ્રિયતા સમજી શકાય છે પરંતુ ભાજપના શાસનમાં આ લહેર અચાનક ક્યાં ગાયબ થઈ જાય છે તે સમજવું અશક્ય છે.'

વિવિધ રાજ્યોના ચૂંટણી પરિણામો સામે આંગળી ચીંધતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'હરિયાણામાં છેલ્લા 50 વર્ષથી સતત સત્તા પરિવર્તન થતું રહ્યું હતું ત્યાં અચાનક સત્તા વિરોધી લહેર ખતમ થઈ ગઈ, મહારાષ્ટ્રમાં લહેર ગાયબ થઈ ગઈ, ઉત્તર પ્રદેશમાં ક્યારેક સપા તો ક્યારેક બસપાની સરકાર બનતી હતી ત્યાં પણ આવું જ બન્યું અને મધ્ય પ્રદેશ તથા ગુજરાતમાં પણ આ જ સ્થિતિ ઊભી કરવામાં આવી છે.'

લોકશાહી ન હોવાના દેશોના ઉદાહરણ આપતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'જ્યાં લોકશાહી અસ્તિત્વ ધરાવતી નથી જેમ કે ઈરાક કે ઉત્તર કોરિયા, ત્યાં જ સત્તા વિરોધી લહેર જોવા મળતી નથી અને ભારતમાં પણ હવે આ જ પરિસ્થિતિ પેદા કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.' મતદાનની તાકાતને લોકશાહીનો પાયો ગણાવતાં રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'નાગરિકોનો મત જ બંધારણને શક્તિ પૂરી પાડે છે અને તેના આધારે જ દેશના કાયદા તથા સંસ્થાઓ ચાલે છે, જો તમે વોટને ખતમ કરી દો તો આપણું બંધારણ પણ તબાહ થઈ જશે, તે કામ નહીં કરી શકે અને તેનાથી બનતા કાયદા તથા સંસ્થાઓ પણ બરબાદ થઈ જશે, કારણ કે મારા મતે દેશમાં મતોને વ્યવસ્થિત રીતે નષ્ટ કરવામાં આવ્યા છે.'

'સૂફિયાણી વાતો બંધ કરો': ડિજિટલ એરેસ્ટ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સાયબર પોલીસની ઝાટકણી કાઢી

અમદાવાદ, તા.24

ડિજિટલ અરેસ્ટ જેવા કૌભાંડોમાં સતત વરિષ્ઠ નાગરિકોને લક્ષ્ય બનાવીને આચરવામાં આવતી કરોડો રૂપિયાની છેતરપિંડીના વધતા જતા કિસ્સાઓ સામે ગુજરાત હાઈકોર્ટે ખૂબ જ આકરું વલણ અપનાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્યના પોલીસ તંત્ર અને સાયબર ક્રાઈમ વિભાગની નબળી અને ઢાંકપિછોડા વાળી કામગીરી સામે તીખા પ્રહારો કરતા ભારે ઝાટકણી કાઢી છે. જસ્ટિસ નિખિલ એસ. કેરીયલે આ કેસની સુનાવણી દરમિયાન પોલીસ અધિકારીઓને સંબોધીને અત્યંત ગંભીર અને માર્મિક ટિપ્પણીઓ કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે પોલીસે માત્ર સભા-સમારંભોમાં કે કાગળ પર મોટી મોટી સૂફિયાણી વાતો કરીને સંતોષ માનવાને બદલે જમીની સ્તર પર કામ કરીને બતાવવું પડશે. પોલીસે સૌથી પહેલાં તો એ બાબત સુનિશ્ચિત કરવી પડશે કે ડિજિટલ અરેસ્ટનો ભોગ બનેલા નિર્દોષ સિનિયર સિટીઝનોના ડૂબેલા નાણાં સુરક્ષિત રીતે પરત મળે અને સાયબર અપરાધીઓ સામે એવી ફૂલપ્રૂફ તથા અસરકારક સિસ્ટમ ઊભી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પણ વડીલ આવા મોડસ ઓપરેન્ડીનો શિકાર ન બને.

આ સમગ્ર મામલો ડિજિટલ અરેસ્ટના એક ગુનામાં પકડાયેલા આરોપીની જામીન અરજી પરની સુનાવણી દરમિયાન હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો. અદાલતમાં કાર્યવાહી દરમિયાન જસ્ટિસ નિખિલ એસ. કેરીયલે રાજ્ય સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટના તપાસ અધિકારીઓની અણઘડ અને મનસ્વી કામગીરી પ્રત્યે ગંભીર નારાજગી અને અસંતોષ વ્યક્ત કર્યો હતો. હાઈકોર્ટે પોલીસની માનસિકતા અને કાર્યશૈલી સામે સીધો પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે પોલીસ અધિકારીઓ અવારનવાર એવા બહાના અને દાવા રજૂ કરે છે કે સિનિયર સિટીઝનો ડિજિટલ ટેકનોલોજી વિશે પૂરતી સમજણ કે જાગૃતિ ધરાવતા નથી, પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે ખુદ તપાસ કરનારી સાયબર પોલીસને આ પ્રકારના જટિલ અને ટેકનોલોજીકલ ગુનાઓ ઉકેલવાની કે સમજવાની કેટલી ક્ષમતા અને ઊંડી સમજણ છે તે મોટો પ્રશ્ન છે.

ગુજરાત હાઈકોર્ટે પોલીસની કામગીરીની પોલ ખોલતા આકરા પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. અદાલતે પૂછ્યું હતું કે અત્યાર સુધીમાં ડિજિટલ અરેસ્ટનો ભોગ બનેલા કેટલા પીડિત વડીલોને પોલીસે તેમની હરામની કમાણી કે નિવૃત્તિની બચતના પૈસા પાછા અપાવવામાં સફળતા મેળવી છે? પોલીસ હંમેશા મૂળ ગુનેગારો સુધી પહોંચવામાં નિષ્ફળ કેમ નીવડે છે? અદાલતે ટાંક્યું હતું કે સાયબર પોલીસ માત્ર ભાડે બેંક એકાઉન્ટ આપનારા સાધારણ કમિશનખોરો કે 'મ્યુલ એકાઉન્ટ' ધારકોની અટકાયત કરીને કેસ ઉકેલાઈ ગયાનો ખોટો આભાસ ઊભો કરે છે અને પોતાની પીઠ થાબડે છે, પરંતુ આ સમગ્ર કૌભાંડ આચરનારા મુખ્ય માસ્ટરમાઈન્ડ કે સૂત્રધારો સુધી પહોંચવાની તેમની દાનત કે ક્ષમતા દેખાતી નથી. નાગરિકો આ પ્રકારના ભયાનક સાયબર ફ્રોડનો શિકાર જ ન બને તે માટે પોલીસ દ્વારા અગાઉથી કોઈ કડક કે નક્કર નિવારાત્મક પગલાં કેમ લેવામાં આવતા નથી તે અંગે પણ અદાલતે ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

હાઈકોર્ટમાં વિચારાધીન બનેલા આ ચોક્કસ કેસની ગંભીરતા દર્શાવતા વિગતો સામે આવી હતી કે ફરિયાદી વડીલે ડિજિટલ અરેસ્ટના નામે આચરવામાં આવેલી ઠગાઈમાં પોતાની જિંદગીભરની કમાણીમાંથી રૂ. 60 લાખ જેટલી માતબર રકમ ગુમાવવી પડી છે. આટલી મોટી રકમની છેતરપિંડી થઈ હોવા છતાં અને લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પીડિતને પોતાના નાણાં પરત મળ્યા નથી અને પોલીસ મુખ્ય સૂત્રધારની ધરપકડ કરવામાં તદ્દન નિષ્ફળ સાબિત થઈ છે. અદાલતે તપાસની ગંભીર ક્ષતિઓ ઉજાગર કરતા સવાલ કર્યો હતો કે કેસમાં પકડાયેલા એક સહ-આરોપીના ભાડે અપાયેલા બેંક એકાઉન્ટમાંથી રૂ. 10 લાખની રકમ રિકવર કરવામાં આવી છે અને તે આરોપી પોતે ફરિયાદીને આ રકમ પરત સોંપવા માટે સંમત પણ છે, છતાં પોલીસ કાયદાકીય પ્રક્રિયા પૂરી કરીને પીડિત વડીલને તેમના નાણાં પરત અપાવવામાં કેમ વિલંબ કરી રહી છે?

વધુમાં, તપાસની વિગતોમાં એ પણ સ્પષ્ટપણે બહાર આવ્યું હતું કે આ સમગ્ર કૌભાંડનો મુખ્ય આરોપી મોહંમદ દાનિશ અન્ય સહ-આરોપીઓના બોગસ અને ભાડાના મ્યુલ એકાઉન્ટ્સમાં ડિજિટલ અરેસ્ટથી મેળવેલી રકમ ટ્રાન્સફર કરતો હતો. આ બાબતના ચોક્કસ પુરાવા અને ટેકનિકલ વિગતો હાથમાં હોવા છતાં પણ સાયબર પોલીસ હજુ સુધી મુખ્ય આરોપી મોહંમદ દાનિશના સૂરંગ સુધી કેમ પહોંચી શકી નથી તે બાબત પોલીસની તટસ્થતા અને તપાસ શૈલી સામે અનેક શંકાઓ જન્માવે છે. સુનાવણી દરમિયાન સાયબર ગુનાઓમાં બેંકિંગ સિસ્ટમની મિલીભગત અને બેદરકારી પર પણ ગંભીર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે સાયબર ક્રાઈમના કેસોમાં માત્ર મ્યુલ એકાઉન્ટ ધારકો પાછળ દોડવું અને તેમની તપાસ કરવી એ માત્ર એક આંખમાં આંજવાનું નાટક બનીને રહી ગયું છે.

ઓઢવ રિંગ રોડ પરથી MD ડ્રગ્સ સાથે 48 વર્ષીય શખસ ઝડપાયો, રાજસ્થાનના સાંચોરથી લાવ્યો હતો જથ્થો

અમદાવાદ, તા.24

અમદાવાદ શહેરમાં નશાના કાળા કારોબાર અને ડ્રગ્સની હેરાફેરી સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તાર ગણાતા ઓઢવ વિસ્તારમાં આવેલ સરદાર પટેલ રિંગ રોડ પર અક્ષર પુરુષોત્તમનગર સોસાયટી નજીક પોલીસે એક હાઈપ્રોફાઈલ ઓપરેશન પાર પાડીને ફોર વ્હીલર કારમાં મેફેડ્રોન ડ્રગ્સ (MD) ની ડિલિવરી કરવા આવેલા કઠવાડા વિસ્તારના એક યુવકને રંગેહાથ ઝડપી લીધો હતો. આ દરોડા દરમિયાન પોલીસે આરોપી પાસેથી 10 ગ્રામ 265 મિલીગ્રામ જેટલો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો, ડિલિવરીમાં વપરાયેલી કાર, સ્માર્ટફોન અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા 2.84 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન જ આ કેસમાં આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. આરોપીએ કબૂલાત કરી હતી કે તે પાનમસાલામાં આ ડ્રગ્સ ભેળવીને જાતે નશો કરવા ઉપરાંત છૂટક વેચાણ માટે દાણીલીમડાના પોતાના સાગરીત સાથે ખાસ રાજસ્થાનના સાંચોરથી આ જથ્થો ખરીદીને લાવ્યો હતો. પોલીસે આ મામલે મુખ્ય સપ્લાયર સહિત કુલ ત્રણ શખસો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ સમગ્ર સફળ ઓપરેશનની

વિગત એવી છે કે ઓઢવ પોલીસ સ્ટેશનની ટીમને એક ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે, એક શખસ પોતાની લક્ઝુરિયસ કારમાં મેફેડ્રોન ડ્રગ્સનો મોટો જથ્થો લઈને એસ.પી. રિંગ રોડ પર આવેલી અક્ષર પુરુષોત્તમનગર સોસાયટી નજીક કોઈ ગ્રાહકને ડિલિવરી આપવા માટે આવવાનો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ચોક્કસ વ્યુહરચના ગોઠવીને દર્શાવેલ સ્થળ પર સઘન વોચ ગોઠવી દીધી હતી. જેવી શંકાસ્પદ કાર ત્યાં આવીને ઊભી રહી, કે તુરંત જ પોલીસે તેને ઘેરી લીધી હતી અને કારમાં સવાર 48 વર્ષીય જિતેન્દ્રકુમાર ડગ્ગા નામના શખસની અટકાયત કરી હતી. પોલીસે કાર તેમજ તેની તલાશી લેતા તેની પાસેથી શંકાસ્પદ બ્રાઉન રંગનો પાવડર મળી આવ્યો હતો. એફએસએલ (FSL) ની મદદથી ચકાસણી કરતા આ પાવડર ઘાતક મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું. ગણતરી કરતા આ ડ્રગ્સનું વજન 10 ગ્રામ 265 મિલીગ્રામ નીકળ્યું હતું, જેની બજાર કિંમત અને અન્ય સાધનો મળી પોલીસે 2.84 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ કસ્ટડીમાં આવેલા આરોપી જિતેન્દ્ર ડગ્ગાની કડક પૂછપરછ કરવામાં આવતા તેણે પોતાના આ કાળા કારોબારની આખી મોડસ ઓપરેન્ડી છતી કરી દીધી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે તેને પોતે પણ પાનમસાલા સાથે એમડી ડ્રગ્સ ભેળવીને નશો કરવાની કુટેવ છે અને તે આ કમાણીમાંથી અન્ય લોકોને છૂટકમાં ડ્રગ્સનું વેચાણ પણ કરતો હતો. આ જથ્થો ક્યાંથી લાવ્યો તે અંગે વિગત આપતા તેણે જણાવ્યું હતું કે ગત 22મી સપ્ટેમ્બરના રોજ તે પોતાના દાણીલીમડા વિસ્તારના મિત્ર અને સાગરીત અરબાઝ સાથે પોતાની કાર લઈને ખાસ રાજસ્થાનના સાંચોર પાસે આવેલા ખેરા ગામે ગયો હતો. ત્યાં તેમણે સ્થાનિક ડ્રગ સપ્લાયર મહેન્દ્રસિંહ બન્ના નામના વ્યક્તિનો સંપર્ક કરીને આ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ખરીદ્યો હતો અને અમદાવાદમાં ઊંચા ભાવે વેચવા માટે લાવ્યા હતા. આ ઘટના સામે આવ્યા બાદ અમદાવાદ પોલીસે ડ્રગ્સ નેટવર્કનું મૂળ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઓઢવ પોલીસે આ કૌભાંડમાં પકડાયેલા જિતેન્દ્ર ડગ્ગા, તેને સાથ આપનાર દાણીલીમડાના અરબાઝ અને રાજસ્થાનના મુખ્ય ડ્રગ સપ્લાયર મહેન્દ્રસિંહ બન્ના સામે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબ્સ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

કેમિકલયુક્ત પાણીના મુદ્દે ધોળકામાં સ્થાનિકોનો હલ્લાબોલ: ખેડૂતો અને મહિલાઓ સાથે જિગ્નેશ મેવાણીના પ્રાંત કચેરીમાં ધામા

અમદાવાદ, તા.24

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં દૂષિત પાણીની ગંભીર સમસ્યાને લઈને ખેડૂતો અને સ્થાનિક રહીશોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. નગરપાલિકાના ગંદા પાણી તેમજ આસપાસના વિસ્તારોમાં આવેલી ફેક્ટરીઓ અને કંપનીઓના ઝેરી કેમિકલયુક્ત પાણીની વર્ષો જૂની સમસ્યાથી ત્રસ્ત પાંચથી વધુ ગામોના ખેડૂતોએ આજે 24મી સપ્ટેમ્બરના રોજ ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે ધોળકા બંધનું આહ્વાન કર્યું હતું. દૂષિત અને કેમિકલયુક્ત પાણીને તાત્કાલિક અસરથી બંધ કરાવવાની મજબૂત માંગ સાથે હજારોની સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો એકઠા થઈને રેલી સ્વરૂપે પ્રાંત કચેરીનો ઘેરાવ કરવા પહોંચ્યા હતા. સ્થાનિકોના આ લોકઆંદોલનને સમર્થન આપવા માટે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી પણ રૂબરૂ પહોંચ્યા હતા અને ખેડૂતોની આગેવાની લઈને આંદોલનમાં સક્રિય રીતે જોડાયા હતા. ખેડૂતો અને સ્થાનિક રહીશોએ તંત્ર સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે ભેટાવાડા, અંબારેલી, નેસડા, ત્રાંસદ, પીસાવાડા અને પાલડી સહિતના આસપાસના ગામોના લોકો લાંબા સમયથી આ યાતના ભોગવી રહ્યા છે. આ ગામોના હજારો ખેડૂતો અને ગ્રામજનો ધોળકા APMC ચોકડી ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. છેલ્લા 15 વર્ષથી સતત વહી રહ્યા કેમિકલયુક્ત ઝેરી પાણીના કારણે આ વિસ્તારની 10 હજાર એકરથી પણ વધુ અત્યંત ફળદ્રુપ જમીન સંપૂર્ણપણે બંજર અને નકામી બની ગઈ છે. એક સમય એવો હતો કે જ્યારે આ સમગ્ર વિસ્તાર તેના કૃષિ ઉત્પાદન અને સુગંધિત વાતાવરણને કારણે 'ફૂલોની નગરી' તરીકે ઓળખાતો હતો, પરંતુ આજે આ દૂષિત પાણીના દૂષણને કારણે આ ગામો તદ્દન ઉજ્જડ અને વેરાન બની ગયા છે. આટલું જ નહીં, કેમિકલયુક્ત અને ઝેરી પાણીના ઉપયોગ તેમજ સંપર્કના કારણે સ્થાનિક રહીશોમાં ચામડીના ગંભીર રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે અને અસંખ્ય લોકોને કેન્સર જેવી અસાધ્ય બીમારીઓ થતાં અકાળે મોત નિપજ્યા હોવાના સંગીન આક્ષેપો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે.

APMC ચોકડીથી શરૂ થયેલી ખેડૂતોની આ વિરોધ રેલી શક્તિ પ્રદર્શન સાથે ધોળકા પ્રાંત કચેરી ખાતે પહોંચી હતી. જ્યાં મોટી સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ અને ખેડૂતોની સાથે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી પણ કચેરીના પ્રાંગણમાં જ જમીન પર ધરણા પર બેસી ગયા હતા. કચેરી પરિસરમાં જ એકઠા થયેલા ખેડૂતો અને આગેવાનોએ તંત્રને સ્પષ્ટ અને આકરી ચીમકી આપી છે કે જ્યાં સુધી નગરપાલિકાનું ગંદુ પાણી અને કંપનીઓનું કેમિકલયુક્ત ઝેરી પાણી કાયમી ધોરણે બંધ કરવાનો લેખિતમાં નિર્ણય અને બાહેધરી આપવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ પ્રાંત કચેરીના ગ્રાઉન્ડમાંથી ખસશે નહીં અને અનિશ્ચિત મુદત સુધી અહીં જ ધરણા પર બેસી રહેશે.

ઘાટલોડિયામાં મહિલા બુટલેગરના ઘરમાંથી રૂ.1.73 લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

અમદાવાદ, તા.24

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ગેરકાયદે દારૂના વેચાણ અને સંગ્રહના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે. મોટા લઠ્ઠાકાંડ બાદ દારૂબંધીના કડક અમલ અંગે સરકાર અને પોલીસ તંત્ર દ્વારા નિવેદનો કરવામાં આવે છે અને ગેરકાયદે દારૂના વેચાણ સામે કાર્યવાહી કરવાની વાત કરવામાં આવે છે. જોકે, શહેરના રહેણાંક વિસ્તારોમાં જ દારૂનો જથ્થો મળી આવવાના કિસ્સાઓ સામે આવતા પોલીસની કામગીરી અંગે પણ સવાલો ઊભા થાય છે. આવો જ એક કિસ્સો અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સામે આવ્યો છે, જ્યાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે એક મહિલા બુટલેગરના બંધ મકાનમાં દરોડો પાડીને દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ બુધવારે, 23 સપ્ટેમ્બરે ઘાટલોડિયા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ઘાટલોડિયા ગામમાં રામદેવપીરના મંદિર સામે આવેલા સુર્યા ફ્લેટના ત્રીજા માળે રહેતી મંજુબહેન ચુનારા નામની મહિલા પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણના હેતુથી સંતાડીને રાખે છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ જ્યારે મકાન સુધી પહોંચી ત્યારે મકાનને બહારથી તાળું મારેલુ હતું. આરોપી મહિલા ઘરે હાજર ન હોવાથી પોલીસે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી તાળું તોડીને મકાનની અંદર પ્રવેશ કર્યો હતો.

મકાનની અંદર તપાસ શરૂ કરવામાં આવતા પોલીસને અલગ-અલગ જગ્યાએ ગેરકાયદે દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે એક રૂમમાં તપાસ કરતા પ્લાસ્ટિકની પાંચ ડોલ મળી આવી હતી. આ ડોલોમાં કુલ 124 થેલીઓમાં દેશી દારૂ ભરેલો હતો. પોલીસે આ થેલીઓમાંથી કુલ 62 લીટર દેશી દારૂ હોવાનું શોધી કાઢ્યું હતું. રહેણાંક મકાનમાં આટલી મોટી માત્રામાં દેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ત્યારબાદ પોલીસે મકાનના રસોડામાં પણ તપાસ હાથ ધરી હતી. રસોડામાંથી

ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલો ઉપરાંત બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા કરવામાં આવેલી ગણતરી મુજબ દેશી દારૂ, ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના ટીન સહિત કુલ 576 નંગનો જથ્થો મળી આવ્યો હતો. સમગ્ર જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત આશરે 1,73,680 રૂપિયા હોવાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે આ તમામ મુદ્દામાલ કબજે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

દરોડા દરમિયાન મકાનમાં મહિલા આરોપી મંજુબહેન ચુનારા હાજર મળી આવ્યા નહોતા. જેના કારણે પોલીસ દ્વારા તેમની સામે ગુનો નોંધીને તેમને શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલ મહિલા આરોપી ફરાર હોવાનું જણાવવામાં આવ્યું છે. પોલીસે મકાનમાંથી મળી આવેલા દારૂના જથ્થાનો સ્ત્રોત શું હતો, આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને વેચાણ કરવાનો હતો તે સહિતના મુદ્દે વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર મામલામાં સૌથી મહત્વની બાબત એ છે કે દારૂનો આટલો મોટો જથ્થો શહેરના રહેણાંક વિસ્તારમાં આવેલા એક ફ્લેટના મકાનમાં રાખવામાં આવ્યો હતો. સ્થાનિક રહેણાંક વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદે દારૂનો સંગ્રહ અને વેચાણ થતું હતું કે કેમ તે અંગે પણ હવે તપાસ જરૂરી બની છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હોવાને કારણે સ્થાનિક સ્તરે ગેરકાયદે પ્રવૃત્તિ અંગે પોલીસને અગાઉથી જાણ હતી કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

ઘાટલોડિયા વિસ્તાર અમદાવાદ શહેરનો મહત્વનો રહેણાંક વિસ્તાર છે અને મુખ્યમંત્રીનો મત વિસ્તાર પણ ઘાટલોડિયા છે. આવી જગ્યાએ રહેણાંક ફ્લેટમાંથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાતા આ ઘટનાએ ખાસ ધ્યાન ખેંચ્યું છે. દારૂબંધી ધરાવતા ગુજરાતમાં રહેણાંક મકાનમાંથી દેશી દારૂ તેમજ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવવો પોલીસ માટે પણ ગંભીર બાબત છે. ખાસ કરીને શહેરમાં ગેરકાયદે દારૂના નેટવર્ક સામે સ્થાનિક પોલીસ દ્વારા કેટલી અસરકારક કામગીરી કરવામાં આવે છે તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી બાદ હવે પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે મંજુબહેન ચુનારા એકલા આ ગેરકાયદે ધંધામાં સંકળાયેલા હતા કે તેમની પાછળ કોઈ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે. દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો, સપ્લાયર કોણ હતો અને આ જથ્થો ઘાટલોડિયા તથા આસપાસના વિસ્તારોમાં કોને પહોંચાડવાનો હતો તે અંગેની વિગતો તપાસ દરમિયાન બહાર આવી શકે છે. પોલીસે જપ્ત કરાયેલા દારૂ અને બિયરના જથ્થા અંગે જરૂરી કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગેરકાયદે દારૂની હેરફેર અને વેચાણના કિસ્સાઓ સામે આવતા રહે છે. પોલીસ દ્વારા સમયાંતરે દરોડા અને ડ્રાઈવ હાથ ધરવામાં આવે છે, પરંતુ રહેણાંક વિસ્તારોમાંથી દારૂનો જથ્થો ઝડપાય ત્યારે ગેરકાયદે દારૂના નેટવર્કની પહોંચ અંગે પ્રશ્નો ઉભા થાય છે.

અમદાવાદ ફાયર વિભાગના કાફલામાં 15 આધુનિક ટોયોટા હિલક્સ રેસ્ક્યુ વાહનો સામેલ, હવે અદ્યતન સાધનો સાથે જવાનોની ટીમ તહેનાત રહેશે

અમદાવાદ, તા.24

અમદાવાદ શહેરમાં ગંભીર માર્ગ અકસ્માત, ઈમારતો ધરાશાયી થવા કે પછી અન્ય કોઈ પણ કુદરતી કે માનવસર્જિત આપત્તિની સ્થિતિમાં ફસાયેલા નાગરિકોને તાત્કાલિક બહાર કાઢીને તેમના મૂલ્યવાન જીવ બચાવી શકાય તે અત્યંત મહત્વના હેતુથી અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ (AFES) દ્વારા એક અતિ મહત્વનો અને આધુનિક નિર્ણય લેવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડના કાફલાને વધુ સજ્જ અને ઝડપી બનાવવા માટે અદ્યતન ટોયોટા હિલક્સ પ્લેટફોર્મ પર આધારિત ખાસ સ્પેશિયલ 'ફાયર રેસ્ક્યુ' વાહનો સામેલ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા કુલ 19.74 કરોડના માતબર ખર્ચે આવા 15 અત્યાધુનિક વાહનો ખાસ વસાવવામાં આવ્યા છે. આ વાહનોની મુખ્ય વિશેષતા એ છે કે તેનો ઉપયોગ પરંપરાગત રીતે માત્ર આગ બુઝાવવા માટે નહીં, પરંતુ સંપૂર્ણપણે જટિલ સર્ચ એન્ડ રેસ્ક્યુ (શોધ અને બચાવ) ઓપરેશન પાર પાડવા માટે જ ખાસ તૈયાર કરવામાં આવ્યો છે. શહેરમાં અવારનવાર સાંકડા માર્ગો, ગીચ વિસ્તારો કે ભારે ટ્રાફિક વચ્ચે ફાયર બ્રિગેડના મોટા અને ભારે વાહનોને પહોંચવામાં મોટો વિલંબ થતો હોય છે, તેવા કટોકટીના સંજોગોમાં આ ફોર-વ્હીલ ડ્રાઈવ (4x4) ક્ષમતા ધરાવતા વાહનો હાઈડ્રોલિક કટર, પાવરફુલ વેલ્ડર સહિતના અત્યાધુનિક બચાવ સાધનો સાથે ઘટનાસ્થળે અત્યંત ઝડપથી પહોંચીને નિર્ણાયક 'ગોલ્ડન અવર' દરમિયાન જીવનરક્ષક કામગીરી કરી શકશે.

શહેરમાં જ્યારે હાઈવે પર કે સાંકડા રસ્તાઓ પર ભયાનક અકસ્માતો સર્જાય છે ત્યારે કાર કે બસ જેવા વાહનોમાં મુસાફરો અત્યંત ખરાબ રીતે અને લોખંડના પતરા વચ્ચે ફસાઈ જતા હોય છે. આવા નાજુક સમયે એક પણ મિનિટનો

સમય ગુમાવ્યા વગર ગાડીઓના પતરાં કે લોખંડના ભારે એંગલ કાપવા માટે આ ખાસ રેસ્ક્યુ વાહનોમાં પાવરફુલ હાઈડ્રોલિક કટર, સ્પ્રેડર, પોર્ટેબલ ઈમરજન્સી વેલ્ડિંગ મશીન અને મેટલ કટિંગ ટોર્ચ જેવા આધુનિક સાધનો સુસજ્જ રાખવામાં આવ્યા છે. 4x4 ઓલ-વ્હીલ ડ્રાઈવ ક્ષમતા ધરાવતું હોવાને કારણે આ વાહન ગમે તેવા કાટમાળ, પૂરની સ્થિતિ કે મુશ્કેલ ભૂપ્રદેશમાં પણ અટક્યા વગર અત્યંત સરળતાથી નેવિગેટ થઈને આગળ વધી શકે છે. રાત્રિના સમયે કે ધુમાડાથી ભરેલા વાતાવરણમાં બચાવ કામગીરી અટકે નહીં તે માટે વાહનની છત પર ખાસ રિમોટ સંચાલિત ટેલિસ્કોપિક લાઈટિંગ માસ્ટ અને હાઈ-બીમ એલઈડી ફ્લડલાઈટ્સ લગાડવામાં આવી છે, જે ચોતરફ તીવ્ર પ્રકાશ પાથરીને સર્ચ ઓપરેશનને સરળ બનાવે છે. આ ઉપરાંત વાહનના પાછળના ભાગે ખાસ કસ્ટમાઈઝ્ડ બોડી કમ્પાર્ટમેન્ટ બનાવવામાં આવ્યું છે, જેમાં રોપ રેસ્ક્યુ કીટ, લાઈફ-સેવિંગ જેકેટ્સ અને ફર્સ્ટ એઈડ બોક્સ સુરક્ષિત રાખવા માટે વ્યવસ્થિત કેબિન તૈયાર કરાઈ છે. આ વાહનો મુખ્યત્વે રોડ એક્સિડન્ટ રેસ્ક્યુ, બિલ્ડિંગ કોલેપ્સ, લિફ્ટ રેસ્ક્યુ અને કોઈ પણ આપત્તિના સમયે પ્રથમ રિસ્પોન્ડર તરીકે કામ કરશે.

બીજી તરફ, અમદાવાદ ફાયર વિભાગે જળ હોનારત, ભારે વરસાદ કે પૂર જેવી કટોકટીની સ્થિતિમાં પોતાની રાહત અને બચાવ કામગીરીને વધુ મજબૂત અને વેગવંતી બનાવવા માટે 3.40 કરોડના ખર્ચે 10 નવી અદ્યતન રેસ્ક્યુ બોટ પણ પોતાના કાફલામાં ઉમેરી છે. ચોમાસાની ઋતુમાં સાબરમતી નદીમાં પૂરની સ્થિતિ, શહેરના વિવિધ તળાવો કે નીચાણવાળા જળબંબાકાર વિસ્તારોમાં ફસાયેલા નાગરિકોને ઝડપથી અને સલામત રીતે બહાર કાઢવા માટે આ આધુનિક બોટ અત્યંત આશીર્વાદરૂપ સાબિત થશે. અદ્યતન આઉટબોર્ડ મોટર (OBM) ટેકનોલોજી ધરાવતી આ બોટ પાણીના અત્યંત તેજ અને ભયાનક પ્રવાહમાં પણ પોતાની સ્થિરતા જાળવી રાખીને ઝડપી સર્ચ અને રેસ્ક્યુ કામગીરી કરવા માટે સક્ષમ છે. આ તમામ બોટમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા લાઈફ જેકેટ, લાઈફ બોયા અને મજબૂત રેસ્ક્યુ રોપ જેવી તમામ જરૂરી સુરક્ષા કીટ હંમેશા ઉપલબ્ધ રહેશે. આ અદ્યતન સાધનો અને વાહનોના ઉમેરાથી ફાયર બ્રિગેડના ઈમરજન્સી રિસ્પોન્સ ટાઈમમાં મોટો ઘટાડો થશે અને આપત્તિ સમયે વધુમાં વધુ લોકોના જીવ બચાવી શકાશે.

ગાંધીનગરથી અમદાવાદ ડિલિવરી વાનથી દારૂની હેરાફેરી પકડાઈ, ડ્રાઈવરને એક ટ્રીપના 10 હજાર રૂપિયા મળતા

અમદાવાદ, તા.24

અમદાવાદ શહેરમાં દારૂબંધીના અમલ વચ્ચે અસામાજિક તત્વો અને બુટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે નવી નવી મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી રહી છે. શહેરમાં હવે પાર્સલ અને કુરિયર સર્વિસમાં વપરાતી ડિલિવરી વાનની આડમાં વિદેશી દારૂનો કાળો કારોબાર ચાલતો હોવાની એક ચોંકાવનારી અને આશ્ચર્યજનક ઘટના પ્રકાશમાં આવી છે. સોલા પોલીસ સ્ટેશનની ટીમે ગુપ્ત અને ચોક્કસ બાતમીના આધારે એસ.જી. હાઈવે પર આવેલા ગોતા બ્રિજ પાસે ઘેરાબંધી કરીને વોચ ગોઠવી હતી. આ દરમિયાન ગાંધીનગર તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક શંકાસ્પદ ડિલિવરી વાનને અટકાવીને તેની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. વાનની અંદર તપાસ કરતા પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા, કારણ કે ડિલિવરીના સામાનની જગ્યાએ અંદરથી અસંખ્ય પેટીઓમાં ભરેલો વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી જ વાહનના ડ્રાઈવરની અટકાયત કરી લીધી હતી અને આ દારૂનો જથ્થો મોકલનાર તથા અમદાવાદમાં

તેને સ્વીકારનાર મુખ્ય સૂત્રધારોને પકડી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન તપાસ અને ગણતરી દરમિયાન ડિલિવરી વાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 2,244 બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે 10.35 લાખ થાય છે. સોલા પોલીસે દારૂના આ જંગી જથ્થા સાથે હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ડિલિવરી વાન પણ કબ્જે કરીને કુલ 15 લાખનો માતબર મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થળ પરથી ઝડપાયેલા વાહન ચાલકની ઓળખ બ્રજવીરસિંઘ જાટ તરીકે થઈ છે. કડક પૂછપરછ દરમિયાન ડ્રાઈવરે સ્વીકાર્યું હતું કે તેણે આ વિદેશી દારૂનો જથ્થો ગાંધીનગર બોર્ડર નજીકથી પોતાના વાહનમાં ભર્યો હતો અને તેને અમદાવાદના પાલડી-અંજલિ ચાર રસ્તા સુધી પહોંચાડવાનો હતો.

પોલીસની પ્રાથમિક તપાસ અને પૂછપરછમાં ડ્રાઈવર બ્રજવીરસિંઘે અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેણે જણાવ્યું હતું કે અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા રાજા ઉર્ફે કાલુ નામના એક જાણીતા શખ્સે ગાંધીનગરની સરહદમાંથી આ વાહનમાં દારૂનો જથ્થો ભરાવી આપ્યો હતો. યોજના મુજબ અંજલિ ચાર રસ્તા નજીક પહોંચ્યા બાદ રાજા ઉર્ફે કાલુ દ્વારા મોકલવામાં આવેલી અન્ય એક વ્યક્તિ આ દારૂ ભરેલું વાહન મેળવીને રિસીવ કરવાની હતી.

વધુ તપાસમાં એ વિગત પણ સામે આવી છે કે પકડાયેલો ડ્રાઈવર માત્ર પૈસાની લાલચમાં આ ગેરકાયદેસર કાળો કારોબાર કરી રહ્યો હતો. તેને એક જ ટ્રીપ અથવા ખેપ મારવાના બદલામાં બુટલેગર તરફથી 10,000 રોકડા મળતા હતા. આ જ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને તેણે અગાઉ પણ દારૂની 2 થી 3 સફળ ખેપ મારી હોવાની કબૂલાત કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ઈસ્લામાબાદમાં ઈમરાન સમર્થકોની કૂચ રોકવા માટે 2,000 કન્ટેનર મૂકાયા: હાઈવે બંધ, રસ્તો ખોલવા બુલડોઝર-ક્રેન લઈને પહોંચશે PTI કાર્યકર્તાઓ

ઈસ્લામાબાદ, તા.24

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન લગભગ 3 વર્ષથી જેલમાં બંધ છે. તેમની મુક્તિ માટે PTIએ 27 સપ્ટેમ્બરે દેશભરમાં માર્ચનું એલાન કર્યું છે.

આ પહેલાં ઈસ્લામાબાદમાં વહીવટીતંત્રે કડકાઈ વધારી દીધી છે. હાઈવે બંધ કરવામાં આવી રહ્યા છે. લગભગ 2 હજાર કન્ટેનરો રસ્તાઓ પર મૂકવામાં આવ્યા છે. પંજાબ અને સિંધમાંથી 20 હજારથી વધુ પોલીસકર્મીઓને બોલાવવામાં આવ્યા છે. સરકારે રેલીઓ, સરઘસો અને જાહેર સભાઓ પર 2 મહિના માટે પ્રતિબંધ મૂકી દીધો છે.

બીજી તરફ PTIએ પણ રસ્તામાં મૂકવામાં આવનારા કન્ટેનરોને હટાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના કાર્યકરો અને સમર્થકો બુલડોઝર અને ક્રેન જેવા ભારે વાહનો એકત્ર કરી રહ્યા છે. તેમને ઈસ્લામાબાદ લઈ જવાની તૈયારી છે.

ઈસ્લામાબાદમાં કલમ 144 લાગુ કરવામાં આવી છે. તેના હેઠળ 5 કે તેથી વધુ લોકોના એક જગ્યાએ એકઠા થવા પર પ્રતિબંધ છે. રેલી, સરઘસ અને પ્રદર્શન પણ યોજી શકાશે નહીં.

શહેરના અનેક વિસ્તારોમાં કન્ટેનરોને વેલ્ડિંગ કરીને જોડવામાં આવ્યા છે. કેટલાક કન્ટેનરોની બહાર લોખંડના ખીલા પણ લગાવવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઈસ્લામાબાદ-પેશાવર મોટરવે, ઈસ્લામાબાદ-ડેરા ઈસ્માઈલ ખાન મોટરવે અને ગ્રાન્ડ ટ્રંક રોડને અનેક સ્થળોએ બંધ કરવામાં આવશે.

રાવલપિંડી અને અટકના કેટલાક વિસ્તારોમાં 27 સપ્ટેમ્બરે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાની માંગ પણ કરવામાં આવી છે.

ગૃહમંત્રી મોહસિન નકવીએ PTIના નેતાઓને માર્ચ અંગે ફરીથી વિચારવા કહ્યું છે. તેમણે કહ્યું છે કે સરકાર ઈસ્લામાબાદ તરફ યોજાનારા માર્ચને દરેક સંભવિત રીતે રોકશે.

તેમણે પ્રદર્શન દરમિયાન કોઈનું મૃત્યુ થાય તો આયોજકોને જવાબદાર ઠેરવવાની ચેતવણી પણ આપી છે. જોકે, PTIએ પોતાનો કાર્યક્રમ રદ કર્યો નથી.

પાર્ટીનું કહેવું છે કે ઈમરાન ખાનની મુક્તિ માટે માર્ચ કાઢવામાં આવશે. PTI નેતાઓ તેને 2024ના પ્રદર્શન કરતાં મોટું બનાવવાની તૈયારીમાં છે.

ઈસ્લામાબાદ હાઈકોર્ટે 14 સપ્ટેમ્બરે PTIના માર્ચ સાથે

જોડાયેલા કેસમાં મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે કોઈ રાજકીય પક્ષ કે નેતા જાહેર રસ્તા, હાઈવે, ઈન્ટરચેન્જ, ટોલ પ્લાઝા અથવા સરકારી ઈમારત પર કબજો કરી શકે નહીં.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે પ્રાંતીય સરકારો પ્રદર્શન માટે સરકારી તંત્રનો ઉપયોગ ન થવા દે. એટલે કે માર્ચ દરમિયાન સરકારી સંસાધનોના ઉપયોગ પર પણ રોક લગાવવામાં આવી છે.

ઈસ્લામાબાદ હાઈકોર્ટે 14 સપ્ટેમ્બરે કહ્યું હતું કે પ્રદર્શન દરમિયાન કોઈ રાજકીય પક્ષ, નેતા, પ્રાંતીય સરકાર અથવા સરકારી અધિકારી જાહેર રસ્તાઓ, હાઈવે, ઈન્ટરચેન્જ, ટોલ પ્લાઝા અથવા સરકારી ઈમારતો પર કબજો કરી શકે નહીં.

પાકિસ્તાનમાં રાજકીય પ્રદર્શનો દરમિયાન કન્ટેનરો મૂકવાનો ઈતિહાસ લગભગ 30 વર્ષ જૂનો છે. 1996માં બેનઝીર ભુટ્ટો સરકારે જમાત-એ-ઈસ્લામીના નેતા કાઝી હુસૈન અહમદને ઈસ્લામાબાદ પહોંચતા રોકવા માટે કન્ટેનરો મૂક્યા હતા.

2014માં ઈમરાન ખાનના ધરણા દરમિયાન આ જ કન્ટેનરો પ્રદર્શનનું મંચ બની ગયા. ઈમરાન અને તેમના સમર્થકો કેટલાંક અઠવાડિયાં સુધી એક કન્ટેનર પરથી ભાષણ આપતા રહ્યા. ત્યાર બાદ પાકિસ્તાનની રાજનીતિમાં 'કન્ટેનર પોલિટિક્સ' શબ્દ પ્રચલિત થયો.

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં 23 નવેમ્બર 2024ના રોજ ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સમર્થકોની પ્રસ્તાવિત રેલી પહેલાં કર્મચારીઓ રસ્તો બંધ કરવા માટે શિપિંગ કન્ટેનર મૂકી રહ્યા છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં 23 નવેમ્બર 2024ના રોજ ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સમર્થકોની પ્રસ્તાવિત રેલી પહેલાં કર્મચારીઓ રસ્તો બંધ કરવા માટે શિપિંગ કન્ટેનર મૂકી રહ્યા છે.

73 વર્ષીય ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે. તોશાખાના કેસમાં 3 વર્ષની સજા મળ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પર સાયફર, અલ-કાદિર ટ્રસ્ટ અને ઈદ્દત નિકાહ સહિતના અનેક કેસ નોંધાયા હતા.

પછી સાયફર અને ઈદ્દત નિકાહ કેસોમાં તેમને અદાલતમાંથી રાહત મળી હતી. તોશાખાના કેસમાં પણ તેમની એક સજા પર રોક લગાવવામાં આવી હતી. તેમ છતાં અન્ય કેસોના કારણે તેઓ હજુ જેલમાં છે.

ઈમરાન ખાન અને તેમની પાર્ટી PTIનું કહેવું છે કે 2022માં વડાપ્રધાન પદ પરથી હટ્યા બાદ તેમની વિરુદ્ધ રાજકીય કારણોસર કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તેમનો આરોપ છે કે તેમને રાજકારણ અને ચૂંટણીથી દૂર રાખવા માટે આવું કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, પાકિસ્તાન સરકાર અને તપાસ એજન્સીઓ આ આરોપોને નકારી કાઢે છે. તેમનું કહેવું છે કે આ કેસો કાનૂની પ્રક્રિયા હેઠળ ચાલી રહ્યા છે.

અમદાવાદ મંડળ ખાતે રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠક યોજાઈ

■ ઈ-પત્રિકા 'આશ્રમ સૌરભ'ના 56મા અંકનું વિમોચન

અમદાવાદ, તા.24

પશ્ચિમ રેલવેના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે તા. 24.09.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં 'મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિ'ની ત્રિમાસિક બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે મંડળની ઈ-પત્રિકા *'આશ્રમ સૌરભ'ના 56મા અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

હિન્દી સાહિત્યકાર દિનકરની જન્મજયંતિ તથા પ્રશ્ન-મંચનું આયોજન

બેઠક પૂર્વે મહાન હિન્દી સાહિત્યકાર શ્રી રામધારી સિંહ દિનકરની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. રાજભાષા વિભાગ દ્વારા તેમના જીવનવૃત્તાંત અને સાહિત્ય પર રસપ્રદ પ્રસ્તુતિ આપવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત 'હિન્દી પ્રશ્ન-મંચ'માં રેલ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

હિન્દીમાં નવીનતાને પ્રોત્સાહન આપવા પર ભાર

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અપીલ કરી હતી કે

તેઓ પોતાનું વધુમાં વધુ કાર્ય રાજભાષા હિન્દીમાં કરવાનું સુનિશ્ચિત કરે અને સાથે સાથે હિન્દીમાં નવીનતાને પણ પ્રોત્સાહન આપે, જેથી સામાન્ય જનતાને રેલ સેવાઓની સરળ અને સુગમ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. તેમણે દિનકરના સાહિત્યિક યોગદાન પર પણ પ્રકાશ પાડ્યો હતો.

અમદાવાદ મંડળમાં કર્મચારીઓ માટે રાજભાષા હિન્દીમાં મંડળ સ્તરની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે, જેના દ્વારા રાજભાષાના પ્રચાર-પ્રસારને વેગ મળશે. તેમણે જણાવ્યું હતું કે, "રાજભાષા માત્ર પત્રવ્યવહારની ભાષા નથી, પરંતુ સંવાદને જીવંત અને પારદર્શક બનાવવાનું એક સશક્ત માધ્યમ છે. જ્યારે આપણે દૈનિક કાર્યોમાં સામાન્ય બોલચાલની સરળ હિન્દીનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે તેનાથી માત્ર કાર્યોના નિષ્પાદનમાં ઝડપ જ આવતી નથી, પરંતુ સામાન્ય જનતા અને રેલ મુસાફરો સાથે આપણું જોડાણ પણ વધુ મજબૂત બને છે. આપણે તેને માત્ર એક ઔપચારિક જવાબદારી તરીકે નહીં, પરંતુ આપણી સહજ કાર્યશૈલીના અભિન્ન અંગ તરીકે અપનાવવું જોઈએ."

બેઠકમાં અપર મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી વિકાસ ગઢવાલ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા સહિત મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં 10 ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી: કહ્યું- ડ્રોન હુમલાઓનો જવાબ આપ્યો

કાબુલ/ઈસ્લામાબાદ, તા.24

પાકિસ્તાને ગુરુવારે અફઘાનિસ્તાનમાં 10 ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરાડે કહ્યું કે આ હુમલા અફઘાનિસ્તાન તરફથી એક દિવસ પહેલાં કરવામાં આવેલા ડ્રોન હુમલાના જવાબમાં કરવામાં આવ્યા છે.

તરાડના જણાવ્યા અનુસાર, આ 10 સ્થળોનો ઉપયોગ ડ્રોન લોન્ચ કરવા અને તેમને રાખવા માટે કરવામાં આવતો હતો. તેમણે કહ્યું કે આ ઠેકાણાઓની ઓળખ કરવામાં આવી હતી અને ચોકસાઈપૂર્વક હુમલાઓને અંજામ આપવામાં આવ્યો.

અફઘાનિસ્તાને આ તાજેતરના હુમલાઓ પર તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નથી.

પાકિસ્તાને બુધવારે દાવો કર્યો કે તેના સુરક્ષા દળોએ 8 ડ્રોન તોડી પાડ્યાં છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ડ્રોન અફઘાન તાલિબાને મોકલ્યાં હતાં અને કોહાટ તથા તોરખમમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં.

તમામ ડ્રોન સરહદ નજીક જ તોડી પાડવામાં આવ્યાં હતાં. પાકિસ્તાનના જણાવ્યા મુજબ, તેનાથી કોઈ નુકસાન થયું નથી.

બીજી તરફ અફઘાનિસ્તાને આ હુમલાઓનો ઈનકાર કર્યો હતો. અફઘાન તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે બુધવારે કહ્યું હતું કે અમારા સુરક્ષા દળોએ કોઈ હુમલો કર્યો નથી.

પાકિસ્તાની અધિકારીઓના

જણાવ્યા અનુસાર, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના આતંકીઓએ પક્તિયા અને નંગરહારથી પાકિસ્તાનમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પાકિસ્તાની સુરક્ષા દળોએ તેને નિષ્ફળ બનાવી દીધો.

ત્યારબાદ અફઘાન તાલિબાન દળોએ પાકિસ્તાની સરહદી ચોકીઓ પર મોર્ટાર અને ભારે હથિયારોથી ગોળીબાર કર્યો. જવાબમાં પાકિસ્તાને તાલિબાનની ચોકીઓ અને મોર્ટાર ઠેકાણાઓ પર તોપોથી હુમલો કર્યો.

પાકિસ્તાન TTPને 'ફિતના-ઉલ-ખ્વારિજ' કહે છે. TTP અને અફઘાન તાલિબાન અલગ-અલગ સંગઠનો છે. જોકે, બંને વચ્ચે ગઠબંધન હોવાનું કહેવાય છે.

2001માં અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યા બાદ પાકિસ્તાને અમેરિકાનો સાથ આપ્યો. તેનાથી TTP નારાજ થઈ ગયું, તે આને ઈસ્લામ વિરુદ્ધ માનતું હતું.

TTPનું માનવું છે કે પાકિસ્તાન સરકાર સાચા ઈસ્લામને માનતી નથી, તેથી તે તેની વિરુદ્ધ હુમલા કરે છે.

TTPનો અફઘાન તાલિબાન સાથે ગાઢ સંબંધ છે. બંને જૂથો એકબીજાને સમર્થન આપે છે.

2021માં અફઘાન તાલિબાન સત્તામાં આવ્યા બાદ પાકિસ્તાને TTPને નિશાન બનાવીને અફઘાનિસ્તાનમાં હુમલા કર્યા.

સોમવારે પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનના માહિતી મંત્રાલયે દાવો કર્યો હતો કે તેમાં 28 આતંકવાદીઓ માર્યા ગયા.

દરમિયાન, અફઘાન અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલામાં ઓછામાં ઓછા 3 નાગરિકોના મોત થયા અને 4 લોકો ઘાયલ થયા.

શી જિનપિંગ 11 વર્ષે અમેરિકા પહોંચ્યા, ટ્રમ્પ રિસીવ કરવા ગયા: વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનર

વોશિંગ્ટન, તા.24

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ગુરુવારે અમેરિકા પહોંચી ગયા છે. તેઓ 11 વર્ષ બાદ ત્યાં ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પ્રોટોકોલ તોડીને પોતે જૉઈન્ટ બેઝ એન્ડ્ર્યૂઝ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું.

ટ્રમ્પ સાથે ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ પણ હાજર હતાં. જ્યારે, શી સાથે તેમની પત્ની પેંગ લિયુઆન પણ હાજર રહ્યાં.

કોઈ વિદેશી નેતાના સ્વાગત માટે અમેરિકી રાષ્ટ્રપતિનું સીધા એરપોર્ટ પર જવું સામાન્ય નથી. આજે રાત્રે વ્હાઈટ હાઉસમાં શી જિનપિંગ અને તેમની પત્ની પેંગ લિયુઆનના સન્માનમાં રાજકીય ભોજનનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે. તેમાં વેપાર, ટેરિફ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), તાઈવાન અને રશિયા સાથે જોડાયેલા મુદ્દાઓ સામેલ થઈ શકે છે.

અમેરિકા અને ચીન વચ્ચેનો સૌથી મોટો મુદ્દો વેપાર અને ટેરિફ છે. ગયા વર્ષે ટ્રમ્પના ટેરિફના જવાબમાં ચીને પણ અમેરિકન માલસામાન પર મોટા કર લાદ્યા હતા. હવે બંને દેશો એકબીજાના માલસામાન પર લાગેલા કર ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

લગભગ 30-30 અબજ ડોલરના માલસામાન પર ટેરિફ ઘટાડવા અને ઊર્જા તેમજ કૃષિ ઉત્પાદનો પર કર ઘટાડવા અંગે વાતચીત ચાલી રહી છે.

બંને દેશો વચ્ચે ટેરિફ ઓછા રાખવા અંગેની વર્તમાન સમજૂતી 10 નવેમ્બરે સમાપ્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં બંને દેશો આ સમજૂતીને આગળ વધારવાની સાથે ટેરિફમાં વધુ ઘટાડાના માર્ગો શોધી રહ્યા છે.

AI હવે અમેરિકા અને ચીન વચ્ચેની તકનીકી સ્પર્ધાનો મોટો મુદ્દો બની ગયું છે. બંને દેશો વચ્ચેનો વિવાદ એ બાબતને લઈને છે કે AIની સૌથી શક્તિશાળી ટેક્નોલોજી અને મોડલ કોની પાસે રહેશે અને તેનો ઉપયોગ કેટલો સુરક્ષિત હશે.

અમેરિકાને ચિંતા છે કે તેની AI ટેક્નોલોજી અને મોડલ ચીન સુધી પહોંચી શકે છે. તેથી અમેરિકાએ ચીનને AI ચિપ અને અન્ય જરૂરી ટેક્નોલોજી પૂરી પાડવા પર અનેક પ્રકારના પ્રતિબંધો મૂક્યા છે. અમેરિકા ચીનની AI કંપનીઓને લઈને પણ સુરક્ષા સંબંધિત ચિંતાઓ વ્યક્ત કરતું રહ્યું છે.

બીજી તરફ, ચીન આ પ્રતિબંધોનો વિરોધ કરે છે. તેનું કહેવું છે કે અમેરિકા ટેક્નોલોજીના ઉપયોગ અને વેપારમાં અવરોધ ઊભો કરી રહ્યું છે.

ન્યૂયોર્કમાં થયેલી વાતચીતમાં બંને દેશોએ AI અંગે અલગથી વાતચીત શરૂ કરવાની સંમતિ દર્શાવી છે. અમેરિકાએ એવો પણ પ્રસ્તાવ મૂક્યો છે કે બંને દેશો AI સાથે જોડાયેલા એવા સુરક્ષા મુદ્દાઓની માહિતી એકબીજાને આપે, જેનાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઊભો થઈ શકે છે.

ચીન તાઈવાનને પોતાનો હિસ્સો માને છે, જ્યારે અમેરિકા તાઈવાનની સુરક્ષામાં મદદ કરે છે. ચીન ઈચ્છે છે કે અમેરિકા તાઈવાનથી અંતર જાળવી રાખે અને તેને સૈન્ય મદદ ન આપે.

તાઈવાન એશિયાના દરિયાઈ માર્ગો અને સેમિકન્ડક્ટર ચિપના પુરવઠાની દૃષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આ જ કારણ છે કે શી માટે અમેરિકાનું સમર્થન ઘટાડવું અને ટ્રમ્પ માટે ચીન સાથે તણાવ વધાર્યા વિના તાઈવાનને લઈને પોતાની નીતિ જાળવી રાખવી, આ વાતચીતનો મહત્વપૂર્ણ ભાગ હોઈ શકે છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે બેઠકમાં તાઈવાનને લઈને કોઈ મોટો નિર્ણય અથવા સમજૂતી થશે કે નહીં.

અમેરિકાએ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર 100% સુધીનો ટેરિફ લાદવાનો અધિકાર આપ્યો છે. ભારત અને ચીન પણ તેના દાયરામાં આવી શકે છે.

ચીન રશિયા પાસેથી મોટી માત્રામાં તેલ અને ગેસ ખરીદે છે. તે રશિયા સાથેના પોતાના વેપારમાં અમેરિકા જેવા ત્રીજા દેશોના હસ્તક્ષેપનો સતત વિરોધ કરતો રહ્યો છે. આવી સ્થિતિમાં રશિયા પાસેથી ઊર્જા ખરીદવાને લઈને અમેરિકાનું દબાણ ટ્રમ્પ અને શીની વાતચીતમાં મોટો મુદ્દો બની શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જિનપિંગ અમેરિકા સાથેના સંબંધો બગડતા અટકાવવા માટે ટ્રમ્પ સાથે સીધી વાતચીત ચાલુ રાખવા માગે છે. ગુરુવારે થનારી મુલાકાત એક વર્ષથી પણ ઓછા સમયમાં બંને નેતાઓની ત્રીજી મુલાકાત હશે. અત્યાર સુધીની આ બેઠકોમાં કોઈ મોટો કરાર થયો નથી, પરંતુ બંને નેતાઓ વચ્ચે વાતચીત ચાલુ છે.

આ વર્ષે બંનેની વધુ બે પ્રસંગોએ મુલાકાત થઈ શકે છે. નવેમ્બરમાં ચીનના શેનઝેનમાં યોજાનારી APEC સમિટ અને ડિસેમ્બરમાં અમેરિકાના મિયામીમાં યોજાનારી G20 સમિટ દરમિયાન પણ બંને નેતાઓ મળી શકે છે. APEC સમિટમાં ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની ત્રિપક્ષીય બેઠક પણ થઈ શકે છે.

અમેરિકા અને ચીન વચ્ચેનો તણાવ ઓછો થાય તો તેની અસર ભારત પર પણ પડી શકે છે. સૌથી મોટી અસર વેપાર અને સપ્લાય ચેન પર થશે. જો બંને દેશો ટેરિફ ઘટાડે છે, તો ચીન-અમેરિકા વચ્ચેનો વેપાર વધી શકે છે અને દુનિયાભરની કંપનીઓ માટે સપ્લાય ચેનમાં ફેરફાર આવી શકે છે. રશિયા પાસેથી તેલ પણ એક મોટો મુદ્દો છે. અમેરિકા રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર ટેરિફ વધારવાની ધમકી આપી રહ્યું છે. ચીન રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ ખરીદે છે અને ભારત પણ રશિયન તેલ ખરીદે છે. તેથી ટ્રમ્પ-જિનપિંગની વાતચીતમાં રશિયા પર અમેરિકાનું દબાણ ઘટે છે કે વધે છે, તેની અસર ભારત પર પણ પડી શકે છે. AI અને ચિપ્સનો મુદ્દો પણ ભારત માટે મહત્વપૂર્ણ છે. અમેરિકા અને ચીન વચ્ચેની ટેક્નોલોજીની હરીફાઈમાં જો નિયમોમાં ફેરફાર થાય, તો AI ચિપ, સેમિકન્ડક્ટર અને અન્ય ટેક્નોલોજીની વૈશ્વિક સપ્લાય પ્રભાવિત થઈ શકે છે. ભારત આ બંને દેશો સાથે વેપાર કરે છે, તેથી તેની અસર ભારતીય કંપનીઓ સુધી પણ પહોંચી શકે છે.

ઈરાને કહ્યું-ફરી હુમલો થયો તો યુદ્ધ હિન્દ મહાસાગર સુધી ફેલાશે: આનાથી ભારત-ચીન પર અસર, સમુદ્રમાં તણાવ વધ્યો તો તેલ લાવતાં જહાજો પણ ફસાશે

તહેરાન, તા.24

ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા અથવા ઈઝરાયલ તેના પર ફરીથી હુમલો કરશે, તો પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું યુદ્ધ હિન્દ મહાસાગર સુધી ફેલાઈ શકે છે.

AFPના જણાવ્યા મુજબ, ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈના સલાહકાર યાહ્યા રહીમ સફાવીએ ગુરુવારે જણાવ્યું હતું કે સંઘર્ષ પહેલેથી જ પર્શિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટથી નીકળીને લાલ સમુદ્ર સુધી ફેલાઈ ગયો છે. જો ફરીથી હુમલો થશે, તો યુદ્ધનો વ્યાપ વધુ વધી શકે છે.

જો આવું થાય છે, તો ભારત અને ચીન જેવા મોટા તેલની આયાત કરતા દેશો પર તેની મોટી અસર પડી શકે છે. હિન્દ મહાસાગર યુરોપ અને પશ્ચિમ એશિયાને એશિયાઈ દેશો સાથે જોડવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સમુદ્રમાં તણાવ વધવાથી પશ્ચિમ એશિયામાંથી તેલ લાવતાં જહાજો પર હુમલાની આશંકા વધી જશે.

ઈરાનના જણાવ્યા મુજબ, આ વર્ષે માર્ચમાં પણ યુદ્ધની અસર હિન્દ મહાસાગર સુધી પહોંચી હતી. તે સમયે અમેરિકાના હુમલામાં ઈરાનનું યુદ્ધજહાજ IRIS દેના ડૂબી ગયું હતું. આ ઘટના શ્રીલંકાના કિનારા નજીક બની હતી.

રોઈટર્સ મુજબ, ઈરાની ફ્રિગેટ શ્રીલંકાના ગાલે શહેરથી આશરે 19 નોટિકલ માઈલ દૂર ડૂબ્યું હતું. આ સ્થળ શ્રીલંકાના વિશેષ આર્થિક ક્ષેત્ર એટલે કે EEZમાં આવે છે.

ઈરાનની આ ચેતવણી એવા સમયે આવી છે, જ્યારે રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન UN મહાસભામાં ભાગ લેવા માટે અમેરિકા પહોંચ્યા છે. UNમાં પજશકિયાને અમેરિકી રાષ્ટ્રપતિ

ટ્રમ્પના વલણને ધાક જમાવનારી માનસિકતા ગણાવી હતી.

પજશકિયાને કહ્યું કે ઈરાન અમેરિકાના દબાણ સામે ઝૂકશે નહીં. UN મહાસભામાં પોતાના ભાષણ દરમિયાન પજશકિયાને કહ્યું કે ધમકીઓથી ઈરાનનો ઈરાદો વધુ મજબૂત થશે. જોકે, તેમણે યુદ્ધ સમાપ્ત કરવા માટે વાતચીતનો માર્ગ ખુલ્લો રાખવાની વાત પણ કરી હતી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે UN મહાસભામાં ઈરાનને ફરી એકવાર ખતમ કરવાની ધમકી આપી છે.

તેમણે વધુમાં કહ્યું, 'મેં યુરોપિયન દેશોને જણાવ્યું હતું કે ઈરાન બેલિસ્ટિક મિસાઈલોના નામે પરમાણુ બોમ્બ બનાવી રહ્યું હતું. જ્યારે અન્ય નેતાઓ માત્ર રાહ જોઈ રહ્યા હતા, ત્યારે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરીને તેને રોક્યું.'

અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા બાદથી ટ્રમ્પ છેલ્લા 7 મહિનામાં 10થી વધુ વખત ઈરાનને તબાહ કરવાની ધમકી આપી ચૂક્યા છે, પરંતુ દર વખતે તેમને પીછેહઠ કરીને વાતચીતનો માર્ગ અપનાવવો પડ્યો. આ પહેલાં ઈરાનની સેનાએ પણ ટ્રમ્પને નિશાન બનાવ્યા હતા. ઈરાની સશસ્ત્ર દળોએ આરોપ લગાવ્યો કે ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ અમેરિકાની આક્રમકતાને યોગ્ય ઠેરવવા માટે UNના મંચનો ઉપયોગ કર્યો.

અલ જઝીરા અનુસાર, ઈરાની સેનાએ કહ્યું કે ટ્રમ્પ દ્વારા વારંવાર આપવામાં આવી રહેલી ધમકીઓ તાકાતની નિશાની નહીં, પરંતુ વ્યૂહાત્મક હતાશાની નિશાની છે.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે પોતાની શરતો અમેરિકા સમક્ષ મૂકી છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, અરાઘચીએ અમેરિકન અધિકારીઓ સમક્ષ આ શરતો રજૂ કરી. ઈરાનની માંગ છે કે અમેરિકા તાત્કાલિક નેવીની નાકાબંધી હટાવે અને વિદેશોમાં ફ્રીઝ કરાયેલી ઈરાની સંપત્તિઓ મુક્ત કરે. સાથે જ લેબનોન સહિત તમામ મોરચાઓ પર યુદ્ધ સમાપ્ત કરે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંથી એક છે. પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડીને જોડતા આ જળમાર્ગેથી મોટા પ્રમાણમાં ક્રુડ ઓઈલ અને ગેસનું પરિવહન થાય છે.

અમેરિકાના 8 સૈનિકોનો આત્મહત્યાનો પ્રયાસ, એક દરિયામાં કૂદ્યો: અબ્રાહમ લિંકન યુદ્ધ જહાજ પર માનસિક તણાવથી સ્થિતિ વણસી, US નેવીનો ખુલાસો

વોશિંગ્ટન, તા.24

અમેરિકી યુદ્ધજહાજ USS અબ્રાહમ લિંકનના સ્ટ્રાઈક ગ્રુપમાં સામેલ 8 નૌસૈનિકોએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો. તેમાંથી એક નૌસૈનિક જહાજમાંથી સમુદ્રમાં કૂદી ગયો હતો. બીજાને સાથીઓએ કૂદતા પહેલાં જ રોકી લીધો.

આ ઘટનાઓ ત્યારે બની, જ્યારે USS લિંકન ઈરાન વિરુદ્ધના અમેરિકી મિશનમાં સામેલ હતું. તે 300 દિવસથી વધુ સમયથી સમુદ્રમાં તહેનાત હતું. અમેરિકી નૌસેનાના કાર્યકારી સચિવ હંગ કાઓએ સેનેટર કર્સ્ટન ગિલિબ્રાન્ડને મોકલેલા પત્રમાં આ માહિતી આપી હતી.

પત્ર મુજબ, ઓગસ્ટની શરૂઆતમાં એક નૌસૈનિક જહાજ પરથી સમુદ્રમાં કૂદી ગયો હતો. તેને નૌસેનાના રેસ્ક્યુ હેલિકોપ્ટરે બચાવી લીધો હતો. તે જ સમયે માર્ચમાં એક અન્ય નૌસૈનિકે પણ સમુદ્રમાં કૂદવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સાથીઓએ તેને રોકી લીધો



હતો.

USS અબ્રાહમ લિંકન પર લગભગ 5,000 નૌસૈનિકો તૈનાત છે. આ જહાજ 300 દિવસથી વધુ સમય સુધી સમુદ્રમાં રહ્યું હતું. તાજેતરમાં તેણે કોઈ પણ બંદર પર રોકાયા વિના સૌથી લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાનો અમેરિકી નૌસેનાનો રેકોર્ડ બનાવ્યો.

આ મહિનાની શરૂઆતમાં USS અબ્રાહમ લિંકન 5 દિવસ માટે થાઈલેન્ડના પટાયામાં રોકાયું હતું. ત્યારબાદ શનિવારે તે ગ્વામ પહોંચ્યું.

ડેમોક્રેટ સેનેટર કર્સ્ટન ગિલિબ્રાન્ડે જહાજ પર તૈનાત સૈનિકોની સ્થિતિ અને માનસિક સ્વાસ્થ્ય અંગે નૌકાદળ પાસેથી માહિતી માંગી હતી. તેના જવાબમાં નૌકાદળે તેમને આ પત્ર મોકલ્યો હતો. ગિલિબ્રાન્ડે કહ્યું કે આ ઘટનાઓથી જાણવા મળે છે કે USS લિંકન પર તૈનાત સૈનિકોની સ્થિતિ ગંભીર હતી. સમય જતાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી હતી.

અમેરિકી નૌકાદળના એડમિરલ બ્રેડ કૂપરે ઓગસ્ટમાં કહ્યું હતું કે USS લિંકન પર માનસિક તણાવ અથવા માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલા કેસોની સંખ્યા નૌકાદળના અન્ય વિમાનવાહક જહાજોની સરખામણીએ ઓછી હતી.

જોકે, તેમણે એ પણ સ્વીકાર્યું કે તેનો અર્થ એ નથી કે જહાજ પર બધું જ ઠીક હતું. તેમના મુજબ, મહિનાઓ સુધી સમુદ્રમાં રહેવું સરળ હોતું નથી. તેનાથી તણાવ વધે છે અને દરેક વ્યક્તિ તેનો અલગ રીતે સામનો કરે છે.

ગયા મહિને રાષ્ટ્રપતિ ટ્રમ્પને USS લિંકનના સૈનિકોની માનસિક સ્થિતિ અને લાંબી તૈનાતી અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જવાબમાં તેમણે કહ્યું હતું, 'ના, તૈનાતી ઘણી લાંબી થઈ નથી.'

તંત્રી લેખ

રાજ્યસભાના ઉમેદવાર યુપીની ચૂંટણી ધ્યાનમાં રાખીને નક્કી થશે

રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ ઉત્તર પ્રદેશમાં ભાજપના સંભવિત ઉમેદવારોને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશની 10 રાજ્યસભા બેઠકો માટે 16 ઓક્ટોબરે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. આ 10 બેઠકોમાંથી હાલ 8 બેઠકો ભાજપ પાસે છે, જ્યારે એક બેઠક સમાજવાદી પાર્ટી અને એક બેઠક બહુજન સમાજ પાર્ટી પાસે છે. આ બેઠકો માટે મતદાન અને મતગણતરી બંને 16 ઓક્ટોબરે યોજાશે.

રાજ્યસભાની ચૂંટણીની જાહેરાત સાથે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે ભાજપ આગામી ચૂંટણીમાં પોતાના કયા નેતાઓને રાજ્યસભામાં મોકલશે. પાર્ટીની પસંદગીમાં આગામી વર્ષે યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીનો રાજકીય સંદર્ભ મહત્વનો બની શકે છે. ભાજપ માટે રાજ્યસભાની આ બેઠકો માત્ર સંસદીય પ્રતિનિધિત્વ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સંગઠન, સામાજિક અને પ્રાદેશિક સમીકરણોને ધ્યાનમાં રાખીને નેતાઓને જવાબદારી આપવાનું પણ એક માધ્યમ બની શકે છે.

હાલની વિધાનસભાની સંખ્યાના આધારે ભાજપ પોતાની તરફની અનેક બેઠકો જીતવાની સ્થિતિમાં છે. આ કારણે પક્ષની અંદર સંભવિત ઉમેદવારોના નામને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. ભાજપના કેટલાક વર્તમાન રાજ્યસભા સભ્યોને ફરી તક મળી શકે છે, જ્યારે કેટલાક નવા ચહેરાઓને પણ સંસદના ઉપલા ગૃહમાં મોકલવામાં આવે તેવી શક્યતા અંગે ચર્ચા ચાલી રહી છે. અંતિમ નિર્ણય ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ કરશે.

રાજ્યસભાની આ ચૂંટણીમાં કેન્દ્રીય મંત્રી અને અન્ય કેટલાક વર્તમાન સાંસદોના નામ ફરી ચર્ચામાં આવી શકે છે. જોકે ઉમેદવારોની સત્તાવાર યાદી હજુ જાહેર કરવામાં આવી નથી. પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણીના રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરે તેવી ચર્ચા છે. ખાસ કરીને કયા સમાજને કેટલું પ્રતિનિધિત્વ આપવું, કયા પ્રદેશને સ્થાન આપવું અને સંગઠનમાં સક્રિય રહેલા કયા નેતાઓને નવી જવાબદારી આપવી તે બાબતો પણ ઉમેદવારી નક્કી કરતી વખતે મહત્વની બની શકે છે.

ભાજપ માટે જાતિગત સમીકરણ પણ મહત્વનું ગણાય છે. ઉત્તર પ્રદેશમાં વિવિધ સામાજિક જૂથોને રાજકીય પ્રતિનિધિત્વ આપવાની પરંપરા રહી છે. તેથી રાજ્યસભાની બેઠકોમાં પણ સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ થઈ શકે છે. કેટલાક નવા ચહેરાઓને તક આપીને આગામી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટી ચોક્કસ સામાજિક વર્ગોમાં પોતાનો આધાર વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરે તેવી રાજકીય ચર્ચા છે.

આ સમગ્ર કવાયત વચ્ચે ડો. દિનેશ શર્માની ખાલી થયેલી બેઠક પણ મહત્વની બની છે. દિનેશ શર્માને અંડમાન અને નિકોબારના ઉપરાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ તેમની રાજ્યસભાની બેઠક ખાલી થઈ છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા 5 સપ્ટેમ્બરે તેમની ઉપરાજ્યપાલ તરીકેની નિમણૂક જાહેર કરવામાં આવી હતી અને તેમણે 15 સપ્ટેમ્બરે પદના શપથ લીધા હતા. તેઓ અગાઉ ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને 2023માં ઉત્તર પ્રદેશમાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા.

દિનેશ શર્માની ખાલી પડેલી બેઠક ઉપરાંત સીમા દ્વિવેદીની બેઠકનો કાર્યકાળ પણ પૂર્ણ થવાનો છે. જેના કારણે આ બંને બેઠકોને લઈને પણ ભાજપની અંદર સંભવિત ઉમેદવારોના નામ પર ચર્ચા ચાલી રહી છે. સીમા દ્વિવેદી ભાજપના રાજ્યસભા સભ્યોમાં સામેલ છે અને તેમની બેઠક પણ ઉત્તર પ્રદેશની આ ચૂંટણીમાં ખાલી થનારી બેઠકોમાં સામેલ છે. આ દરમિયાન તાજેતરમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બનેલા હરીશ દ્વિવેદીનું નામ પણ સંભવિત દાવેદારોમાં ચર્ચાઈ રહ્યું છે. હરીશ દ્વિવેદી અગાઉ લોકસભાના સભ્ય રહી ચૂક્યા છે અને સંગઠનમાં તેમની ભૂમિકાને કારણે તેમનું નામ રાજ્યસભા માટે ચર્ચામાં હોવાનું માનવામાં આવે છે. જોકે તેમના નામ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

અમેરિકા પોતાના ફાઈટક વિમાનોમાં એઆઈ એજન્ટ લગાવવાનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. તેનો અર્થ એ છે કે વિમાનના કમ્પ્યુટરમાં એક એવું મગજ બેસાડી દેવામાં આવ્યું છે જે પોતે જ ઉડાન અંગેના નિર્ણયો લઈ શકે છે. એઆઈ એજન્ટ ફાઈટર પ્લેનના કેમેરા, રડાર અને સેન્સર્સ દ્વારા આસપાસ જોઈ શકે છે, સમજી શકે છે અને નિર્ણય લઈ શકે છે : વિશ્વમાં મોટાભાગના દેશોની સેનાઓ દરેક પ્રકારના હથિયારોને એઆઈથી કંટ્રોલ કરવાનો અભ્યાસ કરી રહી છે. ડ્રોન સ્વાર્મ તૈયાર કરવામાં આવી રહ્યા છે

ટ્રમ્પ, શીની મુલાકાત વૈશ્વિક અનિશ્ચિતતા, અસ્થિરતા માટે મહત્વપૂર્ણ!

ટ્રમ્પ અને જિનપિં વચ્ચેની સમિટનો હેતુ સંબંધોમાં એવી સ્થિરતા લાવવાનો છે જે વૈશ્વિક અસર ઊભી કરી શકે છે

વૈશ્વિક સ્તરે નજર કરીએ તો આજે સત્તા એક જ સમયે કેન્દ્રિત પણ થઈ રહી છે અને વિખેરાઈ પણ રહી છે. અમેરિકા વિશ્વની અગ્રણી સૈન્ય શક્તિ તરીકે યથાવત છે. ચીન તેનું મુખ્ય વ્યૂહાત્મક હરીફ છે. રશિયા પ્રચંડ સૈન્ય અને અણુ ક્ષમતા જાળવી રાખે છે. ભારત ઉત્તરોત્તર મહત્વપૂર્ણ સ્વતંત્ર ધ્રુવ તરીકે ઉભરી રહ્યું છે. યુરોપ વધુ વ્યૂહાત્મક સ્વાયત્તતા ઈચ્છે છે : ચીન આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપવામાં વધુ પ્રભાવ ઈચ્છે છે અને પોતાની ટેક્નોલોજી તથા આર્થિક પ્રગતિને રોકવાના અમેરિકન પ્રયાસોનો સખત વિરોધ કરે છે. વોશિંગ્ટન પણ પોતાના સૈન્ય લાભો, ટેકનિકલ નેતૃત્વ અને ગઠબંધન માળખાને જાળવી રાખવા એટલું જ મક્કમ છે. છતાં બંનેમાંથી કોઈ અનિયંત્રિત સંઘર્ષ પોસાઈ શકે તેમ નથી : પ્રશ્ન એ નથી કે ચીન અમેરિકાની ભૂ-રાજકીય સમસ્યાઓનો ઉકેલ લાવશે કે કેમ. તેના કરતા પણ વધુ વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું વોશિંગ્ટન અને બેઈજિંગ એવા મર્યાદિત ક્ષેત્રો શોધી કાઢે અને તેને અલગ તારવીને ત્યાં તણાવ વધતો અટકાવવા સંયુક્ત રીતે પ્રયાસ કરે. કદાચ આ પગલું બંનેના હિતમાં હોઈ શકે છે

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પોતાની ત્રણ દિવસીય રાજકીય મુલાકાતે અમેરિકા પહોંચી ગયા છે. જિનપિંગ અને અમેરિકી પ્રમુખ વચ્ચે આ ત્રણ દિવસમાં થનારી બેઠકો અને ચર્ચાઓ ખૂબ જ મહત્ત્વની છે. આ ઉપરાંત ખાસ વાત એવી છે કે, જિનપિંગ છ મહિનામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની બીજી બેઠક માટે અમેરિકા પહોંચી ગયા છે. દુનિયાના બે બળીયા આ રીતે છ મહિનાના સમયગાળામાં બે વખત મુલાકાત કરે તેની પાછળ ચોક્કસ નક્કર કારણો હોય તેમ દેખાઈ રહ્યું છે. જાણકારોના મતે હાલમાં વૈશ્વિક સ્તરે જે અસ્થિતરતા અને અસમંજસની સ્થિતિ સર્જાયેલી છે તેનો ઉકેલ લાવવા અને નાના દેશો પર પ્રભાવ પાડવા માટે આ બંને દેશો પોતાના સંબંધોમાં સ્થિરતા ઈચ્છતા હોય તેમ લાગી રહ્યું છે. તેમ છતાં છેલ્લાં ઘણા સમયથી સર્જાયેલી બહુધ્રુવિય વૈશ્વિક સ્થિતિમાં આ બંને મહાસત્તાઓની મુલાકાત અને જોડાણ નવા સમીકરણો રચી શકે છે તે વાતને નકારવી જોઈએ નહીં.

વૈશ્વિક સ્તરે નજર કરીએ તો આજે સત્તા એક જ સમયે કેન્દ્રિત પણ થઈ રહી છે અને વિખેરાઈ પણ રહી છે. અમેરિકા વિશ્વની અગ્રણી સૈન્ય શક્તિ તરીકે યથાવત છે. ચીન તેનું મુખ્ય વ્યૂહાત્મક હરીફ છે. રશિયા પ્રચંડ સૈન્ય અને અણુ ક્ષમતા જાળવી રાખે છે. ભારત ઉત્તરોત્તર મહત્વપૂર્ણ સ્વતંત્ર ધ્રુવ તરીકે ઉભરી રહ્યું છે. યુરોપ વધુ વ્યૂહાત્મક સ્વાયત્તતા ઈચ્છે છે, જ્યારે અખાતી દેશોથી લઈને દક્ષિણ-પૂર્વ એશિયા સુધીની મધ્યમ શક્તિઓ હવે પોતાના તમામ વ્યૂહાત્મક દાવ કોઈ એક પક્ષ પર લગાવવા તૈયાર નથી. વૈશ્વિક સંસ્થાઓની પણ આવી જ સ્થિતિ છે. નાટો અડીખમ રહ્યું છે, જ્યારે બ્રિક્સ અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનએ વધુ રાજકીય વજન પ્રાપ્ત કર્યું છે. છતાં આ શીત યુદ્ધનું પુનરાવર્તન કરતા બે સ્પષ્ટ સામસામેના જૂથો નથી. જાણકારો માને છે કે, હાલમાં વૈશ્વિક સ્તરે બહુધ્રુવિય પરિસ્થિતિ સર્જાયેલી છે.

ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી બ્રિક્સ સમિટમાં આ જ જટિલતા સ્પષ્ટપણે જોવા મળી હતી. તેના સભ્યોએ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને સુધારેલી બહુપક્ષીય સંસ્થાઓની માંગ કરી હતી, પરંતુ તેઓ ટેબલ પર વ્યાપકપણે વિભિન્ન રાષ્ટ્રીય હિતો લઈને આવે છે. ભારત, ચીન, રશિયા, ઈરાન, બ્રાઝિલ અને અખાતી દેશોને માત્ર એક પશ્ચિમ-વિરોધી જૂથ તરીકે વર્ગીકૃત કરીને સીમિત કરી શકાય નહીં. આ બાબત એ સમજાવવામાં મદદ કરે છે કે શા માટે યુદ્ધોનો અંત લાવવો આટલો મુશ્કેલ બની રહ્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધ કોઈપણ નિર્ણાયક રાજકીય પરિણામ વિના ચાલુ છે. પશ્ચિમ એશિયા ઊંડી

અસ્થિરતામાં છે. ઈરાન અને અમેરિકા સંઘર્ષમાં અટવાયેલા છે અને હોર્મુઝની ખાડી વૈશ્વિક ઊર્જા સુરક્ષાને સતત અસર કરી રહી છે. અન્યત્ર ચાલતા નાના સંઘર્ષો એટલા માટે ટકી રહ્યા છે કારણ કે સંઘર્ષ સમાપ્તિ પર મહાસત્તાઓની સહમતિ નબળી પડી છે. તેઓ પોતે સંઘર્ષમાં જોડાયેલા છે અથવા તો તેનો લાભ લેવાની ફિરાકમાં છે તેથી તેઓ સ્પષ્ટ રીતે ક્યાંય યુદ્ધ અટકે તેવું ઈચ્છતા નથી.

હાલમાં વિકસી રહેલી નવી વૈશ્વિક વ્યવસ્થામાં સત્તાના ઘણા કેન્દ્રો છે, પરંતુ સ્વીકૃત નિયમો બહુ ઓછા છે. જાણકારોના મતે આ બાબત જ વોશિંગ્ટનની બેઠકને માત્ર અન્ય દ્વિપક્ષીય સમિટ કરતાં વધુ મહત્વપૂર્ણ બનાવે છે. ટ્રમ્પ કે શી બંનેમાંથી કોઈ પણ પોતાના દેશો વચ્ચેની માળખાકીય હરીફાઈનો ઉકેલ લાવવાની અપેક્ષા રાખતા નથી. ચીન આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપવામાં વધુ પ્રભાવ ઈચ્છે છે અને પોતાની ટેક્નોલોજી તથા આર્થિક પ્રગતિને રોકવાના અમેરિકન પ્રયાસોનો સખત વિરોધ કરે છે. વોશિંગ્ટન પણ પોતાના સૈન્ય લાભો, ટેકનિકલ નેતૃત્વ અને ગઠબંધન માળખાને જાળવી રાખવા એટલું જ મક્કમ છે. છતાં બંનેમાંથી કોઈ અનિયંત્રિત સંઘર્ષ પોસાઈ શકે તેમ નથી.

રસપ્રદ વાત એ છે કે, મહાસત્તાઓની હરીફાઈ ત્યારે સૌથી વધુ જોખમી બને છે જ્યારે પ્રત્યેક પક્ષ સામા પક્ષના ઈરાદાઓ અને મર્યાદાઓ વિશે સાવ અનિશ્ચિત બની જાય છે. જાણકારો માને છે કે, તાત્કાલિક વ્યવહારિક મુદ્દો અમેરિકા અને ચીન વેપાર યુદ્ધવિરામનો છે, જે ૧૦ નવેમ્બરે સમાપ્ત થાય છે. વાટાઘાટ કરનારા અધિકારીઓ કૃષિ ખરીદી, બજાર પહોંચ, મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય વ્યાપારી વિવાદોને ઉકેલવાની સાથે ટેરિફ વધારાના બીજા તબક્કાને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ સોયાબીન, એરક્રાફ્ટ અને ટેરિફ એ ઊંડી સ્પર્ધાના માત્ર સપાટી પરના લક્ષણો છે.ટેક્નોલોજી હવે રાષ્ટ્રીય શક્તિથી અવિભાજ્ય બની રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, અદ્યતન સેમિકન્ડક્ટર્સ, રેર-અર્થ પ્રોસેસિંગ અને મજબૂત સપ્લાય ચેઈન્સ હવે એ વ્યૂહાત્મક જગ્યા પર કબજો જમાવી ચૂક્યા છે જે ક્યારેક પરંપરાગત વેપાર પરની દલીલોનું કેન્દ્ર હતી. એક સંભવિત મહત્વપૂર્ણ બાબત ધ્યાન ખેંચે તેવી છે. અમેરિકન અને ચીની અધિકારીઓ એઆઈ સુરક્ષા અને ઈમર્જન્સી હોટલાઈન ઉપર ચર્ચા ચાલુ રાખવા માટે સંમત થયા છે. ભવિષ્યની અસ્થિરતા વચ્ચે પણ સ્થિરતા વધારી શકે તેવી ગંભીર એઆઈ સંબંધિત ઘટનાઓની જાણ કરવા માટેની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ કદાચ સાધારણ પગલું લાગી શકે, પરંતુ આવી વ્યવસ્થાઓ એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે સ્પર્ધા તો ચાલુ જ રહેવાની છે. શીત યુદ્ધ દરમિયાન, શસ્ત્ર-નિયંત્રણ કરારો અને સૈન્ય હોટલાઈન્સે સોવિયેત-અમેરિકન દુશ્મનાવટનો અંત નહોતો આણ્યો. તેમણે માત્ર હરીફાઈને મોટી આપત્તિમાં ફેરવાતી રોકવાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, હાલના સમયમાં જે રીતે એઆઈનું ચલણ વધી રહ્યું છે, સાયબર ઓપરેશન્સ થઈ રહ્યા છે તે જોતાં ભવિષ્યમાં વ્યૂહાત્મક જોખમ વ્યવસ્થાપનની આવી જ આદતોની જરૂર પડી શકે છે. આ સમિટ એ વાતની પણ કસોટી કરશે કે શું મહાસત્તાઓ મૂળભૂત રીતે સ્પર્ધા કરતી હોવા છતાં પસંદગીના ક્ષેત્રોમાં સહયોગ કરી શકે છે કે નહીં. અમેરિકા ઈચ્છશે કે ચીન ઈરાન સાથેના પોતાના વ્યાપક આર્થિક સંબંધોનો ઉપયોગ સંયમ જાળવવા અને હોર્મુઝની સ્થિતિને સ્થિર કરવામાં મદદ કરવા માટે કરે. આ ઉપરાંત યુક્રેન મુદ્દે પણ રશિયા ઉપર દબાણ કરવા અથવા મધ્યસ્થી કરવા માટે અમેરિકા આ બેઠકમાં ચીનને પ્રસ્તાવ મુકે તેવી શક્યતાઓ છે. બીજી તરફ જાણકારો એવું પણ માને છે કે, બેઈજિંગને હાલમાં આ મુદ્દે વોશિંગ્ટનના દબાણની અસર થશે નહીં અથવા તો એમ કહીએ કે તે દબાણમાં આવશે નહીં કારણ કે તેના પોતાના હિતો પણ આ સ્થિતિમાં જોડાયેલા હશે. તેમ છતાં લાંબા સમય સુધી ચાલતી અશાંતિથી ચીનને પણ ઘણું નુકસાન થઈ શકે તેમ છે. હોર્મુઝમાં ઊર્જા પુરવઠામાં વિક્ષેપ ચીની અર્થતંત્રને અસર કરે છે. બીજી તરફ અસ્થિર થયેલું યુરોપ વૈશ્વિક વેપારને જટિલ બનાવે છે. હકિકતે જોઈએ તો પરમાણુ શક્તિઓ વચ્ચે અનિયંત્રિત તણાવ કોઈના હિતમાં નથી. પ્રશ્ન એ નથી કે ચીન અમેરિકાની ભૂ-રાજકીય સમસ્યાઓનો ઉકેલ લાવશે કે કેમ. તેના કરતા પણ વધુ વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું વોશિંગ્ટન અને બેઈજિંગ એવા મર્યાદિત ક્ષેત્રો શોધી કાઢે અને તેને અલગ તારવીને ત્યાં તણાવ વધતો અટકાવવા સંયુક્ત રીતે પ્રયાસ કરે. કદાચ આ પગલું બંનેના હિતમાં હોઈ શકે છે. આ બેઠકમાં તાઈવાન મુદ્દો સૌથી જોખમી વિવાદનું કેન્દ્ર બની રહેશે. બેઈજિંગ આ મુદ્દાને સાર્વભૌમત્વ માટે મહત્ત્વનો માને છે. બીજી તરફ વોશિંગ્ટન પોતાની નક્કી કરેલી વન-ચાઈના પોલિસીના ફ્રેમવર્ક જાળવી રાખીને તાઈવાનની સુરક્ષાનું સમર્થન કરવાનું ચાલુ રાખે છે. આ વિરોધાભાસને સંભાળવો એ યુએસ-ચીન મુત્સદ્દીગીરીની કેન્દ્રીય કસોટીઓમાંની એક રહેશે.

જાણકારોના મતે હાલમાં તો અમેરિકા અને ચીન પોતપોતાની હિતો સાચવીને એકબીજા સાથે સોદાબાજી કરવા એક મંચ ઉપર ભેગા થયા છે. હાલમાં તેમની વચ્ચે સ્પર્ધા વધારે છે અને બીજી તરફ એઆઈની જે સ્થિતિ વણસી છે તેના કારણે યુદ્ધની પરિસ્થિતિ ગમે ત્યારે સર્જાઈ શકે તેમ છે. આ સંજોગોમાં બંને દેશો પારસ્પરિક રીતે એકબીજાની સાથે વાતચીત કરે અને એઆઈના દુષ્પરિણામો અંગે ચર્ચા કરે તે વધારે મહત્ત્વનું છે. તેના પગલે જ લાગી રહ્યું છે કે, વોશિંગ્ટનમાં કોઈ મોટી સમજૂતી થવાની શક્યતા ઓછી છે. વધુ અર્થપૂર્ણ પરિણામ સતત સંવાદ, સ્પષ્ટ મર્યાદાઓ, કટોકટી દરમિયાન વાતચીત માટેની વ્યવસ્થાઓ અને સ્પર્ધાને અનિયંત્રિત સંઘર્ષમાં ફેરવાતી રોકવા માટે પૂરતી આર્થિક અનુકૂળતા દ્વારા મળી શકે તેમ છે. ભૂતકાળમાં શીત યુદ્ધે આખરે દ્વિધ્રુવીય સ્પર્ધાનું સંચાલન કરવા માટે વિસ્તૃત વ્યવસ્થાઓ વિકસાવી હતી; તેમાં સ્પષ્ટ સીમારેખાઓ હતી. ઉભરતા બહુધ્રુવીય વિશ્વ પાસે તેની સરખામણીમાં કંઈ નથી. તેની સંસ્થાઓ વિભાજિત છે, તેના જોડાણો એકબીજા પર આચ્છાદિત છે અને તેના સંઘર્ષો વધુને વધુ એકબીજા સાથે જોડાઈ રહ્યા છે. આ સંજોગોમાં જોઈએ તો, ટ્રમ્પ અને શી જૂની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને પુનઃસ્થાપિત કરી શકતા નથી. વર્તમાન યુદ્ધોના વિરામ વિના તેઓ એકલા નવી વ્યવસ્થા પણ ઘડી શકતા નથી. પરંતુ વિશ્વ વ્યવસ્થાના એક માળખામાંથી બીજા માળખા તરફનું પ્રયાણ યુએસ અને ચીન વચ્ચેના સંબંધો ઊંડો પ્રભાવ પાડશે. તેથી જ વોશિંગ્ટન સમિટનું સૌથી મહત્વપૂર્ણ પરિણામ કદાચ કોઈ કરાર નહીં હોય. તે માત્ર એ વાતનો પુરાવો હોઈ શકે છે કે વિશ્વના બે સૌથી શક્તિશાળી હરીફો એક બાબત સમજે છે જે વધુને વધુ સ્પષ્ટ થઈ રહી છે.

આત્મદેવથી ગોકર્ણ સુધી બુદ્ધિ રૂપી ધુંધલી જ્યારે વિવેકરૂપી ગાયને ખવડાવે છે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસ જીવનભર બહારના ઉપાયો શોધતો રહે છે. મંદિરે જાય છે,તીર્થ કરે છે,શ્રાદ્ધ-પિંડદાન કરે છે,પણ અંદર જે કરવાનું છે તે કરતો નથી. શાસ્ત્રો કહે છે કે બહારના કર્મકાંડો એ સાધન છે, સાધ્ય નથી. સાધ્ય તો આત્માનો ઉદ્ધાર છે. ભાગવતનો પહેલો સ્કંધ અને તેની પ્રથમ કથા - આત્મદેવની કથા આપણને આ જ સત્ય સમજાવે છે.આ કથા માત્ર એક બ્રાહ્મણના પુત્ર પ્રાપ્તિની કથા નથી,પણ દરેક જીવાત્માના સંસાર બંધન અને મુક્તિની કથા છે.

આપણે પિંડદાનના તાત્ત્વિક અર્થથી લઈને ધુંધુકારી અને ગોકર્ણના પ્રતીકો સુધીનો આધ્યાત્મિક વિચાર કરીશું.

પિંડદાનનો સાચો અર્થ લોટનો પિંડ કે જીવન-અર્પણ?આપણે સામાન્ય રીતે માનીએ છીએ કે પિતૃઓની મુક્તિ માટે ગયાજીમાં લોટના પિંડદાન કરવાથી તેમને સદગતિ મળે છે.આ માન્યતા ખોટી નથી, પણ અધૂરી છે.શાસ્ત્ર કહે છે'પિંડ' એટલે આ શરીર.આ પાંચ તત્ત્વોનું બનેલું જડ શરીર એ જ પિંડ છે. આ પિંડને, એટલે કે આ દેહને, તેના અહંકાર અને મમત્વ સહિત પરમાત્માને અર્પણ કરી દેવો એનું નામ સાચું પિંડદાન.

જો માત્ર લોટના પિંડથી જ મુક્તિ મળતી હોત, તો ઋષિ-મુનિઓએ વર્ષો સુધી હિમાલયમાં જઈને ધ્યાન, યોગ, જપ, તપ શા માટે કર્યા હોત? તેઓ સીધા જ લોટના પિંડ બનાવીને મુક્ત થઈ જાત. ગીતામાં ભગવાન કૃષ્ણ સ્પષ્ટ કહે છે:' ।' પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો. પોતાને અધોગતિમાં લઈ જનાર પણ પોતે જ છે અને ઉન્નતિ તરફ લઈ જનાર પણ પોતે જ છે.આપણે ત્યાં જ્યારે કોઈનું મૃત્યુ થાય છે,ત્યારે આપણે ગયાજીમાં જઈને પિંડદાન કરાવીએ છીએ.એવી દ્રઢ માન્યતા છેકે પિંડ દાન કરવાથી પિતૃઓને મુક્તિ મળે છે. આ પરંપરા સદીઓ જૂની છે અને તેનું પોતાનું મહત્વ પણ છે. પણ શું ક્યારેય આપણે વિચાર્યું છે કે આ પિંડદાનનો મૂળ અર્થ શું છે? શું માત્ર લોટના ત્રણ પિંડ બનાવીને કાગડાને ખવડાવી દેવાથી જીવનો ઉદ્ધાર થઈ જાય છે?

જો એવું જ હોત તો આપણા ઋષિમુનિઓએ જીવનભર તપ શા માટે કર્યું હોત? વિશ્વામિત્રએ હજારો વર્ષ તપ કર્યું, વશિષ્ઠે યોગ સાધ્યો, શુકદેવજીએ જન્મતાં જ વૈરાગ્ય લીધો આ બધું શા માટે? તેઓ પણ બે લોટના પિંડ બનાવીને મુક્ત થઈ શક્યા હોત ને!સત્ય એ છે કે આપણે શબ્દના મૂળ અર્થને જ ભૂલી ગયા છીએ. સંસ્કૃતમાં 'પિંડ' એટલે શરીર.આ પાંચ મહાભૂતો - પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશમાંથી બનેલું આ હાડચામનું માળખું એ જ પિંડ છે. અને આ પિંડનું દાન એટલે આ શરીરને, તેના અહંકાર, મમતા, વાસનાઓ સહિત, જીવતાં જીવત પરમાત્માના ચરણોમાં અર્પણ કરી દેવું. આનું નામ જ સાચું પિંડદાન.

આ જ સત્યને સમજાવવા માટે મદ્ ભાગવત મહાપુરાણ પોતાની પ્રથમ કથા તરીકે આત્મદેવની કથા કહે છે. આ કથા બહારથી જોતાં એક નિઃસંતાન બ્રાહ્મણને પુત્ર પ્રાપ્તિ ની કથા લાગે છે,પણ અંદરથીજોતાં તે દરેક જીવની કથા છે. દરેક જીવ આત્મદેવ છે. દરેકના મનમાં ધુંધલી જેવી તર્ક-વિતર્ક કરનારી બુદ્ધિ છે. દરેકની પાસે મનરૂપી ચંચળ બહેન છે. અને દરેકના જીવનમાં બે માર્ગ છે - એક ધુંધુકારી બનવાનો, જે પાંચ વિષયોની વેશ્યાઓમાં ફસાઈને મડદાના હાથે પેટ ભરે છે,અને બીજો ગોકર્ણ બનવાનો, જેના કાન હંમેશા ગોવિંદની કથા સાંભળવા આતુર રહે છે. ગીતા અને શ્રુતિ બંને એક જ વાત કહે છે -'ઉદ્ધરેદાત્મનાત્માનમ્'- તારો ઉદ્ધાર તારે જ કરવાનો છે. તારો દીકરો, તારો પાડોશી કે તારો પુરોહિત તારો ઉદ્ધાર નહીં કરે. તારું સત્કર્મ જ તને તારશે. મરતાં પહેલાં ભગવાનને ઓળખી લે, એ જ સાચી ભક્તિ છે.બાકી બધા કર્મ કાંડો એ તો તે ઓળખ સુધી પહોંચવાના સાધન માત્ર છે.

આપણું સત્કર્મ જ આપણને જન્મ -મરણના ચક્રમાંથી છોડાવે છે. બીજાના કરેલા શ્રાદ્ધથી જીવ તરે નહીં. પુત્ર પિતા માટે શ્રાદ્ધ કરે એ તેનો ધર્મ છે, પણ પિતાએ પોતાનું કલ્યાણ તો જીવતાં જીવત પોતાના હાથે જ કરવાનું હોય છે.પોતે કરવા નું ટાળીને 'દીકરો કરશે' એવીઆશા માં રહેવુંએ સૌથી મોટી ભૂલ છે. શ્રુતિ કહે છે - જ્યાં સુધી ઈશ્વરનો અપરોક્ષ અનુભવ ન થાય, જ્યાં સુધી 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન ન થાય, ત્યાં સુધી સાચી ભક્તિ પ્રગટતી નથી. મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે, તે જ મૃત્યુને ઓળંગી જાય છે. પરમાત્માના સાક્ષાત્કાર વગર બીજો કોઈ માર્ગ નથી. એટલે જ સંતો પોકારીને કહે છે -તારું પિંડદાન તું તારે હાથે જ કરી નાખ! આ શરીર-પિંડને જીવતાં જીવત નારાયણને સોંપી દે. ઘરમાં જે છે તે બધું સારા કાર્યમાં વાપરી નાખ અને નારાયણ, નારાયણ કર. આત્મદેવની કથા - આપણા સૌની કથા ભાગવત કહે છે કે દરેક કથાને ત્રણ દ્દષ્ટિએ જોવી આધ્યાત્મિક, આધિ દૈવિક અને આધિભૌતિક. ભાગવતની શરૂઆત તુંગભદ્રા નદી ના કિનારેથી થાય છે. તુંગભદ્રા એટલે શું? તુંગ એટલે અત્યંત વધુ અને ભદ્રા એટલે કલ્યાણ કરનારી. અત્યંત કલ્યાણ કરનારી નદી એટલે આ *માનવકાયા. આ મનુષ્ય શરીર જ તુંગભદ્રા છે. આ શરીર દ્વારા જ કલ્યાણ થઈ શકે છે. પશુ પોતાના શરીરથી કલ્યાણ નથી કરી શકતું, પણ બુદ્ધિશાળી મનુષ્ય પોતાનું અને બીજાનું પણ કલ્યાણ કરી શકે છે. આ શરીરમાં રહેલો જીવ એ જ *આત્મદેવ છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આપણે બધા આત્મ દેવ છીએ. નરમાંથી જ નારાયણ બનવા ની શક્તિ આત્મામાં છે.

આત્મદેવને ત્યાં સંતાન નથી. એટલે કે વિવેકરૂપી પુત્ર નથી.જેના જીવન માં વિવેક નથી, તે સંસારની નદીમાં ડૂબી જાય છે. તેથી જ આત્મદેવ ગંગા કિનારે ડૂબી મરવા જાય છે. ત્યાં તેને એક મહાત્મા મળે છે. મહાત્મા એટલે સત્સંગ.સત્સંગ વગર જીવનમાં દિવ્યતા આવતી નથી. આત્મશક્તિ સત્સંગથી જ જાગૃત થાય છે.

ધુંધલી એટલે બુદ્ધિ અને તેની બહેન મન આત્મદેવની પત્નીનું નામ છે ધુંધલી.ધુંધલી કોણ?ધુંવાડા કરનારી કુતર્કો કરનારી,વિના શ્રમે સુખની આશા રાખનારી બુદ્ધિ એ જ ધુંધલી છે. આ ધુંધલી દરેકના ઘરમાં છે, દરેકના મનમાં છે. તેને પારકી પંચાત કરવી ગમે છે, પણ 'હું કોણ છું? મારો ધણી કોણ છે?' એવો વિચાર તે કરતી નથી.

મહાત્માએ આત્મદેવને ફળ આપ્યું. આ ફળ એટલે વિવેકરૂપી ફળ. સંતોએ આપેલો સત્સંગનો પ્રસાદ. પણ બુદ્ધિરૂપી ધુંધલીને આ ફળ ગમ્યું નહીં. તેને સુખ જોઈએ છે પણ દુઃખ વગર, ફળ જોઈએ છે પણ સાધના વગર. આ જ મનુષ્ય સ્વભાવ છે. પુણ્ય કરવું નથી પણ પુણ્યનું ફળ જોઈએ છે, પાપ કરવું છે પણ પાપનું ફળ જોઈતું નથી.

ધુંધલીને એક નાની બહેન છે, તેનું નામ છે મન. બુદ્ધિ જ્યારે મનની સલાહ લે છે ત્યારે તે દુઃખી થાય છે. મન સ્વાર્થી છે, ચંચળ છે.તે વારંવાર ભોળા આત્માને છેતરે છે.બુદ્ધિ અને મને ભેગા મળીને વિવેક રૂપી ફળ ગાયને ખવડાવી દીધું ગો એટલે શું?ગો એટલે ગાય,પણ ગો એટલે ઈન્દ્રિયો પણ ખરું.'ગો' શબ્દનો અર્થ ઈન્દ્રિય, વાણી, ભૂમિ પણ થાય છે. ફળ ગાયને ખવડાવ્યું એટલે સત્સંગનું ફળ ઈન્દ્રિયોને આપી દીધું. સત્સંગથી એકદમ ઈન્દ્રિયોની શુદ્ધિ થતી નથી.

SIR મુદ્દે ચૂંટણી પંચ સામે વિપક્ષના સવાલો

જ્ઞાનેશકુમારને લઈને રાજકીય ઘમાસાણ તેજ, સુપ્રિયા સુલેની સર્વપક્ષીય બેઠક બોલાવવાની માગ

મતદાર યાદીના સ્પેશલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIRને લઈને ચૂંટણી પંચની કામગીરી અંગે ચાલી રહેલી ચર્ચા હવે વધુ ઉગ્ર બની રહી છે. ચૂંટણી પંચની અંદર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો વચ્ચે કથિત મતભેદ હોવાના અહેવાલો સામે આવ્યા બાદ વિપક્ષી પક્ષોએ સમગ્ર મામલે સવાલો ઉઠાવ્યા છે. એનસીપી (શરદચંદ્ર પવાર) સહિતના અનેક વિપક્ષી પક્ષોનું કહેવું છે કે ચૂંટણી જેવી મહત્વપૂર્ણ બંધારણીય પ્રક્રિયા સાથે જોડાયેલા મુદ્દે કોઈપણ પ્રકારની શંકા હોય તો તેની સ્પષ્ટતા થવી જરૂરી છે.

એનસીપી (શરદચંદ્ર પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ આ મુદ્દે તાત્કાલિક સર્વપક્ષીય બેઠક બોલાવવાની માગ કરી છે. સુલેએ કહ્યું કે ચૂંટણી પંચમાં કથિત મતભેદોના સમાચારને માત્ર રાજકીય પક્ષોના દૃષ્ટિકોણથી જોવું યોગ્ય નથી. આ સમગ્ર મામલો દેશના દરેક નાગરિકના બંધારણીય અધિકારો અને મતાધિકાર સાથે જોડાયેલો છે. ચૂંટણી પ્રક્રિયા પર લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે તમામ રાજકીય પક્ષો સાથે મળીને આ મુદ્દે ચર્ચા કરે તે જરૂરી છે.

સુપ્રિયા સુલેએ ચૂંટણી પંચની કામગીરી અંગે ઊભા થયેલા સવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે જો બંધારણીય સંસ્થાની કાર્યપદ્ધતિ અંગે જ પ્રશ્નો ઊભા થાય તો દેશના નાગરિકોમાં સ્વાભાવિક રીતે સવાલો ઊભા થાય છે. તેમણે કહ્યું કે વ્યવસ્થા અંગે શંકા ઊભી થાય ત્યારે તેને દૂર કરવાની જવાબદારી તમામ સંબંધિત સંસ્થાઓની છે. તેમના મતે કોઈ એક પક્ષનો રાજકીય મુદ્દો બનાવવાને બદલે સમગ્ર મામલે સર્વપક્ષીય ચર્ચા થવી જોઈએ.

SIRની પ્રક્રિયાને લઈને વિપક્ષ અગાઉથી જ સવાલો ઉઠાવતો આવ્યો છે. વિપક્ષી પક્ષોના નેતાઓનું કહેવું છે કે મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ દૂર કરવા, મતદારની વિગતોમાં ફેરફાર કરવા અને મતદાર યાદીને સુધારવાની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જરૂરી છે. કારણ કે મતદાર યાદીમાં થતો કોઈપણ મોટો ફેરફાર સીધી રીતે નાગરિકના મતાધિકાર સાથે જોડાયેલો હોય છે. વિપક્ષનો દાવો છે કે SIR જેવી મોટી પ્રક્રિયા દરમિયાન સામાન્ય

મતદારોને પણ પૂરતી માહિતી અને પોતાની વિગતો અંગે વાંધો રજૂ કરવાની યોગ્ય તક મળવી જોઈએ.

સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોના નેતાઓએ પણ ચૂંટણી પંચની કામગીરી અને SIRને લઈને અલગ અલગ સવાલો ઉઠાવ્યા છે. કેટલાક નેતાઓએ મતદાર યાદીમાં નામ કાપવા અથવા ઉમેરવાની પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે, જ્યારે કેટલાકે ચૂંટણી પંચ પાસેથી પ્રક્રિયા અંગે વધુ સ્પષ્ટતા માગી છે. વિપક્ષી પક્ષોનું કહેવું છે કે મતદાર યાદી કોઈપણ ચૂંટણીની મૂળભૂત આધારશિલા છે અને તેમાં થતી કોઈપણ પ્રક્રિયા પર વિશ્વાસ જળવાઈ રહે તે લોકશાહી માટે મહત્વપૂર્ણ છે.

ચૂંટણી પંચની અંદર કથિત મતભેદોના અહેવાલોએ આ ચર્ચાને વધુ વેગ આપ્યો છે. અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મુદ્દાઓ પર ચૂંટણી કમિશનરો વચ્ચે અલગ અભિપ્રાય સામે આવ્યા હતા. ખાસ કરીને SIR અને મતદાર યાદી સાથે જોડાયેલી પ્રક્રિયાઓ અંગે આંતરિક સ્તરે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. જોકે, ચૂંટણી પંચ સાથે જોડાયેલા સૂત્રોએ આવા અહેવાલોને અલગ રીતે રજૂ કર્યા છે અને જણાવ્યું છે કે બહુ-સભ્ય બંધારણીય સંસ્થામાં ચર્ચા દરમિયાન અલગ મત અથવા સવાલો ઉઠાવવાની પ્રક્રિયા સ્વાભાવિક છે.

ચૂંટણી પંચ તરફથી એવો પણ સંકેત આપવામાં આવ્યો છે કે કોઈ ચૂંટણી કમિશનર કોઈ મુદ્દે પ્રશ્ન કરી શકે છે, વધુ માહિતી માગી શકે છે અથવા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી શકે છે. તેને સીધો સંસ્થાકીય મતભેદ અથવા તૂટણ તરીકે જોવો યોગ્ય નથી. પંચની કામગીરીમાં નિર્ણયો નિયમો અને બંધારણીય જોગવાઈઓ અનુસાર લેવામાં આવે છે અને પ્રક્રિયા દરમિયાન જરૂરી આંતરિક ચર્ચા થતી રહે છે.

બીજી તરફ વિપક્ષ આ સ્પષ્ટતાથી સંતુષ્ટ દેખાતો નથી અને સમગ્ર મામલે વધુ પારદર્શિતાની માગ કરી રહ્યો છે. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે ચૂંટણી પંચ જેવી સંસ્થા અંગે કોઈપણ પ્રકારના પ્રશ્નો ઊભા થાય ત્યારે માત્ર આંતરિક પ્રક્રિયાનો હવાલો આપવાને બદલે સમગ્ર મામલે વિગતવાર સ્પષ્ટતા થવી જોઈએ. ખાસ કરીને SIR જેવી પ્રક્રિયા જે સીધી રીતે કરોડો મતદારોની વિગતો સાથે જોડાયેલી છે, તેમાં દરેક તબક્કે પારદર્શિતા અને જવાબદારી જરૂરી છે.

સુપ્રિયા સુલે દ્વારા સર્વપક્ષીય બેઠકની માગ કરવામાં આવી છે તે પણ આ સમગ્ર વિવાદમાં મહત્વપૂર્ણ બની છે. તેમનું કહેવું છે કે દેશના તમામ મોટા રાજકીય પક્ષોએ એક સાથે બેસીને ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સવાલો અંગે ચર્ચા કરવી જોઈએ. જો કોઈ ગેરસમજ હોય તો તેને દૂર કરી શકાય અને જો કોઈ પ્રક્રિયાત્મક સમસ્યા હોય તો તેના ઉકેલ અંગે ચર્ચા થઈ શકે. તેમણે ભાર મૂક્યો કે મતદારનો વિશ્વાસ ચૂંટણી વ્યવસ્થાની સૌથી મહત્વપૂર્ણ બાબતોમાંનો એક છે.

આ મામલે વિપક્ષ અને ચૂંટણી પંચના વલણમાં સ્પષ્ટ તફાવત જોવા મળી રહ્યો છે. એક તરફ વિપક્ષ ચૂંટણી પંચની કામગીરી અને SIRને લઈને વધુ ખુલાસા અને પારદર્શિતાની માગ કરી રહ્યો છે, જ્યારે બીજી તરફ ચૂંટણી પંચ સાથે જોડાયેલા સૂત્રો પ્રક્રિયાને નિયમિત સંસ્થાકીય કામગીરી ગણાવી રહ્યા છે. પરિણામે આ મુદ્દો આગામી દિવસોમાં પણ રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહેવાની શક્યતા છે.

વિપક્ષી પક્ષોનું કહેવું છે કે લોકશાહીમાં મતદારનું નામ મતદાર યાદીમાં હોવું અને તેને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની તક મળવી સૌથી મૂળભૂત બાબત છે. તેથી મતદાર યાદીમાં સુધારાની કોઈપણ પ્રક્રિયા અંગે સામાન્ય નાગરિકમાં શંકા ઊભી ન થાય તે માટે પૂરતી માહિતી જાહેર કરવી અને વાંધા-અપીલ માટે યોગ્ય વ્યવસ્થા હોવી જરૂરી છે. બીજી તરફ ચૂંટણી પ્રક્રિયાને કાયદાકીય અને બંધારણીય માળખા અનુસાર આગળ વધારવાની જવાબદારી ચૂંટણી પંચની છે.

સામાજિક સમરસતા અને વંચિતોના ઉત્થાન તરફ સરકારનું મહત્વનું કદમ

રાણીપમાં ₹11 કરોડના ખર્ચે નિર્મિત ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમ અને ઈ-લાયબ્રેરીનું ભવ્ય લોકાર્પણ

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની આવક મર્યાદા વધીને 6 લાખ કરાઈ, સંત રવિદાસ જન્મજયંતી નિમિત્તે 231 કરોડનું વિશેષ પેકેજ મંજૂર

અમદાવાદ, તા.24

લોકાર્પણ સમારંભમાં ઉદ્‌બોધન કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો અને વારસાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. માત્ર એક જ અઠવાડિયામાં ૧૫૦ કિલોમીટરના અંતરમાં વડોદરા સ્થિત સંકલ્પ ભૂમિ અને રાણીપ (અમદાવાદ) ખાતે આધુનિક મ્યુઝિયમ જેવા શ્રેષ્ઠ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને સરકારે સામાજિક સમરસતા અને સમાનતા પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવી છે. આવનારી પેઢી દર પેઢી યુવાનો ડૉ. બાબાસાહેબના જીવનમાંથી પ્રેરણા મેળવી શકે તે ઉદ્દેશથી રાજ્યભરમાં વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની આવક મર્યાદા રૂ. અઢી લાખથી વધારીને રૂ. છ લાખ કરવી તેમજ સંત શિરોમણી રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે સમાજ ઉત્થાન, ભવનો, શૈક્ષણિક સંકુલો અને સંસ્કૃતિ સંવર્ધન માટે રૂ. ૨૩૧ કરોડની માતબર રકમ મંજૂર કરવી એ સરકારની સામાજિક સમરસતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. તેમણે ઉપસ્થિત સૌને એક જૂથ થઈ ડૉ. બાબાસાહેબના સિદ્ધાંતો સાથે સમાજના છેવાડાના યુવાનોને મુખ્ય ધારામાં લાવવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાણીપ ખાતે રૂ. ૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન, મ્યુઝિયમ અને ઈ-લાયબ્રેરીનું લોકાર્પણ માત્ર એક ઈમારતનું લોકાર્પણ નથી, પરંતુ સમતા, સ્વતંત્રતા, બંધુતા અને સામાજિક ન્યાયના બંધારણીય મૂલ્યોને વધુ મજબૂત કરવાનો પવિત્ર અવસર છે. ૨૩મી સપ્ટેમ્બરના ઐતિહાસિક સંકલ્પ દિવસે જ આ સુવિધા રાષ્ટ્રને સમર્પિત થઈ રહી છે, જે ઈતિહાસમાં અમર થઈ જશે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાહબરીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સામાજિક સમરસતા અને વંચિતોના ઉત્થાન માટે સતત સંવેદનશીલ રહીને કાર્ય કરી રહી છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં

આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારી રૂ. ૬ લાખ કરવી તેમજ સંસ્થાઓ, વસતિગૃહ અને સંસ્કૃતિ સંવર્ધન માટે રૂ. ૨૩૧ કરોડથી વધુનું ખાસ પેકેજ મંજૂર કરવું એ સરકારની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ઉપસ્થિત સૌને ડૉ. બાબાસાહેબના વિચારોને જીવનમાં ઉતારી દેશના વિકાસ અને સમરસતામાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, રાણીપ ખાતે રૂ.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલું આ ભવ્ય ફાઉન્ડેશન, આધુનિક લાયબ્રેરી અને ઓડિટોરિયમ સંકુલ સમાજના યુવાનોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણને કારણે જ મહિલાઓને સમાન હક અને પ્રતિનિધિત્વ મળ્યું છે. રાજ્ય સરકારે શિષ્યવૃત્તિની આવક મર્યાદામાં વધારો કરવા સાથે દલિત ઉત્થાન, આવાસ યોજનાઓ, સંસ્કૃતિ સંવર્ધન અને સામાજિક સમરસતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી બાબાસાહેબના વિચારોને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને બંધારણ પ્રમાણે દેશ ચલાવવાનું વચન આપનારા પ્રથમ વડાપ્રધાન ગણાવ્યા હતા. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈએ જ આ સંગ્રહાલયનું ભૂમિપૂજન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈએ બંધારણને સાર્થક કરી બતાવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. દર્શનાબહેને વધુમાં જણાવ્યું હતું કે અમારી સરકારે જ સાચી સમરસતા સ્થાપવાનું કાર્ય કર્યું છે. સમરસતા સ્થાપવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પાસે ગમે ત્યારે દલિત સમાજની રજૂઆત લઈને જઈએ ત્યારે હંમેશાં ગ્રાહ્ય રાખવામાં આવે છે, એનો રાજીપો તેમણે વ્યક્ત કર્યો હતો.

અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણ અને અનામતની જોગવાઈઓના કારણે જ તમામ સમાજના લોકોને પ્રગતિ, સમાનતા અને નેતૃત્વ કરવાની તક મળી છે. તેમણે બાબાસાહેબના 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો'ના સૂત્રને ચરિતાર્થ કરવા પર ભાર મૂક્યો હતો.

સાબરમતીના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલે આ મ્યુઝિયમ અને ઈ-લાયબ્રેરીને ડૉ. બાબાસાહેબના જીવન-સંઘર્ષ અને વિચારોનું જીવંત કેન્દ્ર ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ડિજિટલ અને થ્રીડી ટેકનોલોજીથી સજ્જ આ સંકુલ નવી પેઢીને ડૉ. બાબાસાહેબના શિક્ષણ, બંધારણ ઘડતર અને સામાજિક ક્રાંતિના સંદેશને સરળતાથી સમજવામાં મદદરૂપ બનશે. આ મ્યુઝિયમથી રાણીપ વિસ્તારને વિશેષ ઓળખ મળી રહ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. પૂર્વ સાંસદ કિરીટ સોલંકીએ ૧૯૧૭માં ૨૩મી સપ્ટેમ્બરે ડૉ. બાબાસાહેબ આંબેડકરે વડોદરામાં લીધેલા સંકલ્પના ઐતિહાસિક દિવસ નિમિત્તે જ રાણીપ ખાતે ફાઉન્ડેશનનું લોકાર્પણ કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડૉ. બાબાસાહેબ અને બંધારણને અપાયેલા સર્વોચ્ચ સન્માનને બિરદાવ્યું હતું. વડોદરા ખાતે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ થયેલા સંકલ્પભૂમિ મેમોરિયલને દેશનું સર્વશ્રેષ્ઠ મેમોરિયલ ગણાવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન અંગે ઓડિયો વિઝ્યુઅલ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સફાઈ કામદાર નિગમની પ્રોત્સાહક સહાય યોજના અંતર્ગત રાજ્યમાં પ્રથમ આવેલ સફાઈ કામદારોનાં બાળકોને પ્રોત્સાહક સહાયનું વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું તથા નરસિંહ ભગત છાત્રાલય, અમદાવાદમાં રહીને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂંક પામનાર દિવ્યાંગ વિદ્યાર્થી વિજય કાનજીભાઈ પરમારનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનના લોકાર્પણ પ્રસંગે પદ્મ હેમંત ચૌહાણ, અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણા, પૂર્વ મંત્રીઓ, અમદાવાદના ધારાસભ્યઓ, પૂર્વ સાંસદઅને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવ હર્ષદ પટેલ, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામક રચિત રાજ, ડેપ્યુટી મેયર અંજુબહેન શાહ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિકારીઓ -કર્મચારીઓ, અમદાવાદ મહાનગરપાલિકાના કાઉન્સિલરઓ, અમદાવાદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રૂ.૧૧.૦૧ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ મ્યુઝિયમમાં બાબાસાહેબના જીવન-સંઘર્ષ, ભીંતચિત્રો (મ્યુરલ્સ), ભાષણોનો વર્ચ્યુઅલ અનુભવ, પ્રદર્શનીઓ, લાઈટ એન્ડ સાઉન્ડ તેમજ ડિજિટલ/3D/હાઈપર-રિયાલિટી પ્રદર્શનનું નિદર્શન મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણ બનશે. આ મ્યુઝિયમ થકી ડૉ. બાબાસાહેબ સાથે સંકળાયેલા પંચતીર્થના પ્રસંગો અને સામાજિક ન્યાયનો સંદેશ નવી પેઢી સુધી પહોંચશે. આધુનિક મ્યુઝિયમની સાથે ઈ-લાયબ્રેરીનું વિધિવત્ લોકાર્પણ કરાયું હતું.

25 સપ્ટેમ્બર: માનવ સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવાઓના મૌન રક્ષકોનું સન્માન

વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ: માત્ર દવા વેચનાર નહીં, સ્વાસ્થ્ય વિજ્ઞાન અને સુરક્ષિત સારવારના ખરા આધારસ્તંભ

અમદાવાદ, તા.24

સામાન્ય રીતે સમાજમાં એવી ગેરસમજ જોવા મળે છે કે ફાર્માસિસ્ટનું કામ માત્ર પ્રિસ્ક્રિપ્શન જોઈને દવાઓ આપવાનું કે તેનું વેચાણ કરવાનું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે દવાના સંશોધનથી લઈને દર્દીના શરીર સુધી પહોંચવાના દરેક તબક્કે ફાર્માસિસ્ટની ભૂમિકા અત્યંત સંવેદનશીલ અને નિર્ણાયક હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો– 'દવાના સંપૂર્ણ વિજ્ઞાનના જાણકાર અને દવાની સાચી 'કુંડળી' સમજતા સ્વાસ્થ્ય વિજ્ઞાની એટલે ફાર્માસિસ્ટ.' વિશ્વ ફાર્માસિસ્ટ દિવસનો ઈતિહાસ અને થીમ, દર વર્ષે ૨૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં 'વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે' ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. ૨૫ સપ્ટેમ્બર ૧૯૧૨ના રોજ સ્થાપિત થયેલા 'ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ ફેડરેશન' (FIP) ના સ્થાપના દિવસને યાદગાર બનાવવા માટે વર્ષ ૨૦૦૯થી આ

દિવસની વૈશ્વિક ઉજવણીનો પ્રારંભ થયો હતો. વર્ષ ૨૦૨૬ની "વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે"ની થીમ "Empowering Pharmacists for Healthier Futures" (સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે ફાર્માસિસ્ટનું સશક્તિકરણ) છે. આરોગ્ય ક્ષેત્રે ફાર્માસિસ્ટનું અજોડ અને બહુપક્ષીય યોગદાન, ૧. સંશોધન, નિર્માણ અને 'ઝીરો એરર' ક્વોલિટી કંટ્રોલ, રિસર્ચ અને ટ્રાયલ્સ: કેન્સર, એઈડ્ઝ (AIDS) કે અન્ય જટિલ રોગોની જીવનરક્ષક દવાઓ હોય કે પછી કોરોના અને સર્વાઈકલ કેન્સરની રસી (Vaccines)– આ તમામની પાછળ ફાર્માસિસ્ટનું ઊંડું સંશોધન અને જ્ઞાન રહેલું છે.

ઝીરો એરર (Zero Error) સિસ્ટમ: દવાન ઉત્પાદન (Manufacturing) દરમિયાન માઈક્રોગ્રામ કક્ષાની ભૂલ પણ જીવલેણ નીવડી શકે છે. તેથી ફાર્માસિસ્ટ 100% ક્ષતિરહિત અને વૈશ્વિક ગુણવત્તાના ધોરણો જાળવી રાખે છે. ૨. ડૉક્ટર અને દર્દી વચ્ચેની મજબૂત સેતુ-કડી પ્રિસ્ક્રિપ્શન ચકાસણી: સરખા ઉચ્ચારણ કે સરખા નામવાળી દવાઓની અદલાબદલી (Look-alike Sound-alike drugs) અટકાવીને તથા યોગ્ય ડોઝ ચકાસીને ફાર્માસિસ્ટ દર્દીનો અદ્રશ્ય જીવ બચાવે છે. સાચું માર્ગદર્શન (Drug-Food Interaction): દવા ક્યારે લેવી (ભૂખ્યા પેટે કે જમ્યા પછી) અને કયા ખોરાક સાથે દવા ન લેવી તેનું સચોટ માર્ગદર્શન પૂરું પાડે છે. આડઅસર (Side Effects) થી રક્ષણ: દવા લીધા પછી થઈ શકતી શક્ય આડઅસરો વિશે દર્દીને અગાઉથી માહિતગાર કરે છે. ડ્રગ-ડ્રગ ઈન્ટરેક્શન (Drug-Drug Interaction): જ્યારે દર્દી એકસાથે મલ્ટિપલ રોગોની દવાઓ લેતો હોય, ત્યારે દવાઓ એકબીજા સાથે વિપરીત પ્રતિક્રિયા ન કરે તે માટે જરૂર પડ્યે ડૉક્ટર સાથે સંપર્ક કરીને ડોઝમાં સુધારો કરાવે છે. ૩. એન્ટિબાયોટિક્સ રેઝિસ્ટન્સ અને સેલ્ફ-મેડિકેશન સામે જાગૃતિ, ડૉક્ટરની સલાહ વગર જાતે જ એન્ટિબાયોટિક્સ કે પેઈનકિલર્સ લેવાની ટેવ (Self-Medication) અત્યંત જોખમી છે. ફાર્માસિસ્ટ લોકોને આ વિશે જાગૃત કરીને વૈશ્વિક ખતરો બની રહેલા 'સુપરબગ' અને 'એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ' (AMR) સામે ઢાલ બનીને ઊભા રહે છે. ૪. કોલ્ડ ચેઈન મેઈન્ટેનન્સ (Cold Chain Maintenance) ઈન્સ્યુલિન, જૈવિક વેક્સિન અને સંવેદનશીલ ઈન્જેક્શન્સની અસરકારકતા જાળવી રાખવા માટે ચોક્કસ તાપમાન (જેમ કે ૨C થી ૮C) જાળવવું અનિવાર્ય છે. સપ્લાય ચેઈનથી લઈને અંતિમ વિતરણ સુધી આ ટેમ્પરેચર જાળવવાની મહત્વપૂર્ણ જવાબદારી ફાર્માસિસ્ટ નિભાવે છે.

'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત વાહનચાલકોને મોટી રાહત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ₹૧૨૭.૯૨ કરોડના ખર્ચે નિર્મિત વાડજ ફ્લાયઓવર બ્રિજનું કર્યું લોકાર્પણ

- **4-લેન ફ્લાયઓવરથી વાડજ જંકશન પર ટ્રાફિકનું ભારણ ઘટશે, નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે**

અમદાવાદ, તા.24

રાજ્યભરમાં ઉજવાઈ રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વાડજ જંકશન પર ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કરાવ્યું હતું. શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા આ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

અંદાજિત ₹127.92 કરોડના ખર્ચે નિર્મિત ફોર-લેન બ્રિજ થકી શહેરીજનોના સમય અને ઈંધણ બચવા સાથે સુગમ અને ઝડપી વાહનવ્યવહારની સુવિધા પ્રાપ્ત થશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોનમાં અંદાજિત ૧૨૭.૯૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા અને લોકાર્પિત થયેલા ફોર લેન (૨+૨) ફ્લાયઓવર બ્રિજથી વાડજ જંકશન પરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને નાગરિકોનો સમય તથા ઈંધણ બચશે. આ બ્રિજના નિર્માણથી વાહનચાલકોને સુગમ અને ઝડપી વાહનવ્યવહારની સુવિધા પ્રાપ્ત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના નાગરિકોની સુખાકારી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, સ્વચ્છતા, માનવ સંસાધન સહિતની વિવિધ નાગરિકલક્ષી સુવિધાઓને નવી ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિવિધ પ્રજાલક્ષી અને જનભાગીદારીના કાર્યક્રમોના આયોજન થકી આ વિકાસકામોનો સીધો લાભ અમદાવાદના નાગરિકોને ઝડપથી મળી રહે એ માટે આયોજન કરવામાં આવ્યું છે.

વાડજ ખાતે ફોર-લેન ફ્લાયઓવર બ્રિજના લોકાર્પણ પ્રસંગે શહેરના મેયર હિતેશ બારોટ, ધારાસભ્ય સર્વે જીતેન્દ્ર પટેલ, હર્ષદ પટેલ, કૌશિક જૈન, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ, શહેર પ્રમુખ પ્રેરક શાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો, સ્થાનિક કાઉન્સિલરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સોલા સિવિલમાં એક જ દિવસમાં 13 જટિલ ઓર્થોપેડિક સર્જરી સફળતાપૂર્વક સંપન્ન

- **GMERS સોલા સિવિલમાં PMJAY-MA યોજના હેઠળ 13 દર્દીઓને મળ્યું નવજીવન**

અમદાવાદ, તા.24

અમદાવાદ સ્થિત GMERS મેડિકલ કોલેજ અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી ક્ષેત્રે વધુ એક પ્રશંસનીય સિદ્ધિ નોંધાઈ છે. હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગ દ્વારા તા. 23 સપ્ટેમ્બર 2026ના રોજ એક જ દિવસમાં કુલ 13 જેટલી જટિલ ઓર્થોપેડિક સર્જરીઓ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

આ સર્જરીઓમાં 3 ટોટલ ની-રિપ્લેસમેન્ટ, 1 યુનિકોન્ડાઈલર ની-રિપ્લેસમેન્ટ, સ્કેફોઈડ નોન-યુનિયન માટે બોન ગ્રાફ્ટ તથા ફિક્સેશન તેમજ વિવિધ પ્રકારની ગંભીર ટ્રોમા સર્જરીઓનો સમાવેશ થાય છે.

સૌથી મહત્વની બાબત એ છે કે આ તમામ લાભાર્થી દર્દીઓને 'PMJAY-મા' યોજના હેઠળ સંપૂર્ણપણે વિનામૂલ્યે અને ઉત્તમ ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ તમામ જટિલ ઓપરેશનો

ઓર્થોપેડિક સર્જનો ઉપરાંત એનેસ્થેસિયા, ફિઝિશિયન, રેડિયોલોજી, નર્સિંગ સ્ટાફ અને અન્ય સહાયક ટીમોના સુમેળભર્યા સંકલનથી શક્ય બન્યા છે. ઓપરેશન દરમિયાન દર્દીઓની સલામતી અને ઉચ્ચ સ્તરીય સારવારને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી.

રાજ્ય સરકારના સતત સહયોગથી હોસ્પિટલમાં ઉપલબ્ધ અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિષ્ણાત તબીબોની સેવાઓને કારણે આજે સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને પણ ખાનગી હોસ્પિટલો જેવી આધુનિક સારવાર સરકારી વ્યવસ્થા હેઠળ સરળતાથી મળી રહી છે.

એક જ દિવસમાં 13 જેટલી વિવિધ અને પડકારજનક સર્જરીઓ સફળતાપૂર્વક પૂર્ણ થવી એ સોલા સિવિલ હોસ્પિટલની સમગ્ર તબીબી ટીમની કાર્યક્ષમતા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. હોસ્પિટલ પ્રશાસનનો મુખ્ય સંકલ્પ છે કે છેવાડાના અને જરૂરિયાતમંદ દરેક દર્દી સુધી શ્રેષ્ઠ, આધુનિક અને સુલભ આરોગ્ય સેવાઓ સતત પહોંચતી રહે.

ભૂપેન્દ્ર પટેલે અમદાવાદને આપી ₹584 કરોડનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ

અમદાવાદ, તા.24

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણનાં ૨૫ ગૌરવવંતાં વર્ષ પુર્ણ થવા અવસરે આયોજિત 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને કુલ રૂ. ૫૮૩.૮૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તની ભેટ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નવનિર્મિત આવાસોના ડ્રો અને ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઈઝર તથા ૫૦ જેટલાં જુનિયર ક્લાર્કને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નવનિયુક્ત કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને સમર્પણનાં ૨૫ વર્ષ આગામી ૭ ઑક્ટોબરે પૂર્ણ થઈ રહ્યાં છે. તેના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' ઉજવાઈ રહ્યું છે. આ તમામ વર્ષોમાં તેમણે સ્થાપેલી વિકાસની રાજનીતિના કેન્દ્રમાં હંમેશાં સામાન્ય માનવી રહ્યો છે.

સરકારના વડા તરીકે સતત જનસેવામાં કાર્યરત રહેવાનો અનોખો વિક્રમ નરેન્દ્રભાઈએ પ્રસ્થાપિત કર્યો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમદાવાદમાં કાંકરિયા તળાવનો કાયાકલ્પ અને વર્લ્ડ ક્લાસ સાબરમતી રિવરફ્રન્ટ તેમના વિઝનનું પ્રતીક છે. આ માટે ત્યાં રહેતાં ઝૂંપડપટ્ટીવાસીઓને અન્યત્ર પાકાં મકાનો આપવાનો નિર્ણય તેમની મક્કમ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવે છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલું સ્વચ્છતા અભિયાન આજે જન ઝૂંબેશ બની ગયું છે. તે જ રીતે, આયુષ્માન યોજનાથી સામાન્ય પરિવારને પણ મોંઘી સારવારના આર્થિક બોજ અને બીમારીની સારવાર માટેના મોટા ખર્ચથી મુક્તિ મળી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરવા માટે ગુજરાત ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવ્યું છે.

નવનિર્મિત આવાસોના ડ્રો તેમજ 450થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઈઝર અને 50 જેટલાં જુનિયર ક્લાર્કને નિમણૂક પત્રો એનાયત કરાયાં

તેની પાછળ નરેન્દ્રભાઈની દૃઢ ઈચ્છાશક્તિ અને વિઝનરી નેતૃત્વ રહ્યું છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, રાજ્યના વિવિધ વિભાગોમાં મહત્ત્વનાં તમામ પદો પર સમયસર નિમણૂક થાય તે માટે સરકાર સતત કાર્યરત છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ઈતિહાસમાં સર્વાધિક ૪૫૦થી વધુ કર્મચારીઓને એક જ દિવસે નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે તમામ નવનિયુક્ત કર્મચારીઓને પ્રામાણિકતાની શીખ આપી હતી. સાથે જ, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેકનોલોજીના ઉત્તમ ઉપયોગથી પ્રજાજનોની સેવાના સંકલ્પ સાથે સંપૂર્ણ નિષ્ઠા અને ગુણવત્તાયુક્ત કામગીરીનું આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિકોને હકારાત્મક અભિગમ સાથે વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે સૌને આવકારી, અમ્યુકો માટે આજના દિવસને આનંદ અને ગૌરવનો દિવસ ગણાવ્યો હતો. તમામ નવનિયુક્ત કર્મચારીઓને અમદાવાદ શહેરની સેવાના યજ્ઞમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાની પારદર્શક નીતિઓના પરિણામે સૌને પોતાની મહેનતનું યોગ્ય ફળ મળી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરને અનેકવિધ વિકાસકીય લાભો મળ્યા છે. શહેરના સર્વાંગી વિકાસ માટે તેમણે મુખ્યમંત્રીઅને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમો દ્વારા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, સ્વચ્છતા, માનવ સંસાધન અને નાગરિકલક્ષી સુવિધાઓ સાથે સંકળાયેલી કામગીરીને વધુ ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસલક્ષી કામગીરીનો સીધો લાભ અમદાવાદ શહેરના નાગરિકોને મળી રહે તે દિશામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સતત કાર્યરત છે.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા, સાંસદ હસમુખભાઈ પટેલ તેમજ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વે જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, અમિતભાઈ ઠાકર, ડૉ. હસમુખભાઈ પટેલ, અમૂલભાઈ ભટ્ટ તેમજ દિનેશસિંહ કુશવાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ તથા અધિકારીઓ-પદાધિકારીઓ અને નિમણૂક મેળવનારા કર્મચારીઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પિતાના મોત પછી દિલ્હીમાં ટેક્સી ચલાવી, હવે એશિયન ગેમ્સમાં મેડલ જીતી સલમાન ખાને રચ્યો ઈતિહાસ!

નવી દિલ્હી, તા.24

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ 2026માં ગુરુવારે ભારતીય રોઅર્સ સતનામ સિંહ અને સલમાન ખાને શાનદાર પ્રદર્શન કરતાં પુરુષોની ડબલ સ્કલ્સ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. ફાઈનલ મુકાબલામાં આ ભારતીય જોડીએ 6 મિનિટ 13.25 સેકન્ડનો સમય નોંધીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં ચીનના યી ઝુદી અને યિદે નીની જોડીએ ગોલ્ડ મેડલ તેમજ ઉઝબેકિસ્તાનના પાવેલ સોરિન અને મેખરોઝબેક મમતકુલોવે સિલ્વર મેડલ જીત્યો હતો. આ કેટેગરીમાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે.

સમગ્ર સ્પર્ધા દરમિયાન સલમાન ખાન અને સતનામ સિંહની જોડી મેડલની રેસમાં મજબૂત સ્થિતિમાં રહી હતી. રેસના અંતિમ ચરણમાં છેલ્લા 500 મીટરના અંતરમાં તેમણે ઝડપ જાળવી રાખીને ત્રીજું સ્થાન જાળવી રાખ્યું હતું, જેના પરિણામે દેશ માટે બ્રોન્ઝ મેડલ નિશ્ચિત થયો હતો.

આ ઐતિહાસિક સિદ્ધિ મેળવનારા સલમાન ખાનની જીવનસફર અત્યંત સંઘર્ષપૂર્ણ અને પ્રેરણાદાયી રહી છે. ઉત્તર પ્રદેશના અમેઠીના વતની સલમાન ખાન ચાર ભાઈઓ અને બે બહેનોમાં સૌથી મોટા છે. તેમના પિતા મોહમ્મદ કાસિમ ખાન ટ્રકની બોડી બનાવવાનું કામ કરતા હતા. જ્યારે સલમાન 18 વર્ષના હતા ત્યારે ડેન્ગ્યુના કારણે પિતાનું અચાનક અવસાન થયું હતું. પિતાના નિધન બાદ સમગ્ર પરિવારના ભરણપોષણ તેમજ નાના ભાઈ-બહેનોની જવાબદારી સલમાન પર આવી પડી હતી. સલમાન ભારતીય સેનામાં જોડાવા માંગતા હતા, પરંતુ આર્થિક સંકટને કારણે તેમણે પોતાના સ્વપ્નને બાજુ પર રાખીને પરિવારના ગુજરાન માટે દિલ્હીમાં દિવસ-રાત ઉબેર કેબ (ટેક્સી) ચલાવવી પડી હતી.

આર્થિક વિટંબણાઓ છતાં સલમાનના મનમાં સેનામાં જોડાવાની મહેચ્છા જીવંત રહી હતી. તેમણે ઉબેર કેબ અન્ય ડ્રાઈવરને સોંપીને સતત 4 મહિના સુધી સખત તૈયારી કરી હતી. શારીરિક કસોટી અને લેખિત પરીક્ષા પાસ કરીને તેઓ ભારતીય સેનામાં ભરતી થયા હતા. 25 સપ્ટેમ્બર 2018ના રોજ તેઓ પુણે ખાતે 'બોમ્બે એન્જિનિયર ગ્રુપ'માં સત્તાવાર રીતે જોડાયા હતા.

ભારતીય સેનામાં જોડાયા પછી જ સલમાનને 'રોઈંગ' રમત વિશે જાણવા મળ્યું હતું. કોચ સત્યવાન, સતીશ સિરાત અને પ્રભાત મિશ્રાએ સલમાનની શારીરિક ક્ષમતા અને મનોબળ જોઈને તેમને રોઈંગ ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી હતી. અગાઉ ક્યારેય આ રમત વિશે વિચાર્યું ન હોવાથી શરૂઆતમાં સલમાન થોડા અચકાતા હતા, પરંતુ રમતમાં જોડાયા બાદ પોતાની પ્રથમ ઈન્ટર-સેન્ટર રેગાટા સ્પર્ધામાં જ તેમણે સિલ્વર મેડલ જીત્યો, જેનાથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

ત્યારબાદ સલમાને રોઈંગમાં સઘન તાલીમ ચાલુ રાખી અને અનેક સ્પર્ધાઓમાં મેડલ્સ જીત્યા હતા. વર્ષ 2021માં તેમની ઉત્કૃષ્ટ પ્રતિભાને ધ્યાને લઈને પુણે ખાતે 'આર્મી રોઈંગ નોડ' માટે તેમની પસંદગી કરવામાં આવી હતી, જ્યાંથી શરૂ થયેલી સફરે આજે એશિયન ગેમ્સમાં દેશનું ગૌરવ વધાર્યું છે.

એશિયન ગેમ્સમાં 28 વર્ષ બાદ વેઈટ લિફ્ટિંગમાં ભારતને મેડલ

- **મીરાબાઈ ચાનુએ 49 કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો : 1998માં કર્ણમ મલ્લેશ્વરીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો**

નાગોયા, તા.24

ભારતની સ્ટાર વેઈટ લિફ્ટર મીરાબાઈ ચાનુંએ એશિયન ગેમ્સમાં મહિલાઓના ૪૯ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. એશિયન ગેમ્સમાં આ તેનો પ્રથમ મેડલ છે. આ સાથે ભારતે એશિયન ગેમ્સમાં વેઈટ લિફ્ટિંગમાં ૨૮ વર્ષ બાદ મેડલ જીતવામાં સફળતા મળી છે. આ પહેલાં ૧૯૯૮માં કર્ણમ મલ્લેશ્વરીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ટોકિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી મીરાબાઈ ચાનુએ સ્નેચમાં પોતાના પ્રથમ ત્રણ પ્રયાસમાં 83 કિગ્રા, 85 અને 87 કિગ્રા વજન ઉચક્યું હતું જ્યારે ચોથા પ્રયાસમાં ૮૮ કિગ્રા વજન ઉચક્યું હતું. ક્લીન એન્ડ જર્કમાં પ્રથમ પ્રયાસમાં ૧૦૭ કિગ્રા વજન ઉચક્યું જ્યારે બીજા પ્રયાસમાં તેણે ૧૧૧ કિગ્રા વજન ઉચકી કુલ ૧૯૮ કિગ્રા વજન ઉચકી સાત વેઈટ લિફ્ટર્સમાં બીજા સ્થાને રહી હતી. મીરાબાઈ ચાનુથી આગળ ઉત્તર કોરિયાની રિ સોંગ-ગુમ રહી. તેણે ગોલ્ડ મેડલ જીતી એશિયન ગેમ્સમાં સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ પોતાના નામે કરી ગોલ્ડન હેટ્રિક પૂર્ણ કરી હતી. ઈન્ડોનેશિયાની વિજયાના લુલુક ડિયાની ટ્રાઈએ કુલ ૧૯૧ કિગ્રા વજન ઉચકી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૩૨ વર્ષીય મીરાબાઈ ચાનું આ ફાઈનલમાં ભાગ લેનારી સાત વેઈટ લિફ્ટર્સમાં સૌથી મોટી વયની ખેલાડી હતી. આ સિલ્વર મેડલ સાથે એશિયન ગેમ્સમાં પોડિયમ સુધી પહોંચવામાં સફળ રહી હતી. તે હોંગઝોઉમાં ઈજાને કારણે પોતાના અંતિમ ક્લીન એન્ડ જર્ક પ્રયાસમાંથી ખસી જવું પડ્યું હતું જેને કારણે તે ચોથા સ્થાને રહી હતી.

ઉલ્લેખનીય છે કે, ચાનુએ ટોકિયો ૨૦૨૦ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ, ત્રણ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને વર્લ્ડ અને એશિયન ચેમ્પિયનશિપમાં મેડલ હતા. જોકે, એશિયન ગેમ્સમાં મેડલ જીતી શકી નહોતી. જે તેણે જાપાનના આઈચી-નાગોયામાં મેડલ જીતી પોતાના મેડલની સંખ્યામાં વધુ એક વધારો કર્યો છે.

ભારતીય મહિલા હોકી ટીમનો દબદબો : થાઈલેન્ડને 20-1થી હરાવ્યું

- **દીપિકાના 9 ગોલ, નવનીત કૌરના 4, ઋતુજા પિસાલની હેટ્રિક**

કાકામિહાહારા, તા.24

ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અજેય અભિયાન જાળવી રાખતાં પુલ-બીમાં સતત ત્રીજી મેચમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખતાં ૨૦-૧થી કારમો પરાજય આપ્યો હતો. ભારતીય ટીમ એશિયન ગેમ્સમાં અલગ જ અંદાજમાં જોવા મળી રહી છે. ભારતે છેલ્લી ૩ મેચમાં ૫૬ ગોલ ફટકાર્યા છે. જેમાં પ્રથ મેચમાં ઉઝબેકિસ્તાન સામે ૧૯-૦થી જીત મેળવી હતી જ્યારે થાઈલેન્ડને ૧૭-૧થી કારમો પરાજય આપ્યો હતો. આમ, વિરોધી ટીમો સામે આક્રમક રમત દ્વારા પુલ-બીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

આજે થાઈલેન્ડ સામે રમાયેલા મુકાબલામાં ભારતે એકતરફી મેચમાં ૨૦-૧થી વિજય મેળવ્યો હતો. જેમાં ડ્રેગ ફ્લિકર દીપિકાએ શાનદાર પ્રદર્શન કરતાં બીજી, આઠમી, નવમી, ૨૪મી, ૩૩મી, ૩૬મી, ૩૯મી, ૫૧મી અને ૫૭મી મિનિટે ગોલ ફટકાર્યા હતા. તેણે તમામ ૯ ગોલ પેનલ્ટી કોર્નર દ્વારા કર્યા હતા. આ ઉપરાંત નવનીત કૌરે ચોથી, ૨૯મી, ૩૫મી અને ૫૧મી મિનિટે એમ ચાર ગોલ કર્યા હતા. ઋતુષા

પિસાલે પણ શાનદાર પ્રદર્શન કરતાં ૧૦મ, ૧૧મી અને ૪૭મી મિનિટે ગોલ કરી પોતાની હેટ્રિક પૂર્ણ કરી હતી. આ સિવાય નેહાએ ૧૯મી મિનિટે, લાલરેમ્સિયામીએ ૨૬મી, સાક્ષી રાણાએ ૨૯મી અને કેપ્ટન સલીમા ટેટેએ ૪૫મી મિનિટે ગોલ કર્યો હતો. થાઈલેન્ડ તરફથી એકમાત્ર ગોલ ઈમ્પા કુંજિરાએ ૪૯મી મિનિટે કર્યો હતો.

શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત-વિરાટનો સાથ મળ્યો: કેપ્ટનશીપ પર ગંભીરનું મોટું નિવેદન

નવી દિલ્હી, તા.24

વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી 3 મેચની વન-ડે સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે યુવા કપ્તાન શુભમન ગિલની આગેવાની અને તેના વિકાસમાં રોહિત શર્મા તથા વિરાટ કોહલીના યોગદાનની ભરપૂર પ્રશંસા કરી છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની આ સીરિઝની પ્રથમ વન-ડે મેચ આગામી 27 સપ્ટેમ્બરે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ગિલ ગત વર્ષથી વન-ડે ટીમનું સુકાન સંભાળી રહ્યા છે અને 2027ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. આ સમગ્ર સફરમાં વરિષ્ઠ ખેલાડીઓનું માર્ગદર્શન અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

જીઓસ્ટાર સાથેની મુલાકાતમાં ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે વન-ડે ક્રિકેટમાં શુભમન ગિલ ખૂબ જ નસીબદાર છે કે તેને મેદાન પર અને મેદાનની બહાર માર્ગદર્શન આપવા માટે રોહિત અને વિરાટ જેવા અનુભવી ખેલાડીઓનો સાથ મળ્યો છે. નાની વયે ઘણીવાર લાગણીઓમાં તણાઈ જવાની સંભાવના રહે છે, પરંતુ ગિલે પોતાની શાંતિ જાળવી રાખીને ઉત્તમ પરિપક્વતા દર્શાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટીમમાં વાપસીથી ભારતીય બેટિંગ લાઈન-અપને વધુ મજબૂતી મળશે, જ્યારે કેએલ રાહુલ ઉપાધ્યાય તરીકેની જવાબદારી સંભાળીને ટીમને સ્થિરતા પ્રદાન કરશે.

ગંભીરે ગિલના વખાણ કરતાં કહ્યું કે તેણે અત્યાર સુધીના દરેક મોરચે ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને તે માત્ર રન બનાવીને જ નહીં પરંતુ પોતાના વર્તન અને રમતથી ટીમનું સચોટ નેતૃત્વ કરે છે. ગિલે અગાઉ પણ વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તે આ સીરિઝમાં પણ પોતાના રેકોર્ડને વધુ મજબૂત કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચ બાદ બીજી વન-ડે 30 સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી વન-ડે 3 ઓક્ટોબરે ન્યુ ચંદીગઢ ખાતે રમાશે, ત્યારબાદ આ પ્રવાસ અંતર્ગત 17 ઓક્ટોબર સુધી ટી-20 સીરિઝ રમાશે.

સંપત્તિમાં રૂ.2500 કરોડનો કડાકો છતાં શાહરુખ ભારતનો સૌથી અમીર એક્ટર

મુંબઈ, તા.24

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો થવા છતાં ભારતના સૌથી અમીર અભિનેતા તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. વર્ષ 2026ના તાજેતરના અહેવાલ મુજબ 60 વર્ષીય શાહરૂખ ખાનની સંપત્તિ ઘટીને 10,000 કરોડ થઈ ગઈ છે, જે અગાઉ 12,490 કરોડ હતી. જોકે, આ કાગળ પર થયેલો મોટો ઘટાડો છે, પરંતુ શાહરૂખ અને અન્ય અભિનેતાઓ વચ્ચેનું અંતર હજુ પણ ઘણું મોટું છે. આ સાથે જ આ સમગ્ર યાદીનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે શાહરૂખ ખાન 2,490 કરોડ ઓછા હોવા છતાં હજુ પણ ભારતના સૌથી અમીર અભિનેતા છે. યાદીમાં સામેલ વિગતો અનુસાર આ ઘટાડાથી બોલિવૂડના સૌથી અમીર અભિનેતાઓના ક્રમમાં કોઈ ફેરફાર થયો નથી. પીઢ અભિનેતા અમિતાભ બચ્ચન અંદાજે 4,000 કરોડની સંપત્તિ સાથે બીજા સ્થાને છે, જ્યારે સલમાન ખાન 3,000 કરોડ અને હૃતિક રોશન 2,500 કરોડની સંપત્તિ સાથે અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને છે. ગત વર્ષની સરખામણીમાં અમિતાભ બચ્ચનની સંપત્તિમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે હૃતિક રોશનની ફિટનેસ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ પણ તેમના વ્યવસાયિક હિતોમાં મોટો ફાળો આપી રહી છે. શાહરૂખ ખાન માટે આ સંપત્તિ માત્ર ફિલ્મો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમની પ્રોડક્શન હાઉસ રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ સાથેનું જોડાણ પણ તેમની સંપત્તિમાં મોટો ભાગ ભજવે છે. બીજી તરફ, ગત વર્ષની હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં સામેલ રહેલા જૂહી ચાવલા અને કરણ જોહર આ વર્ષની યાદીમાંથી બહાર થઈ ગયા છે. આ ઉપરાંત ફિલ્મોમાં અભિનય કરવાને બદલે ફિલ્મોના નિર્માણ અને વ્યવસાય સાથે જોડાયેલા નારેશ મલ્હોત્રા, ભૂષણ કુમાર, રોની સ્ક્રૂવાલા અને કલાનિથિ મારન જેવા દિગ્ગજો પણ આ યાદીમાં વિશેષ સ્થાન ધરાવે છે.

83 વર્ષની વયે દેશના બીજા સૌથી અમીર એક્ટર બન્યા અમિતાભ બચ્ચન! સંપત્તિમાં 145 ટકાનો ઉછાળો.....

મુંબઈ, તા.24



હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026 જાહેર થઈ ચૂકી છે, જેના અનુસાર બોલિવૂડના 'શહેનશાહ' અમિતાભ બચ્ચન દેશના બીજા સૌથી અમીર અભિનેતા છે, જ્યારે પહેલા નંબર પર શાહરૂખ ખાન છે. રિપોર્ટ મુજબ, અમિતાભ બચ્ચનની નેટવર્થમાં પાછલા વર્ષની સરખામણીમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે બિગ બીની નેટવર્થ 1630 કરોડ રૂપિયા હતી, જે વધીને આ વર્ષે 4000 કરોડ રૂપિયા થઈ ગઈ છે. એટલે કે એક જ વર્ષની અંદર તેમની નેટવર્થમાં 145 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે.

હુરુનના રિપોર્ટ મુજબ, અમિતાભ બચ્ચનની નેટવર્થમાં વધારો તેમના ફેમિલી ઓફિસ દ્વારા કરાયેલા રોકાણો, રિયલ એસ્ટેટ હોલ્ડિંગ્સ તેમજ ફિલ્મો અને પ્રખ્યાત ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' (KBC)ની ફીઝને કારણે થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બિગ બી દરેક ફિલ્મ માટે આશરે 10થી 12 કરોડ રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે વિવિધ બ્રાન્ડ્સના એન્ડોર્સમેન્ટ માટે તેઓ 5થી 8 કરોડ રૂપિયા લે છે. આ ઉપરાંત, નાના પડદા પર પ્રસારિત થતા લોકપ્રિય શો KBCના એક જ સિઝનથી તેઓ આશરે 40થી 50 કરોડ રૂપિયા કમાય છે અને હાલમાં તેઓ KBCની 17મી સિઝન હોસ્ટ કરી રહ્યા છે.

83 વર્ષીય અભિનેતાએ મોટી કોર્પોરેટ કંપનીઓ અને ઝડપથી વિકસતા ટેક સ્ટાર્ટઅપ્સના વિવિધ પોર્ટફોલિયોમાં ભારે રોકાણ કર્યું છે. પાછલા વર્ષ દરમિયાન પ્રાઈવેટ અને ઈક્વિટી માર્કેટમાં વેલ્યુએશનમાં થયેલા ભારે વધારાને કારણે તેમની હોલ્ડિંગ્સ અનેકગણી વધી ગઈ છે. આ સિવાય, તેઓ પ્રીમિયમ ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ મોટા રોકાણકાર છે અને રેસિડેન્શિયલ તથા કમર્શિયલ સેક્ટરમાં પ્રોપર્ટીઝ ખરીદીને પોતાની કુલ સંપત્તિમાં વધારો કર્યો છે.

અક્ષય-શ્રદ્ધાની બોક્સ ઓફિસ ટક્કર ટળી, ઈઠાને મોકળું મેદાન

અગાઉ આ જ તારીખોમાં રીલિઝ થનારી અજય દેવગણની રેન્જર પણ પાછળ ધકેલાઈ ચૂકી છે

મુંબઈ, તા.24

શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈઠા' હવે ચોથી ડિસેમ્બરે રિલિઝ થશે ત્યારે તેની સાથે કોઈ ફિલ્મની બોક્સઓફિસ પર ટક્કર નહીં થાય. 'છાવા' ફેમ લક્ષ્મણ ઉતેકર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ઈઠા'માં શ્રદ્ધા કપૂરે મહારાષ્ટ્રની વિખ્યાત તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરની ભૂમિકા ભજવી છે. લાંબા સમયથી ફિલ્મ 'ઈઠા'ની રિલિઝ એક યા બીજા કારણસર ઠેલાઈ રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર અજય દેવગણની ફિલ્મ 'રેન્જર' જે ચોથી ડિસેમ્બરે રીલિઝ થવાની હતી તેને હવે ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવશે. બીજી એક



અક્ષય કુમાર વિદ્યા બાલન અને રાશિખન્નાની ફિલ્મ ચોથી ડિસેમ્બરે રિલિઝ થવાની હતી તેને પણ હવે નવેમ્બરમાં અથવા આવતાં વર્ષે ૨૦૨૭માં રિલિઝ કરવામાં આવશે. અગાઉ શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ટુ' અને અક્ષયકુમારની 'ખેલ ખેલ મેં 'બોક્સ ઓફિસ પર ટકરાઈ હતી. દર્શકોને ઈન્તેઝાર હતો કે શ્રદ્ધા અને અક્ષય કુમાર ફરી એકવાર ચોથી ડિસેમ્બરે ટકરાશે કે કેમ. પણ હવે અનીશ બાઝમી નિર્દેશિત અક્ષય કુમારની ફિલ્મ વહેલી તૈયાર થાય તો નવેમ્બરમાં નહીં તો ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવવાની હોઈ 'ઈઠા'ને ચોથી ડિસેમ્બરે સોલો રિલિઝ મળશે.

MeToo કેસમાં હોલિવૂડ ફિલ્મમેકરને 15 વર્ષની કેદની સજા, કહ્યું- મારાથી ભૂલો થઈ, માફી માંગુ છું

મુંબઈ, તા.24

ન્યૂયોર્કની એક કોર્ટે હોલિવૂડના જાણીતા ફિલ્મમેકર હાર્વે વીનસ્ટેનને 15 વર્ષની જેલની સજા સંભળાવી છે. 'પ્રોજેક્ટ રનવે' નામના રિયાલિટી ટીવી શોની પ્રોડક્શન ટીમમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતી મિરિયમ હેલી સાથે સંકળાયેલા યૌન અપરાધના કેસમાં દોષિત ઠર્યા બાદ તેને આ સજા ફટકારવામાં આવી છે. ન્યૂયોર્કની કોર્ટે આ સજા 2025માં થયેલા ફરીથી ટ્રાયલના આધારે સંભળાવી છે. સજા સાંભળતી વખતે વીનસ્ટેને પોતાની ભૂલો સ્વીકારીને માફી માંગી હતી, જોકે તેણે પોતાની બેગુનાહી પણ દોહરાવી હતી. ન્યૂયોર્કના જજએ કહ્યું હતું કે, 'વીનસ્ટેનને તેની ફિલ્મો માટે યાદ કરવામાં આવી શકે છે, પરંતુ તેના આ કૃત્યોની સામે તેની ઓળખ નાની પડી જાય છે.' આ ઉપરાંત, વીનસ્ટેનને કેલિફોર્નિયામાં પણ એક મહિલાના દુષ્કર્મ અને યૌન હુમલાના કેસમાં 16 વર્ષની સજા મળી ચૂકી છે. વર્ષ 2017માં હાર્વે વીનસ્ટેન પર અનેક મહિલાઓએ યૌન ઉત્પીડન અને યૌન શોષણના ગંભીર આરોપો લગાવ્યા હતા. આ ખુલાસાઓ પછી જ દુનિયાભરમાં '★MeToo' આંદોલનને મોટો વેગ મળ્યો હતો. હકીકતમાં '★MeToo'ની શરૂઆત 2006માં એક્ટિવિસ્ટ તરાના બર્કે કરી હતી, પરંતુ 2017માં અભિનેત્રી એલિસા મિલાનોની સોશિયલ

મીડિયા પોસ્ટ બાદ આ હેશટેગ દુનિયાભરમાં ઝડપથી વાઈરલ થયો હતો.

વર્ષ 2018માં ભારતમાં પણ '★MeToo' આંદોલને જોર પકડ્યું હતું, જેમાં અનેક કલાકારો અને નિર્માતાઓ પર મહિલાઓએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તનુદત્તા અને નાના પાટેકર: ભારતમાં આ આંદોલનને અભિનેત્રી તનુદત્તાના આરોપો પછી મોટી ગતિ મળી હતી, જેમણે અભિનેતા નાના પાટેકર પર 2008માં શૂટિંગ દરમિયાન ગેરવર્તણૂકનો આરોપ મૂક્યો હતો. સાજિદ ખાન: મોડેલ સલોની ચોપરા, પત્રકાર કરિશ્મા ઉપાધ્યાય અને અભિનેત્રી રેચલ વ્હાઈટે સાજિદ ખાન પર યૌન દુર્વ્યવહાર અને માનસિક ઉત્પીડનના આરોપો લગાવ્યા હતા, જેના કારણે સાજિદે ફિલ્મ 'હાઉસફુલ 4'ના નિર્દેશનથી દૂરી બનાવી લીધી હતી. અનુ મલિક: ગાયિકા સોના મોહાપાત્રા અને શ્વેતા પંડિતે સંગીતકાર અનુ મલિક પર સગીર વયે અને પ્રોફેશનલ કરિયર દરમિયાન અપમાનજનક તથા અનુચિત વ્યવહાર કરવાના આરોપો મૂક્યા હતા.

શેરબજારમાં મોટો કડાકો: સેન્સેક્સ 1100 પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી 23,100ની આસપાસ

મુંબઈ, તા.24

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 24 સપ્ટેમ્બરે ભારે વેચવાલી જોવા મળી રહી છે. સતત તેજી બાદ બજારમાં અચાનક આવેલા દબાણને કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો ઘટાડો નોંધાયો છે. બપોરના કારોબાર દરમિયાન સેન્સેક્સ લગભગ 1100 પોઈન્ટ અથવા 1.40 ટકા ઘટીને 73,700ની આસપાસ પહોંચી ગયો હતો. બીજી તરફ નિફ્ટીમાં પણ લગભગ 350 પોઈન્ટ એટલે કે 1.50 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને ઈન્ડેક્સ 23,100ની આસપાસ આવી ગયો હતો. બજારમાં વેચવાલીનું દબાણ એટલું વ્યાપક રહ્યું કે બેન્કિંગ, મેટલ અને ઓટોમોબાઈલ ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો.

આજના ઘટાડા પાછળ આંતરરાષ્ટ્રીય બજારમાં વધેલી અનિશ્ચિતતા અને વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં વધેલી ચિંતા મહત્વનું કારણ માનવામાં આવી રહી છે. ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો વધારો ભારત જેવા મોટા તેલ આયાતકાર દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ વધીને લગભગ 102 ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયો છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના વધતા તણાવ તેમજ હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઊભી થયેલી ચિંતાના કારણે વૈશ્વિક તેલ પુરવઠાને અસર થવાની આશંકા વધી છે. જો પુરવઠામાં કોઈ વિક્ષેપ સર્જાય અને ક્રૂડના ભાવ વધુ ઊંચા જાય તો તેની સીધી અસર ભારતના આયાત બિલ પર પડી શકે છે.

ક્રૂડ ઓઈલના ઊંચા ભાવથી ભારત માટે અનેક આર્થિક પડકારો ઊભા થઈ શકે છે. ભારત પોતાની તેલની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ મોંઘું થવાથી દેશનો આયાત ખર્ચ વધી શકે છે. આ ઉપરાંત પેટ્રોલ-ડીઝલ અને પરિવહન ખર્ચમાં વધારો થવાથી મોંઘવારી પર પણ દબાણ આવી શકે છે. ઊંચા ક્રૂડ ભાવથી ચાલુ ખાતાની ખાધ અને ભારતીય રૂપિયા પર પણ દબાણ વધવાની શક્યતા રહે છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને શેરબજારમાં રોકાણકારો સાવચેતીભર્યું વલણ અપનાવતા જોવા મળ્યા હતા. અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં થયેલો વધારો પણ ભારતીય શેરબજાર માટે મહત્વનું ચિંતાજનક પરિબળ બન્યો છે. અમેરિકાના 10 વર્ષના ટ્રેઝરી

બોન્ડની યીલ્ડ વધીને 5.11 ટકા સુધી પહોંચી ગઈ છે, જે 2007 પછીનું સર્વોચ્ચ સ્તર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અમેરિકન બોન્ડ યીલ્ડ વૈશ્વિક નાણાકીય બજારો માટે મહત્વનું સૂચક માનવામાં આવે છે. જ્યારે અમેરિકન સરકારી બોન્ડમાંથી રોકાણકારોને વધુ વળતર મળવાની સંભાવના ઊભી થાય છે ત્યારે વૈશ્વિક રોકાણકારો જોખમી અથવા ઊભરતા બજારોની સરખામણીએ અમેરિકન એસેટ્સ તરફ વધુ આકર્ષાઈ શકે છે. બોન્ડ યીલ્ડ મૂળભૂત રીતે કોઈ સરકારી બોન્ડમાંથી મળતા વાર્ષિક વળતરને દર્શાવે છે. તેની સપાટી સરકાર સીધી રીતે નક્કી કરતી નથી, પરંતુ બોન્ડની બજાર કિંમત, ખરીદી-વેચાણ અને માંગ-પુરવઠાના આધારે તેમાં સતત ફેરફાર થતો રહે છે. જ્યારે રોકાણકારો બોન્ડ વેચે છે ત્યારે તેની બજાર કિંમત ઘટે છે અને તેના પરિણામે યીલ્ડ વધી શકે છે. અમેરિકન ફેડરલ રિઝર્વની વ્યાજદર નીતિ, મોંઘવારીના આંકડા, રોજગારની સ્થિતિ અને અમેરિકન અર્થતંત્રની મજબૂતી જેવા પરિબળો બોન્ડ યીલ્ડને અસર કરે છે.

અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારો થવાથી ડોલર આધારિત રોકાણ વધુ આકર્ષક બની શકે છે. આવી સ્થિતિમાં વિદેશી રોકાણકારો ભારત જેવા ઊભરતા બજારોમાંથી નાણાં પાછાં ખેંચીને અમેરિકન બોન્ડ અથવા અન્ય ડોલર આધારિત એસેટ્સમાં રોકાણ કરી શકે છે. આ કારણે ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની વેચવાલી વધે તો બજાર પર વધુ દબાણ આવી શકે છે. છેલ્લા કેટલાક સમયથી વિદેશી રોકાણકારોના વલણને ભારતીય બજાર માટે મહત્વના પરિબળ તરીકે જોવામાં આવી રહ્યું છે.

આ દરમિયાન વીમા ક્ષેત્ર સાથે જોડાયેલા શેરોમાં પણ ભારે દબાણ જોવા મળ્યું છે. વીમા નિયામક IRDAI દ્વારા પ્રસ્તાવિત ફેરફારોને કારણે વીમા કંપનીઓના કમિશન અને વિતરણ વ્યવસ્થામાંથી થતી કમાણી પર અસર થવાની આશંકા બજારમાં વ્યક્ત થઈ રહી છે. આ ચિંતાની અસર ખાસ કરીને વીમા અને નાણાકીય ક્ષેત્ર સાથે જોડાયેલા શેરોમાં જોવા મળી હતી. PB Fintechના શેરમાં લગભગ 10 ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત Axis Bank, Bajaj Finance અને Bajaj Finserv જેવા શેરો પણ વેચવાલીના દબાણમાં રહ્યા હતા. બેન્કિંગ અને નાણાકીય શેરોમાં વેચવાલી વધવાથી સમગ્ર નિફ્ટી પર પણ તેની અસર જોવા મળી હતી.

આજે બજારમાં થયેલી ઝડપી વેચવાલીના કારણે રોકાણકારોની સંપત્તિમાં પણ મોટો ઘટાડો થયો છે. ગઈકાલે એટલે કે 23 સપ્ટેમ્બરના કારોબારના અંતે BSEમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન આશરે 48.50 લાખ કરોડ રૂપિયા હતું. આજે બપોરે 2.20 વાગ્યા સુધીમાં તે ઘટીને લગભગ 48.10 લાખ કરોડ રૂપિયા થઈ ગયું હતું. એટલે કે થોડા કલાકના કારોબારમાં જ રોકાણકારોની સંપત્તિમાં અંદાજે 3.94 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. બજારમાં ઘટાડો વધુ ઊંડો બનતા માર્કેટ કેપમાં પણ ઘટાડો ઝડપથી જોવા મળ્યો હતો. બીજી તરફ પ્રાથમિક બજારમાં IPOને લઈને રોકાણકારોની નજર રહેશે. A-One Steels અને Moneyviewના IPO આજે એટલે કે 24 સપ્ટેમ્બરથી ખુલ્યા છે.

NSEના શેર માત્ર 0.84% વધીને ₹1,800 પર લિસ્ટ થયા: હવે 5%થી વધુ વધીને ₹1,876 પર પહોંચ્યો

મુંબઈ, તા.24

ભારતના મૂડીબજાર માટે આજે 24 સપ્ટેમ્બરનો દિવસ અતિ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે. દેશના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના શેર આજે શેરબજારમાં અધિકૃત રીતે લિસ્ટ થઈ ગયા છે અને આ સાથે જ તે એક જાહેર રીતે ટ્રેડ થતી સંસ્થા બની ગઈ છે. લિસ્ટિંગના પ્રથમ દિવસે સવારે લિસ્ટિંગ સેરેમની દરમિયાન શરૂઆત અપેક્ષા કરતાં થોડી ધીમી અને શાંત રહી હતી. NSE ના શેરની ઈશ્યૂ પ્રાઈસ 1,785 નક્કી કરવામાં આવી હતી, જેની સામે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર તેનો શેર 1,800 ની સપાટી પર ખૂલ્યો હતો. આમ, રોકાણકારોને લિસ્ટિંગ સમયે માત્ર 15 અથવા 0.84% નો જ સામાન્ય પ્રોફિટ કે ફ્લેટ લિસ્ટિંગ ગેઈન મળ્યો હતો. પરંતુ લિસ્ટિંગની આ ફ્લેટ શરૂઆત ટૂંક સમયમાં જ તેજીમાં ફેરવાઈ ગઈ હતી. ટ્રેડિંગ શરૂ થયાના થોડા જ સમયમાં નીચા ભાવે સાર્વત્રિક અને મજબૂત ખરીદીનો મોટો ટેકો મળ્યો હતો. જેને કારણે શેરનો ભાવ ઝડપથી ઊંચકાયો હતો અને 5.14% નો તીવ્ર ઉછાળો નોંધાવીને 1,876 ની દિવસની સર્વોચ્ચ ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો.

આ ઐતિહાસિક લિસ્ટિંગ પ્રસંગે યોજાયેલી વિશેષ સેરેમનીમાં NSE ના મેનેજિંગ ડિરેક્ટર અને

મુખ્ય કારોબારી અધિકારી (MD & CEO) આશિષ કુમાર ચૌહાણે આઈપીઓ ની સફળતા અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ખુલાસો કર્યો હતો કે આ પબ્લિક ઈશ્યૂમાં 34 લાખથી પણ વધુ નાના અને સામાન્ય રિટેલ રોકાણકારોને સફળતાપૂર્વક શેરની ફાળવણી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે દેશના કરોડો રોકાણકારોએ NSE ની વિશ્વસનીયતા, કામગીરી અને ભવિષ્ય પર જે અથાહ વિશ્વાસ મૂક્યો છે, તે બદલ સમગ્ર સંસ્થાન તમામ રોકાણકારોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આઈપીઓ ના સબસ્ક્રિપ્શનના આંકડા પણ બજારમાં NSE ના વર્ચસ્વની ગવાહી આપે છે. ત્રણ દિવસ સુધી ચાલેલી બોલી પ્રક્રિયા દરમિયાન આ પબ્લિક ઈશ્યૂને કુલ 5.71 ગણું સબ્સ્ક્રિપ્શન મળ્યું હતું. એક્સચેન્જ દ્વારા કુલ 8.86 કરોડ શેર વેચાણ માટે મુકવામાં આવ્યા હતા, જેની સામે રોકાણકારો તરફથી 50.28 કરોડ શેર ખરીદવા માટે ભારે બોલીઓ લાગાવવામાં આવી હતી. વિવિધ કેટેગરીના રોકાણકારોના પ્રતિસાદ પર નજર કરીએ તો, સૌથી વધુ માગ મોટા વિદેશી અને સ્થાનિક સંસ્થાકીય ફંડ્સ (QIB) તરફથી જોવા મળી હતી. QIB નો અનામત કોટા 12.68 ગણો ભરાયો હતો. બીજી તરફ, અમીર તથા બિન-સંસ્થાકીય રોકાણકારો (NII) માટેનો હિસ્સો 6.55 ગણો ભરાયો હતો, જ્યારે સામાન્ય અને નાના રિટેલ રોકાણકારોનો કોટા 1.39 ગણો સબ્સ્ક્રાઈબ થયો હતો.

ઉલ્લેખનીય છે કે આ આઈપીઓ રોકાણકારો માટે 17 સપ્ટેમ્બરથી 21 સપ્ટેમ્બર સુધી ખુલ્લો મુકાયો હતો. એક્સચેન્જે આ માટે પ્રતિ શેર 1,700 થી 1,785 નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો હતો. આ સમગ્ર ઈશ્યૂનું કુલ કદ 22,562 કરોડ હતું. આ ઈશ્યૂ સંપૂર્ણપણે 'ઓફર ફોર સેલ' (OFS) સ્વરૂપે આવ્યો હતો. એનો અર્થ એ થાય છે કે કંપની દ્વારા કોઈ નવા શેર બહાર પાડીને નવી મૂડી એકઠી કરવામાં આવી નહોતી, પરંતુ NSE માં અગાઉથી હિસ્સેદારી ધરાવતા હાલના રોકાણકારોએ પોતપોતાનો હિસ્સો વેચીને પ્રોફિટ બુકિંગ કર્યું હતું. લિસ્ટિંગ બાદ માર્કેટ એનાલિસ્ટ્સ પણ NSE ના શેર અંગે સકારાત્મક વલણ ધરાવે છે. સ્થાનિક સ્તરે જાણીતી બ્રોકરેજ ફર્મ એમકે ગ્લોબલ ફાઈનાન્શિયલ સર્વિસિસે NSE ના સ્ટોક પર પોતાની 'Buy' (ખરીદી) ની રેટિંગ જાળવી રાખી છે.

સ્ટાર્ચમાંથી બનેલા પનીરના પેકેટ પર 'પનીર' લખી શકાશે નહીં: FSSAIએ ડ્રાફ્ટ જાહેર કરીને સૂચનો માગ્યા

નવી દિલ્હી, તા.24

ભારતમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને ગ્રાહકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કામ કરતી સર્વોચ્ચ સંસ્થા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (FSSAI) એ ડેરી પ્રોડક્ટ્સ અને ભેળસેળયુક્ત ખાદ્યચીજો અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો પ્રસ્તાવ રજૂ કર્યો છે. FSSAI દ્વારા જાહેર કરવામાં આવેલા નવા ડ્રાફ્ટ નોટિફિકેશન અનુસાર, હવેથી જે પનીર શુદ્ધ દૂધમાંથી બનાવવાના બદલે વનસ્પતિ તેલ, પામ ઓઈલ કે સ્ટાર્ચ જેવી અન્ય ચીજોનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવતું હોય, તેના પેકેટ કે રેપર્સ પર 'પનીર' શબ્દનો ઉપયોગ કરી શકાશે નહીં. આ પ્રકારના પદાર્થોને ટેકનિકલ ભાષામાં 'એનાલોગ પનીર' તરીકે ઓળખવામાં આવે છે. આ નવા નિયમો લાવવા પાછળનો મુખ્ય હેતુ સામાન્ય ગ્રાહકોને ગેરમાર્ગે દોરાતા બચાવવાનો અને બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થોમાં પારદર્શિતા લાવવાનો છે. જ્યારે પણ કોઈ સામાન્ય નાગરિક બજારમાંથી પનીર ખરીદવા જાય, ત્યારે તેને સ્પષ્ટપણે ખબર પડવી જોઈએ કે તે શુદ્ધ દૂધમાંથી બનેલું વાસ્તવિક ડેરી પનીર ખરીદી રહ્યો છે કે પછી

વનસ્પતિ તેલ અને સ્ટાર્ચના મિશ્રણમાંથી તૈયાર કરાયેલી કોઈ કૃત્રિમ વસ્તુ. આ પ્રસ્તાવિત નિયમો અમલમાં આવ્યા બાદ વેપારીઓ કે પ્રોસેસિંગ યુનિટ્સ એનાલોગ પનીરને ડેરી પનીરના નામે વેચી શકશે નહીં. FSSAI એ આ ડ્રાફ્ટ નિયમો અંગે દેશના સામાન્ય નાગરિકો, ગ્રાહક સુરેક્ષા સંગઠનો અને ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા નિષ્ણાતો તેમજ સભ્યો પાસેથી જાહેર અભિપ્રાય અને સલાહ-સૂચનો માંગ્યા છે. કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આ નોટિફિકેશન બહાર પડ્યાના આગામી 60 દિવસની અંદર પોતાના વાંધા, સૂચનો કે આપત્તિઓ અધિકૃત રીતે નોંધાવી શકે છે. લોકો અને ઉદ્યોગ જગત તરફથી મળેલા તમામ સૂચનોની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ જ આ નિયમોને આખરી ઓપ આપવામાં આવશે. હાલમાં આ માત્ર એક ડ્રાફ્ટ પ્રસ્તાવ છે અને અંતિમ મંજૂરી મળ્યા બાદ જ તે સમગ્ર દેશમાં કાયદાકીય રીતે લાગુ કરવામાં આવશે.

આરોગ્ય નિષ્ણાતોના મતે, માત્ર 'એનાલોગ પનીર' હોવું એ પોતે જ સ્વાસ્થ્ય માટે હાનિકારક નથી, પરંતુ વાસ્તવિક અને ગંભીર ખતરો ત્યારે ઊભો થાય છે જ્યારે તેને બનાવતી વખતે અત્યંત હલકી ગુણવત્તાવાળું વનસ્પતિ તેલ,પામ ઑઈલ અથવા તો અપ્રમાણિત અને ખરાબ ગુણવત્તાવાળી કાચી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારનું બનાવટી કે હલકી ગુણવત્તાવાળું એનાલોગ પનીર જો સતત અને લાંબા સમય સુધી ખોરાકમાં લેવામાં આવે, તો તેનાથી પાચનતંત્રની સમસ્યાઓ, કોલેસ્ટ્રોલ વધવું અને હૃદયરોગ જેવા અનેક ગંભીર સ્વાસ્થ્ય જોખમો ઊભા થઈ શકે છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ હાલમાં ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાત જેવા દેશના અગ્રણી રાજ્યોની સરકારોએ 'એનાલોગ પનીર'ના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને વિતરણ પર કડક પ્રતિબંધ લાદી દીધો છે. વાસ્તવમાં, રાજ્યોના વિવિધ શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં અનેક વેપારીઓ અને ડેરીઓ દ્વારા આ એનાલોગ પનીરને શુદ્ધ ડેરી પનીર તરીકે ઓળખાવીને ઊંચા ભાવે વેચવામાં આવતું હતું.

100% ઈથેનોલ પર ચાલશે ટોયોટા ઇનોવા: ઓક્ટોબરમાં લોન્ચની તૈયારી, ગડકરીએ કહ્યું- ઈથેનોલથી ખેડૂતોને પણ મોટો ફાયદો

મુંબઈ, તા.24

કેન્દ્રીય રોડ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ દેશમાં ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ગડકરીએ જણાવ્યું હતું કે તેમને 100 ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે. આ વાહન આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવાની શક્યતા છે. E20 પેટ્રોલના ઉપયોગ અને તેને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ગડકરીએ ફરી એકવાર વૈકલ્પિક ઇંધણ, ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગડકરીએ જણાવ્યું હતું કે ઈથેનોલનો ઉપયોગ હવે માત્ર ભારત પૂરતો મર્યાદિત નથી રહ્યો. વિશ્વના 19 દેશોમાં ઈથેનોલ આધારિત ઇંધણનો ઉપયોગ થઈ રહ્યો છે અને આ પ્રકારના ઇંધણથી ચાલતા વાહનો અંગે હવે કોઈ મોટી ફરિયાદો મળી રહી નથી. તેમના જણાવ્યા અનુસાર, ઈથેનોલ આધારિત વાહનોના ઉપયોગને વધારવાથી પરંપરાગત પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. ભારત જેવા દેશમાં જ્યાં પેટ્રોલિયમ ઉત્પાદનોની મોટી માત્રામાં આયાત કરવામાં આવે છે, ત્યાં સ્થાનિક સ્તરે ઉત્પાદિત ઈથેનોલનો ઉપયોગ ઊર્જા આયાતના ખર્ચને ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. ટોયોટાનું આગામી વાહન ખાસ કરીને 100 ટકા ઈથેનોલ પર ચલાવવા માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ કારમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે. એટલે કે વાહનમાં ઈથેનોલથી ચાલતા ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનની સાથે ઈલેક્ટ્રિફાઈડ સિસ્ટમ પણ જોડવામાં આવશે. ઉપલબ્ધ અહેવાલો અનુસાર, આ પ્રકારની ટેકનોલોજીના કારણે વાહન ચલાવવાનો ખર્ચ પેટ્રોલના વર્તમાન ખર્ચની સરખામણીમાં ઘણો ઓછો થઈ શકે છે અને પ્રતિ લીટર આશરે 25 રૂપિયા જેટલો ખર્ચ આવવાની વાત કરવામાં આવી રહી છે. જોકે વાસ્તવિક ખર્ચ વાહનની ટેકનોલોજી, ઈથેનોલના ભાવ, માઈલેજ અને ઉપયોગની

પરિસ્થિતિ પર આધારિત રહેશે.

ટોયોટાએ પોતાની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરમાં થનારા આ કોમર્શિયલ લોન્ચ અંગે હજુ સુધી અલગથી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. જોકે કંપની છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં ઈથેનોલ આધારિત ફ્લેક્સ-ફ્યુઅલ અને હાઈબ્રિડ ટેકનોલોજી પર કામ કરી રહી છે. ઓગસ્ટ 2023માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો. આ પ્રોટોટાઈપને ભારતમાં વૈકલ્પિક ઈંધણ આધારિત વાહનોની દિશામાં એક મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ પ્રયાસ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. ટોયોટાના આ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપમાં ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન સાથે સ્ટ્રોંગ હાઈબ્રિડ ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન આપવામાં આવી છે. આ ટેકનોલોજી E20 કરતાં વધુ ઈથેનોલ મિશ્રણ ધરાવતા ઈંધણ પર પણ કામ કરી શકે છે. કંપની દ્વારા અગાઉ રજૂ કરવામાં આવેલી માહિતી અનુસાર, વિશિષ્ટ ટેસ્ટ કન્ડિશનમાં આ સ્ટ્રોંગ હાઈબ્રિડ સિસ્ટમ લગભગ 60 ટકા સમય સુધી પેટ્રોલ એન્જિન બંધ રાખી શકે છે, જ્યારે લગભગ 40 ટકા અંતર ઈલેક્ટ્રિફાઈડ મોડમાં કાપી શકે છે. આ ટેકનોલોજીનો મુખ્ય ઉદ્દેશ ઈંધણની કાર્યક્ષમતા વધારવાની સાથે પેટ્રોલિયમ ઈંધણના ઉપયોગમાં ઘટાડો કરવાનો છે.

100 ટકા ઈથેનોલ પર ચાલતું વાહન ભારતમાં વૈકલ્પિક ઈંધણના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પગલું બની શકે છે. હાલમાં દેશમાં E20 પેટ્રોલ એટલે કે 20 ટકા ઈથેનોલ મિશ્રણ ધરાવતા પેટ્રોલનો ઉપયોગ વધારવામાં આવી રહ્યો છે. ફ્લેક્સ-ફ્યુઅલ ટેકનોલોજીનું વિશેષ મહત્વ એ છે કે આવા વાહનો વિવિધ પ્રમાણમાં ઈથેનોલ મિશ્રણ ધરાવતા ઈંધણ પર ચાલી શકે છે. તેથી ઈથેનોલનું સ્થાનિક ઉત્પાદન વધે અને પૂરતો પુરવઠો ઉપલબ્ધ થાય તો ભવિષ્યમાં વાહન ઈંધણમાં ઈથેનોલનો હિસ્સો વધુ વધારી શકાય છે. ગડકરીએ ઈથેનોલના વધતા ઉપયોગને માત્ર વાહન ઉદ્યોગ સાથે નહીં પરંતુ કૃષિ ક્ષેત્ર સાથે પણ જોડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઈથેનોલનું ઉત્પાદન વધવાથી કૃષિ ક્ષેત્રમાંથી મળતી કાચી સામગ્રીની માંગમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને મકાઈમાંથી ઈથેનોલ બનાવવાની નીતિને કારણે ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને આશરે 45,000 કરોડ રૂપિયાનો લાભ થયો હોવાનો તેમણે દાવો કર્યો હતો. આ દાવાનો આધાર અને ગણતરી અલગ-અલગ નીતિ તથા બજાર પરિબળો સાથે જોડાયેલી છે, પરંતુ સરકાર ઈથેનોલ ઉત્પાદનને કૃષિ આવકના એક વધારાના સ્ત્રોત તરીકે પ્રોત્સાહિત કરી રહી છે. ઈથેનોલ ઉત્પાદન માટે માત્ર શેરડી પર નિર્ભરતા ન રહે તે માટે છેલ્લા કેટલાક વર્ષોમાં કાચા માલના સ્ત્રોતો પણ વિસ્તૃત કરવામાં આવ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર શેરડી આધારિત ઉત્પાદનો ઉપરાંત નુકસાન પામેલા અનાજ, મકાઈ અને વધારાના ચોખા જેવા વિકલ્પોનો ઉપયોગ ઈથેનોલ ઉત્પાદન માટે કરવામાં આવી રહ્યો છે.

હવે ઘરે બેઠા IMAXનો અનુભવ અને માત્ર બોલવાથી શોપિંગ-બુકિંગ: મેટાએ લોન્ચ કર્યા નવા AI સ્માર્ટ ગ્લાસિસ

નવી દિલ્હી, તા.24

ટેકનોલોજીની દુનિયામાં મેટાએ વધુ એક મોટું પગલું ભર્યું છે. હવે ભવિષ્યમાં ઘરે બેઠા જ IMAX થિયેટર જેવો સિનેમાનો અનુભવ કરી શકાશે, જ્યારે શોપિંગ, ટિકિટ બુકિંગ, ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ કે અન્ય સર્વિસ માટે બુકિંગ જેવા કામો પણ માત્ર બોલવાથી કરી શકાશે. માર્ક ઝુકરબર્ગની કંપની મેટાએ 23 સપ્ટેમ્બરે અમેરિકાના કેલિફોર્નિયાના મેન્લો પાર્કમાં યોજાયેલા પોતાના વાર્ષિક કાર્યક્રમ દરમિયાન નવા સ્માર્ટ ચશ્માં, વર્ચ્યુઅલ રિયાલિટી ડિવાઈસ અને AI આધારિત નવા ગેજેટ્સ રજૂ કર્યા છે. કંપનીનો મુખ્ય ભાર હવે માત્ર સ્માર્ટ ચશ્માંને પહેરવા યોગ્ય ટેકનોલોજી તરીકે રજૂ કરવાનો નથી, પરંતુ તેને યુઝરના રોજિંદા જીવનમાં એક પર્સનલ AI આસિસ્ટન્ટ તરીકે ઉપયોગ કરવાની દિશામાં છે. મેટાએ આ ઈવેન્ટમાં સ્માર્ટ ચશ્માંની એક એવી કેટેગરી પણ રજૂ કરી છે જેમાં કેમેરા આપવામાં આવ્યો નથી. સ્માર્ટ ચશ્માંમાં કેમેરા હોવાને કારણે અન્ય લોકોની પરવાનગી વગર ગુપ્ત રીતે ફોટો કે વીડિયો રેકોર્ડ થવાની શક્યતા અંગે સમયાંતરે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. આ

બાબતને ધ્યાનમાં રાખીને કંપનીએ 'Ray-Ban Meta Audio AI Glasses' રજૂ કર્યા છે. આ ચશ્માંમાં કેમેરા નહીં પરંતુ માઈક્રોફોન અને સ્પીકર્સ આપવામાં આવ્યા છે. એટલે કે યુઝર તેનો ઉપયોગ મ્યુઝિક સાંભળવા, ફોન કોલ કરવા અને Meta AI આસિસ્ટન્ટ સાથે વાતચીત કરવા માટે કરી શકશે. કેમેરા દૂર કરવાથી આ ચશ્માંને પ્રાઈવસી અંગે ચિંતિત યુઝર્સ માટે અલગ વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. મેટાએ ફોટો અને વીડિયો બનાવવાનું પસંદ કરતા યુઝર્સ માટે પોતાના કેમેરાવાળા સ્માર્ટ ગ્લાસિસનું નવું વર્ઝન પણ રજૂ કર્યું છે. તેને 'Ray-Ban Meta Gen 3' નામ આપવામાં આવ્યું છે. નવા મોડલમાં અગાઉની પેઢીની સરખામણીએ બેટરી લાઈફમાં સુધારો કરવામાં આવ્યો છે અને કંપનીના જણાવ્યા મુજબ તે એક ચાર્જમાં 9 કલાક સુધી કામ કરી શકે છે. આ ઉપરાંત તેમાં Dolby Atmos ઓડિયો સપોર્ટ પણ આપવામાં આવ્યો છે. એટલે કે સ્માર્ટ ચશ્માંનો ઉપયોગ માત્ર ફોટો અને વીડિયો રેકોર્ડ કરવા પૂરતો મર્યાદિત નહીં રહે પરંતુ મ્યુઝિક અને ઓડિયો અનુભવને પણ વધુ સારો બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મેટાએ પોતાના વર્ચ્યુઅલ રિયાલિટી હેડસેટની જગ્યાએ વધુ હળવા અને ચશ્મા જેવા દેખાતા 'Meta VR Glasses' પણ રજૂ કર્યા છે. તેનું વજન માત્ર આશરે 100 ગ્રામ રાખવામાં આવ્યું છે, જેના કારણે સામાન્ય VR હેડસેટની સરખામણીએ તેને પહેરવું વધુ સરળ બનવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ડિવાઈસને Apple Vision Pro જેવી ટેકનોલોજી સાથે સ્પર્ધા કરવા માટે રજૂ કરવામાં આવ્યું છે. જોકે તેનું વજન ઓછું રાખવા માટે બેટરી અને પ્રોસેસર ચશ્માંની અંદર રાખવામાં આવ્યા નથી. આ બંને મુખ્ય ઘટકો આશરે 300 ગ્રામ વજન ધરાવતા અલગ નાના ડિવાઈસમાં આપવામાં આવ્યા છે, જે ચશ્માં સાથે કનેક્ટ થઈને કામ કરશે. આ નવા VR ગ્લાસિસની સૌથી મોટી ખાસિયતોમાં તેનું ડિસ્પ્લે સામેલ છે. તેમાં 5K સ્ક્રીન આપવામાં આવી છે, જેના કારણે ટેક્સ્ટ અને અન્ય ડિજિટલ સામગ્રી વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાશે. કંપનીનો દાવો છે કે સ્ક્રીન પર ધૂંધળાપા વગર ટેક્સ્ટ વાંચી શકાય છે. આ ચશ્માં દ્વારા 3Dમાં IMAX જેવી મોટી સ્ક્રીનનો સિનેમેટિક અનુભવ મેળવવાનો પ્રયાસ કરી શકાય છે. એટલે કે યુઝર પોતાના ઘરમાં બેસીને વર્ચ્યુઅલ મોટી સ્ક્રીન પર ફિલ્મ અથવા અન્ય વીડિયો કન્ટેન્ટ જોઈ શકે છે.

આ ચશ્માંનો ઉપયોગ માત્ર મનોરંજન માટે નહીં પરંતુ કામકાજ માટે પણ થઈ શકે છે. તેને કમ્પ્યુટર અથવા Mac સાથે કનેક્ટ કરીને યુઝર એકસાથે અનેક વર્ચ્યુઅલ વિન્ડોઝમાં કામ કરી શકશે. એટલે કે સામાન્ય મોનિટરની જગ્યાએ વર્ચ્યુઅલ સ્પેસમાં અલગ-અલગ સ્ક્રીન બનાવીને કામ કરવાની સુવિધા મળી શકે છે. આશરે 3 કલાકની બેટરી લાઈફ સાથેનું આ ડિવાઈસ ખાસ કરીને એવા યુઝર્સ માટે ઉપયોગી બની શકે છે જેઓ કામ કરતી વખતે મોટી વર્ચ્યુઅલ સ્ક્રીન અથવા એકથી વધુ વિન્ડોનો ઉપયોગ કરવા માગે છે.

આ ઉપરાંત મેટાએ આ ઈવેન્ટમાં 'Meta Charm' નામનું નાનું ગેજેટ પણ રજૂ કર્યું છે. આ ડિવાઈસ કંપનીના નવા 'Muse AI Assistant' સાથે કામ કરશે. કદમાં આ ગેજેટ Appleના AirPodsના કેસ જેટલું નાનું હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમાં 2 ઈંચની ટચસ્ક્રીન અને 5G કનેક્ટિવિટી આપવામાં આવી છે. કંપનીના જણાવ્યા અનુસાર આ ડિવાઈસ ડિસેમ્બર સુધીમાં વેચાણ માટે ઉપલબ્ધ થઈ શકે છે. જોકે મેટાએ તેની કિંમત અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. મેટા ચાર્મ રજૂ કરતી વખતે માર્ક ઝુકરબર્ગે જણાવ્યું હતું કે કંપનીએ રિયલ-ટાઈમ

સોના-ચાંદીના ભાવમાં સતત ચોથા દિવસે ઘટાડો: ચાંદી ₹7 હજાર સસ્તી થઈને ₹2.30 લાખ કિલો પર આવી

નવી દિલ્હી, તા.24

આજે એટલે કે 24 સપ્ટેમ્બરે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 853 રૂપિયા ઘટીને 1.51 લાખ રૂપિયા પર આવી ગયો છે. એક કિલો ચાંદી 2,716 રૂપિયા સસ્તી થઈને 2.30 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

સોના-ચાંદીના ભાવમાં સતત ચોથા દિવસે ઘટાડો નોંધાયો છે. 4 દિવસમાં ચાંદી લગભગ 7 હજાર રૂપિયા અને સોનું 2,500 રૂપિયા સસ્તું થયું છે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

નોન-ફેર રેવન્યુ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન નોટિસ

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકની કચેરી, અમદાવાદ મંડળ – પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ – 382345; અમદાવાદ મંડળના નોન-ફેર રેવન્યુ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન નોટિસ. કેટલોગ પહેલેથી જ IREPS પોર્ટલ www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવ્યા છે અને તેની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે.

કેટલોગ નં.	કોન્ટ્રાક્ટનો પ્રકાર	કેટેગરી	ઈ-ઓક્શનની તારીખ અને સમય
NFR-ADI-18-26	જાહેરાત	• ટ્રેન બાહ્ય ભાગ (ફૂલ ફેસ) • ટ્રેન આંતરિક ભાગ • આઉટ ઓફ હોમ • RDN-ડિજિટલ • RDN-નોન ડિજિટલ • હેડ રેસ્ટ કવર	આ લોટ્સ માટે ઈ-ઓક્શન તારીખ 12.10.2026ના રોજ 10:00 કલાકે શરૂ થશે.
NFR-ADI-19-26	પાર્કિંગ	• મિશ્રિત	આ લોટ્સ માટે ઈ-ઓક્શન તારીખ 12.10.2026ના રોજ 10:30 કલાકે શરૂ થશે.
	પે એન્ડ યુઝ	• શૌચાલય • રિટાયરિંગ રૂમ • વેઇટિંગ રૂમ	
	એટીએમ	• જનરલ	
	વિવિધ સ્ટેટિક સેવાઓ	• EV ચાર્જિંગ સ્ટેશન • ડિજિટલ લોકર્સ • બોટલ ક્રશિંગ મશીન • કાફેટેરિયા • વેગન ક્લીનિંગ • વેસ્ટ મેનેજમેન્ટ • ટુ-વ્હીલર અને અન્ય પાર્સલ પેકિંગ સેવાઓ • ડિજિટલ મોબાઇલ ચાર્જિંગ કિયોસ્ક	
	વિવિધ મોબાઇલ સેવાઓ	• મોબાઇલ જનરલ	

ADI – 170

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ

સિગ્નલિંગ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ

W.118/NIT/E-Tender/2026-27/14/WA; તારીખ: 23/09/2026; ઈ-ટેન્ડર માટે આમંત્રણ સૂચના, મંડળ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, ભાવનગર, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં.: DRM-SnT-BVP-Sig015of26-27:** ભાવનગર મંડળમાં નીચે દર્શાવેલ કામોના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ: (i) ધોળા – સોનગઢ – CC+8+2 રૂટ્સ – TRR(P) – 11 Tkm. (ii) કોટરિયા – રિબડા – TRR(P) – 10.000 Tkm. (iii) રાજકોટ – જેતલસર – TRR(P) – 5.320 Tkm. (iv) કાનાલુસ – પોરબંદર સેક્શન: પોરબંદર, વાંસજાળિયા, ભાણવડ, ગોપ જામ અને લાલપુર જામ ખાતે કુલ 5 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (v) રાજકોટ – જેતલસર સેક્શન: વિરપુર, ગોંડલ, રિબડા અને જેતલસર જંક્શન ખાતે યાર્ડમાં સુધારણા અને અપગ્રેડેશન. (vi) જેતલસર – શાપુર સેક્શન: જુનાગઢ, શાપુર અને વડાલ સ્ટેશનો ખાતે કુલ 3 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (vii) જુનાગઢ – સોમનાથ સેક્શન: લૂશાળા, કેશોદ, માળિયા હટીના, ચોરવાડ, આદરી રોડ અને વેરાવળ સ્ટેશનો ખાતે કુલ 6 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (viii) જેતલસર – વાંસજાળિયા સેક્શન: ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, જામ જોધપુર અને બલવા સ્ટેશનો ખાતે કુલ 5 સ્થળોએ યાર્ડમાં સુધારણા. (ix) DEN-W અધિકારક્ષેત્ર: ધોરાજી અને જામ જોધપુર સ્ટેશનો ખાતે કુલ 5 સ્ટેશનોમાં ટ્રેક મશીન સાઇડિંગની વ્યવસ્થા કરવી; **અંદાજિત કિંમત:** ₹ 2,15,90,226.49/- (રૂપિયા બે કરોડ પંદર લાખ નેવું હજાર બ સો છવ્વીસ અને ઓગણપચાસ પૈસા માત્ર); બોલી લગાવનારાઓએ માત્ર www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઇન અરજી કરવાની રહેશે; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in વેબસાઇટની મુલાકાત લો. ઓનલાઇન અરજી કરવાની **અંતિમ તારીખ 15/10/2026 ના રોજ 15:00 કલાક સુધી છે.**

BVP – 136

અમને લાઈક કરો: facebook.com/WesternRly

AMC હેલ્થ વિભાગનો એક્શન મોડ: શહેરમાં 1,298 સ્થળોએ સઘન ચેકિંગ

અમદાવાદમાં વરસાદ બાદ ડેન્ગ્યુ વકર્યો: 146 સ્થળેથી મચ્છરોના બ્રીડિંગ મળતા ₹6.06 લાખનો દંડ, સેપ્ટ યુનિવર્સિટી સહિત 222 એકમોને નોટિસ

સપ્ટેમ્બરના 20 જ દિવસમાં ડેન્ગ્યુના રેકોર્ડ 496 કેસ નોંધાયા, પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ કાર્યવાહી, ગાંધીઆશ્રમ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાઈટ દંડાઈ

અમદાવાદ, તા.24

અમદાવાદમાં વરસાદ બાદ મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે અને ડેન્ગ્યુના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ મચ્છરોના બ્રીડિંગને અટકાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગની વેક્ટર બોર્ન ડીઝીઝ કંટ્રોલ શાખા દ્વારા શહેરભરમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું છે. 22મી અને 23મી સપ્ટેમ્બર દરમિયાન બાંધકામ સાઈટ, સરકારી પરિસર અને અન્ય એકમો સહિત કુલ 1,298 સ્થળોની તપાસ કરવામાં આવી હતી. જેમાં 146 એકમોમાં મચ્છરોનું બ્રીડિંગ મળી આવ્યું હતું. બેદરકારી બદલ 222 એકમોને નોટિસ ફટકારવામાં આવી છે અને કુલ 6.06 લાખ રૂપિયાનો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે.

પશ્ચિમ ઝોનમાં 232 એકમોનું ચેકિંગ કર્યું હતું. જેમાં 93 એકમોને નોટિસ આપી સૌથી વધુ 1.85 લાખ રૂપિયા વહીવટી ચાર્જ વસુલ્યો છે. ઉત્તર ઝોનમાં 231 એકમો ચકાસતા 22માં બ્રીડિંગ મળી આવ્યા હતા. ઉત્તર પશ્ચિમ ઝોનમાં 122 એકમો તપાસ કર્યા હતા, જે પૈકી 13 જગ્યાએ બ્રીડિંગ મળ્યા હતા. આ ઉપરાંત પૂર્વ ઝોનમાં 13 એકમ, મધ્ય ઝોનમાં 20 એકમ, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 8 એકમ અને દક્ષિણ ઝોનમાં 15 એકમમાં બ્રીડિંગ મળી આવ્યા હતા.

કોર્પોરેશન દ્વારા નોટિસ અને દંડ ફટકારાયેલા મુખ્ય એકમોમાં નવરંગપુરા સ્થિત સેપ્ટ યુનિવર્સિટી, ગોતા સ્થિત કાગો મોટર્સ પ્રાઈવેટ લિમિટેડ, ઈન્ડિયા કોલોનીમાં અદાણી સાઈટ/રમેશ રીયલ ઈન્ફ્રા, ચાંદલોડિયા સ્થિત એરિસ્ટો અવીરા સાઈટ, નવરંગપુરામાં સન એવેન્યુ કોમ્પ્લેક્સ અને એલ. એમ. ફાર્મસી કોલેજનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સ્ટેડિયમ વિસ્તારમાં ગાંધીઆશ્રમ એન્ટ્રન્સ ગેટ બાંધકામ અને ગાંધીઆશ્રમ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ બાંધકામ સાઈટ પર પણ દંડાત્મક કામગીરી કરાઈ છે.

તપાસ દરમિયાન કોમર્શિયલ, કન્સ્ટ્રક્શન અને અન્ય એકમોમાં ટેરેસ પર રાખેલા ભંગારમાં વરસાદી પાણી ભરાવાથી, ફૂલ-છોડના કુંડામાં, ઓવરહેડ તથા અંડરગ્રાઉન્ડ ટાંકીમાં, સ્ક્રેપ મટીરીયલ્સમાં, કમ્પાઉન્ડમાં પડેલી બાલદીઓ, ટાયરો, ખુલ્લી ટાંકીઓ અને ભંગારમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા છે.

કોર્પોરેશનના હેલ્થ વિભાગના જણાવ્યાનુસાર, મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા ફોગીંગ, જંતુનાશક દવાનો છંટકાવ અને પોરા ચેકિંગ માટે અધિકૃત એજન્સીઓની મદદ લઈ શકાય છે. શહેરની જાહેર જનતાને પણ અપીલ કરવામાં આવી છે કે પોતાના રહેણાંક કે ધંધાકીય વિસ્તારમાં વરસાદી કે અન્ય પાણી ભરાઈ રહેતું હોય તેવા પાત્રોને અઠવાડિયામાં એક વાર ખાલી કરી સૂકવવા અથવા તેવા પાત્રોનો નાશ કરવો. જરૂરી માહિતી અને જાગૃતિ કાર્યક્રમો યોજવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગના અધિકારીઓનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

શહેરમાં મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિ વચ્ચે ડેન્ગ્યુના કેસોમાં સપ્ટેમ્બરમાં વધારો નોંધાયો છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ ઓગસ્ટ 2026માં ડેન્ગ્યુના 361 કેસ નોંધાયા હતા, જ્યારે સપ્ટેમ્બરના પ્રથમ 20 દિવસમાં જ 496 કેસ નોંધાઈ ચૂક્યા છે. એટલે કે સપ્ટેમ્બરનો મહિનો પૂરો થાય તે પહેલાં જ ઓગસ્ટ કરતાં 135 વધુ કેસ નોંધાયા છે. જાન્યુઆરીથી 20 સપ્ટેમ્બર 2026 સુધીમાં શહેરમાં ડેન્ગ્યુના કુલ 1,084 કેસ નોંધાયા છે. આ ઉપરાંત આ સમયગાળામાં મેલેરિયાના 386, ચિકનગુનિયાના 14 અને ફાઈલેરિયાના 69 કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના આંકડામાં દર્શાવવામાં આવ્યું છે.

સપ્ટેમ્બરમાં ડેન્ગ્યુનો પંજો: 20 દિવસમાં જ ઓગસ્ટ કરતાં વધુ કેસ

1. **ડેન્ગ્યુના કેસમાં ઉછાળો:** ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના 361 કેસ નોંધાયા હતા, જેની સામે સપ્ટેમ્બરના પ્રથમ 20 દિવસમાં જ 496 કેસ નોંધાઈ ચૂક્યા છે.
2. **વર્ષ 2026 નો કુલ આંકડો:** જાન્યુઆરીથી 20 સપ્ટેમ્બર સુધીમાં અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુના કુલ 1,084 દર્દીઓ નોંધાયા છે.
3. **અન્ય મચ્છરજન્ય રોગો:** આ જ સમયગાળા દરમિયાન શહેરમાં મલેરિયાના 386, ફાઈલેરિયાના 69 અને ચિકનગુનિયાના 14 કેસ સરકારી ચોપડે નોંધાયા છે.
4. **જનતાને અપીલ:** અઠવાડિયામાં એક વાર પાણી ભરાતા પાત્રો ખાલી કરી સૂકવવા અથવા તેનો નાશ કરવા AMC હેલ્થ વિભાગે અનુરોધ કર્યો છે.

વેજલપુરમાંથી ગોલ્ડી બરાર ગેંગનો શૂટર 'આરિફ પિસ્તોલ' ઝડપાયો, અમદાવાદ-દિલ્હી પોલીસનું સંયુક્ત ઓપરેશન!

અમદાવાદ, તા.24

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપ(SOG) અને દિલ્હી પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન પાર પાડીને વેજલપુર વિસ્તારમાંથી કુખ્યાત ગોલ્ડી બરાર ગેંગના મહત્ત્વના ઓપરેટિવ આરિફ ઉર્ફે 'પિસ્તોલ'ની અટકાયત કરી છે. આરિફ સામે હત્યાનો પ્રયાસ, ગેરકાયદે ફાયરિંગ અને ખંડણી વસૂલવા સહિત 11થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ગત મોડી રાતે હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં આ હાઈ-પ્રોફાઈલ શૂટર આખરે પોલીસના સકંજામાં સપડાયો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટસ્ફોટ થયો છે કે આરિફ આંતરરાષ્ટ્રીય ગુનાઈત સિન્ડિકેટ માટે એક મુખ્ય ઓપરેશનલ કડી તરીકે કાર્યરત હતો. તે ગોલ્ડી બરાર વતી દુબઈથી વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ધમકીભર્યા કોલ કરવા તથા મોટા પાયે ખંડણીનું રેકેટ ચલાવવામાં સક્રિય ભૂમિકા ભજવતો હતો.

પોલીસ અને સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે આરિફ વારંવાર રહેઠાણના સ્થળો બદલતો હતો અને પોતાની સાચી ઓળખ છુપાવીને આશ્રય લેતો હતો. તેમ છતાં, સ્પેશિયલ ટીમો દ્વારા સતત ટ્રેકિંગ કરીને તેને દબોચી લેવામાં આવ્યો છે. હાલમાં પોલીસ દ્વારા આરિફની પૂછપરછ કરવામાં આવી રહી છે, જેથી તેના સાગરીતો, આશ્રયદાતાઓ અને નાણાકીય લેવડ-દેવડના નેટવર્કનો પર્દાફાશ કરી શકાય.

'મલેરિયા મુક્ત અમદાવાદ'ના દાવાઓ વચ્ચે LG હોસ્પિટલમાં જ મચ્છરોનો ત્રાસ! ગંદી બેડશીટ અને ગંદકીથી દર્દીઓ ત્રાહિમામ

અમદાવાદ, તા.24

અમદાવાદમાં મચ્છરજન્ય રોગો સામે 'મલેરિયા મુક્ત અમદાવાદ' સહિતની ઝુંબેશ અને મચ્છર નિયંત્રણની કામગીરી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) સંચાલિત એલજી હોસ્પિટલમાં જ મચ્છરોનો ઉપદ્રવ જોવા મળ્યું છે. હોસ્પિટલના જૂના બિલ્ડિંગના ગાયનેકોલોજી વોર્ડ સહિત અન્ય બે વોર્ડમાં રાત્રિના સમયે ગંદકી, મચ્છરો અને ગંદી બેડશીટ જોવા મળી છે. સારવાર માટે આવતા દર્દીઓ અને ખાસ કરીને મહિલાઓના વોર્ડમાં આવી સ્થિતિ જોતાં હોસ્પિટલની સ્વચ્છતા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાજેશ ટી. સોનીએ એલજી હોસ્પિટલની રાત્રિના સમયે અચાનક મુલાકાત લીધી હતી. આ દરમિયાન જૂની એલજી હોસ્પિટલના ગાયનેકોલોજી વોર્ડ ઉપરાંત અન્ય બે વોર્ડમાં મચ્છરોનો ઉપદ્રવ અને અસ્વચ્છતા જોવા મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વોર્ડમાં ગંદી બેડશીટ હોવાની પણ ફરિયાદ કરવામાં આવી છે.

તેમના જણાવ્યા મુજબ, દર્દીઓ સારવાર માટે હોસ્પિટલમાં આવે છે ત્યારે હોસ્પિટલના વોર્ડમાં જ મચ્છરોનો ત્રાસ હોય તે ગંભીર બાબત છે. ખાસ કરીને ગાયનેકોલોજી વોર્ડમાં સારવાર લઈ રહેલી મહિલાઓને સ્વચ્છ અને મચ્છરમુક્ત વાતાવરણ મળવું જોઈએ તેવી માગ કરવામાં આવી છે.

કોંગ્રેસ સમિતિના મહામંત્રીએ જણાવ્યું કે, કોર્પોરેશન શહેરમાં સ્વચ્છતા અને મચ્છર નિયંત્રણની વાત કરે છે, પરંતુ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલમાં જ જો ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ હોય તો જવાબદાર અધિકારીઓ અને સફાઈ એજન્સી સામે જવાબદારી નક્કી કરવી જોઈએ. તેમણે હોસ્પિટલમાં નિયમિત સફાઈ, સ્વચ્છ બેડશીટ અને મચ્છર નિયંત્રણ માટે નિયમિત પેસ્ટ કંટ્રોલ અને ફોગિંગની વ્યવસ્થા વધુ અસરકારક બનાવવાની માગ કરી છે.

બીજી તરફ LG હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં દરરોજ સફાઈ કરવામાં આવે છે અને વોર્ડની બહાર ફોગિંગ પણ કરવામાં આવે છે. હોસ્પિટલની બાજુમાં નવા બિલ્ડિંગનું બાંધકામ ચાલી રહ્યું હોવાથી ત્યાંથી મચ્છરોનો ઉપદ્રવ થતો હોવાનું હોસ્પિટલ તંત્રનું કહેવું છે. વોર્ડ પાસે કચરાપેટી રાખવામાં આવી છે, પરંતુ કેટલાક લોકો તેનો ઉપયોગ કરવાને બદલે બહાર કચરો ફેંકે છે. આ કચરો પણ મચ્છરોના ઉપદ્રવનું એક કારણ બની શકે છે.

મચ્છરોના બ્રીડિંગ કે અસ્વચ્છતા બદલ અન્ય બાંધકામ સાઈટો અને એકમો સામે કોર્પોરેશન દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે કોર્પોરેશનની પોતાની હોસ્પિટલની બાજુમાં ચાલી રહેલા બાંધકામને કારણે મચ્છરોનો ઉપદ્રવ થતો હોવાનું હોસ્પિટલ તંત્ર જ કહી રહ્યું હોય તો આ સાઈટ સામે શું કાર્યવાહી કરવામાં આવશે તે સવાલ હવે ચર્ચામાં છે.

શાહપુરમાં 8 વર્ષીય બાળકી સાથે પાડોશીએ ધાબા પર લઈ જઈ અડપલા કર્યા, પોક્સો હેઠળ ગુનો દાખલ

અમદાવાદ, તા.24

અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતી આઠ વર્ષીય બાળકીને ખાણીપીણીની લાલચ આપી પોળના ધાબા પર લઈ જઈ અડપલા કરવામાં આવ્યા હોવાની શરમજનક ઘટના સામે આવી છે. પોળમાં જ રહેતા એક શખસે બાળકી સાથે છેલ્લા ચાર-પાંચ દિવસથી આ પ્રકારનું કૃત્ય આચર્યું હોવાનો ઘટસ્ફોટ થતાં પરિવારે શાહપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે પોક્સો સહિતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, શાહપુર વિસ્તારમાં 8 વર્ષીય બાળકી તેના પરિવાર સાથે રહે છે. 23મી સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે પોળમાં ગણેશ આરતી હોવાથી બાળકી આરતીમાં ગઈ હતી. જ્યારે બાળકી ઘરે પરત આવી ત્યારે તેના કપડાં અસ્તવ્યસ્ત હતા અને તેના હાથમાં નાસ્તાના પડીકાં તથા પીણું હતું. માતાએ શંકા જતાં બાળકીને પૂછપરછ કરી હતી, જેમાં બાળકીએ જણાવ્યું હતું કે પોળમાં જ રહેતા શખસે તેને આ વસ્તુઓ અપાવી છે.

માતાએ બાળકીને વધુ વિશ્વાસમાં લઈને પૂછતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપી છેલ્લા ચાર-પાંચ દિવસથી સાંજના સમયે દુકાનેથી પડીકાં લઈ આપવાનું કહી બાળકીને પોળના ધાબા પર લઈ જતો હતો અને ત્યાં લઈ જઈને બાળકી સાથે અડપલા કરતો હતો. બનાવ અંગે બાળકીની માતાએ પરિવારજનોને જાણ કરી શાહપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં મહિલા PI જ બની દહેજના દૂષણનો ભોગ, પતિ અકુદરતી સંબંધો માટે ક્રૂર વર્તન કરતો, સાસુ-નણંદ માનસિક ત્રાસ આપતા

અમદાવાદ, તા.24

દેહજનું દૂષણ હજુ પણ સમાજમાં ધીમા ઝેરની જેમ ફેલાયેલું છે. આ કુરિવાજોથી બચાવતી મહિલા પોલીસ જ હવે તેનો શિકાર બની છે. અમદાવાદમાં છેલ્લા 8 વર્ષથી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા 31 વર્ષીય મહિલા PIએ પોતાના સાસરિયાઓ વિરુદ્ધ મહિલા પોલીસ મથકમાં ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી છે. વર્ષ 2023માં તેમના લગ્ન થયા બાદ બીજા જ દિવસથી સાસુ, સસરા, નણંદ અને પતિ દ્વારા દહેજ માટે ત્રાસ અપાતો હોવાનો દાવો કર્યો છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેમનો પતિ રોજ દારૂનું સેવન કરતો હતો અને સામાન્ય શારીરિક સંબંધ બાંધવા સક્ષમ ન હોવાથી બળજબરીથી અકુદરતી સંબંધો માટે દબાણ કરતો હતો. જ્યારે તે નિષ્ફળ જતો ત્યારે પત્ની સાથે મારઝૂડ કરી અત્યંત ક્રૂર વર્તન કરતો હતો.

ઘરની સંપૂર્ણ આર્થિક જવાબદારીઓ મહિલા અધિકારી પોતે જ નિભાવતા હતા છતાં તેમને માનસિક શાંતિ ન હતી. નોકરીના કારણે તેમણે રસોઈ માટે એક બહેન રાખ્યા હતા, પરંતુ સાસુએ ઝઘડો કરીને તેમને કાઢી મૂક્યા હતા અને PIની ગેરહાજરીમાં તિજોરીનો સામાન પણ વેરવિખેર કરી નાખતા હતા.

નણંદ બેંક ક્લાર્ક હોવાથી પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી PIની જાણ બહાર તેમના બેંક એકાઉન્ટની માહિતી મેળવતી હતી. આ ઉપરાંત, વીમા પોલિસીમાં પિતાનું નામ દાખલ કરાવવા બાબતે પણ પતિ દ્વારા ઝઘડો કરવામાં આવતો હતો અને પત્ની પર નોકરી છોડી દેવા માટે સતત માનસિક દબાણ કરવામાં આવતું હતું.

આટલું ઓછું હોય તેમ પતિએ એક વખત 6 થી 7 લાખ રૂપિયા લાવવા માટે દબાણ કરી છૂટાછેડાની ધમકીઓ આપી હતી. આશરે 1.5 વર્ષ પહેલાં પતિ રાજસ્થાન જવા નીકળ્યો હતો અને ત્યાંથી યુપીમાં કોઈ મિત્રના લગ્નમાં જવાનું કહીને ગયો તે પછી ક્યારેય ઘરે પાછો ફર્યો ન હતો. પતિએ દૂર રહીને પણ મકાન માલિકને ઉશ્કેર્યા હતા, પરિણામે મહિલા PIએ ભાડાનું મકાન પણ ખાલી કરવું પડ્યું હતું. સાસરિયાઓ અને પતિના આ તમામ અત્યાચારોથી કંટાળીને આખરે મહિલા અધિકારીએ કાયદાકીય પગલાં ભર્યા છે અને મહિલા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગોમતીપુરમાં ટ્રાફિક પોલીસે રસ્તા વચ્ચે રિક્ષાને ચાદરથી કવર કરી મહિલાની ડિલિવરી કરાવી, માતા અને શિશુ સુરક્ષિત

અમદાવાદ, તા.24

અમદાવાદના ગોમતીપુર સુખરામનગર ચાર રસ્તા નજીક 22મી સપ્ટેમ્બરના રોજ ટ્રાફિક પોલીસની સંવેદનશીલતા અને સમયસૂચકતાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. માતા સાથે રિક્ષામાં મુસાફરી કરી રહેલી ગર્ભવતી મહિલાને અચાનક અસહ્ય પ્રસૂતિ પીડા ઊપડતાં ટ્રાફિક પોલીસે સ્થળ પર જ રિક્ષામાં ચાદરનો પડદો બાંધી 108ની મદદથી સુરક્ષિત પ્રસૂતિ કરાવી માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો હતો.

સુખરામનગર ચાર રસ્તા પાસે ટ્રાફિક નિયમન કરી રહેલા એચ ડિવિઝન ટ્રાફિક પોલીસના સ્ટાફનું ધ્યાન અચાનક એક રિક્ષા તરફ ગયું હતું, જેમાં સવાર મહિલા પ્રસૂતિ પીડાથી પીડાઈ રહી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મહિલા પોલીસ કોન્સ્ટેબલે વિલંબ કર્યા વિના તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને કોલ કર્યો હતો. 108ની ટીમ સ્થળ પર પહોંચી તપાસ કરતાં જણાવ્યું હતું કે હોસ્પિટલ પહોંચવા જેટલો સમય નથી અને રસ્તામાં જ તાત્કાલિક ડિલિવરી કરાવવી જરૂરી છે. તબીબી સ્ટાફના નિર્ણય બાદ ટ્રાફિક કર્મચારીઓએ માનવતાભર્યું વલણ દાખવી જાહેર માર્ગ પર જ રિક્ષાની આસપાસ ચાદર લગાવીને સુરક્ષિત કવચ ઊભું કર્યું હતું.

જીવરાજપાર્ક વિસ્તારની વૃદ્ધા સાથે ₹12 લાખની છેતરપિંડી, રોકડા અને દાગીના પડાવનારા દંપતી તથા પુત્ર સામે ફરિયાદ

અમદાવાદ, તા.24

અમદાવાદના જીવરાજપાર્ક વિસ્તારમાં રહેતા અને ટ્યુશન કરાવતી 60 વર્ષીય શિક્ષિકા સાથે ફેસબુક ફ્રેન્ડશિપના બહાને લાખો રૂપિયા અને સોનાના દાગીના હડપ કરી છેતરપિંડી આચરવાની ઘટના સામે આવી છે. દીકરીની કોલેજ ફી, ધંધામાં મદદ અને GSTના પ્રોબ્લેમ જેવાં બહાનાં બતાવીને 12.62 લાખ રૂપિયાથી વધુની રકમ તથા સોનાના આભૂષણો પડાવી લઈ પરત ન આપતાં પીડિત મહિલાએ આરોપી મહિલા, તેના પતિ અને પુત્ર સામે પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, જીવરાજપાર્કમાં રહેતી શિક્ષિકા કેયુરીબહેન શાહને પાંચ વર્ષ અગાઉ ફેસબુક માધ્યમથી તેજલબહેન ગજ્જર સાથે ઓળખાણ થઈ હતી. તેજલબહેન ડ્રેસ મટીરિયલનો વેપાર કરતા હોવાથી શરૂઆતમાં ખરીદી અંગે વાતચીત થતી હતી જે બાદમાં મિત્રતામાં ફેરવાઈ હતી. ઓગસ્ટ

2022માં તેજલબહેને દીકરીની કોલેજ ફી માટે મદદ માગતાં કેયુરીબહેને ચેક મારફતે 1 લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ 2023માં ધંધા માટે ફરી મદદ માગતાં કેયુરીબહેને પોતાની LIC પોલિસી પર 4.50 લાખ રૂપિયાની લોન કરાવીને રકમ તેજલબહેનના ખાતામાં જમા કરાવી હતી. આ લોનના હપ્તા પણ બાદમાં કેયુરીબહેને જ ભરવા પડ્યા હતા. આ ઉપરાંત ઓનલાઈન ટ્રાન્સફર મારફતે પણ લાખો રૂપિયા મેળવવામાં આવ્યા હતા.

ઓગસ્ટ 2023 બાદ તેજલબહેન અને તેના પતિ હેમંતે ધંધા માટે વધુ નાણાંની જરૂર હોવાનું કહી 2-3 મહિના માટે કેયુરીબહેન તથા તેની દીકરીના સોનાના દાગીના માગ્યા હતા. કેયુરીબહેને ગોલ્ડ સેટ, હાર-બુટી અને હીરાકંઠી સહિત 149.32 ગ્રામ વજનના 7 લાખ રૂપિયાના દાગીના આપ્યા હતા. જેના પર તેજલબહેન અને તેના પતિએ બેન્કમાંથી 6.58 લાખ રૂપિયાની લોન લીધી હતી.

વર્ષ 2022થી વર્ષ 2024 દરમિયાન તેજલબહેન અને તેના પતિ હેમંતે ટુકડે-ટુકડે કુલ 12.62,587 રૂપિયાની રકમ અને સોનાના દાગીના મેળવ્યા હતા. મુદત પૂરી થતાં કેયુરીબહેને પોતાના નાણાં અને દાગીના પરત માગતાં આરોપીઓએ યોગ્ય જવાબ આપ્યો ન હતો અને બાદમાં પોતાના ફોન નંબર બદલી કેયુરીબહેનનો નંબર બ્લોક કરી દીધો હતો. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં કેયુરીપહેને તેજલબેન ગજ્જર, તેના પતિ હેમંત ગજ્જર અને પુત્ર મીત ગજ્જર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599